અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'ડોન્ટ બી શાય'ના સ્ક્રીનિંગમાં આલિયા ભટ્ટનો ક્યુટ અંદાજ; 'લવ એન્ડ....





પેજ-09

વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ પહેલાં શુભમન ગિલ ઈજાગ્રસ્ત....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 25.00 |
| વડોદરા | 33.00 | 25 .00 |
| સુરત | 32.00 | 25.00 |


પેજ 5






નિફ્ટીના ઘટાડાએ 6 વર્ષનો રેકોર્ડ તોડ્યો....



27 SEPTEMBER-2026 SUNDAY



જિનપિંગને જતા-જતા ટ્રમ્પે આપી ચેતવણી, ચીન-અમેરિકા વચ્ચે 3 દિવસમાં....





પેજ 10


**.....સુવિચાર.....**

દરેક સવાર એક સંદેશ લઈને આવે છે, શું થઇ ગયું તે યાદ કરવા કરતાં શું થઇ શકે છે તે જીવનનો રસ્તો બની શકે છે.


વર્ષ-15 । અંક-313 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# યુપીમાં ૧૩ લોકોનાં મોત, છત્તીસગઢમાં નદીઓમાં પૂર

## બંગાળની ખાડીમાં સર્જાયેલા વિનાશક ચક્રવાત અર્નબના કારણે દેશના ચૌદ જેટલા રાજ્યોમાં ભારે વરસાદ અને પૂરની ગંભીર પરિસ્થિતિ સર્જાઇ

(એજન્સી) ઉત્તર પ્રદેશ । તા. 26

બંગાળની ખાડીમાં સર્જાયેલું 'ચક્રવાત અર્નબ' ભલે હવે નબળું પડ્યું હોય, પરંતુ તે અનેક રાજ્યોમાં ભારે વરસાદ લાવી રહ્યું છે. ઉત્તર પ્રદેશ અને બિહાર સહિતના રાજ્યોમાં ભારે વરસાદ નોંધાયો છે અને કુલ ૧૪ રાજ્યો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ હવામાનની સૌથી વધુ અસર છત્તીસગઢમાં જોવા મળી રહી છે. 'ચક્રવાત અર્નબ' ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત આઠ રાજ્યોમાં ભારે વરસાદ લાવી રહ્યું છે. બંગાળની ખાડી પર રચાયેલી હવામાન પ્રણાલી હવે દક્ષિણ છત્તીસગઢથી ઉત્તર-પૂર્વ દિશા તરફ આગળ વધી રહી છે. પરિણામે, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિત ૧૪ રાજ્યો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં છત્તીસગઢ સૌથી ગંભીર અસરનો સામનો કરી રહ્યું છે.

### ચક્રવાત અર્નબથી ભારે તબાહી અને જોખમ

### ભારે વરસાદ અને પૂરથી અનેક રાજ્યો પ્રભાવિત

ચક્રવાત 'અર્નબ' ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત આઠ રાજ્યોમાં ભારે વરસાદ લાવી રહ્યું છે. બંગાળની ખાડી પર રચાયેલી હવામાન પ્રણાલી હવે દક્ષિણ છત્તીસગઢથી ઉત્તર-પૂર્વ દિશા તરફ આગળ વધી રહી છે. પરિણામે, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિત ૧૪ રાજ્યો માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં છત્તીસગઢ સૌથી વધુ પ્રભાવિત થયું છે.



### ઉત્તર પ્રદેશના અનેક શહેરોમાં લગભગ ૪૮ કલાકથી સતત વરસાદ

ઉત્તર પ્રદેશના અનેક શહેરોમાં લગભગ ૪૮ કલાકથી સતત વરસાદ પડી રહ્યો છે અને સાથે ૪૦-૫૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. વિવિધ ઘટનાઓમાં ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૩૨ જિલ્લાઓ પૂરના જોખમનો સામનો કરી રહ્યા છે. દરમિયાન, બિહારના ૧૯ જિલ્લાઓ માટે 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.છત્તીસગઢના બસ્તર વિસ્તારમાં નાની-મોટી તમામ નદીઓ અને નાળાઓમાં પૂરની સ્થિતિ છે. પૂરના પાણી રસ્તાઓ અને ખેતરોમાં ફરી વળ્યા છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા છે. ભારે વરસાદ અને પૂરને કારણે બસ્તરમાં જનજીવન ખોરવાઈ ગયું છે.

### જગદલપુરમાં ઈન્દ્રાવતી નદીનું રૌદ્ર સ્વરૂપ

જગદલપુરમાં ઈન્દ્રાવતી નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે; જૂના પુલ પાસે પાણીનું સ્તર જોખમની સપાટીથી ઉપર પહોંચી ગયું છે. નદીના કિનારે આવેલા વિસ્તારોમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. લાલબાગ, ડોંગાઘાટ અને શ્યામા પ્રસાદ મુખર્જી વોર્ડ જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પરિસ્થિતિ એટલી વણસી ગઈ છે કે લોકો બાળકો અને વૃદ્ધોને તેમના ઘરોમાંથી સુરક્ષિત સ્થળોએ ખસેડી રહ્યા છે.

### રાજધાની રાયપુરમાં નદીઓ નાળાઓ છલકાયા

રાજધાની રાયપુરમાં પણ સતત વરસાદને કારણે નદીઓ અને નાળાઓ છલકાઈ રહ્યા છે. મહાદેવઘાટ ખાતે ખારુન નદી પરનો પુલ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં પડેલા ભારે વરસાદને કારણે નદીના જળસ્તરમાં ઝડપથી વધારો થયો છે અને પુલની આસપાસ પાણી ભરાઈ જવાથી લોકોની અવરજવરમાં અવરોધ ઊભો થયો છે. ગરિયાબંધમાં છેલ્લા એક દિવસમાં થયેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થયું છે; જિલ્લાની ત્રણ મુખ્ય નદીઓ–પૈરી, સૌંદર અને મહાનદી–ના જળસ્તરમાં સતત વધારો થઈ રહ્યો છે, જ્યારે નાની નદીઓ અને નાળાઓ પણ ગાંડાતૂર બન્યા છે.સુકમાના કોંટા વિસ્તારમાં શબરી નદીનું જળસ્તર ઝડપથી વધી રહ્યું છે અને તે ચેતવણીના સ્તર (વોર્નિંગ માર્ક) સુધી પહોંચી ગયું છે.

### વરસાદના કહેરથી 'રેડ એલર્ટ'

## ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા સ્થગિત

(એજન્સી) દહેરાદૂન । તા. 26

પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિને કારણે ઉત્તરાખંડમાં ચાર ધામ યાત્રા આગામી બે દિવસ માટે સ્થગિત કરવામાં આવી છે. અહેવાલો અનુસાર, હવામાન કેન્દ્ર દ્વારા જારી કરાયેલ 'રેડ એલર્ટ' અને ખરાબ હવામાનની આગાહીને ધ્યાનમાં રાખીને યાત્રા કામચલાઉ ધોરણે અટકાવવામાં આવી છે. યાત્રાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, 26 સપ્ટેમ્બરની બપોરથી 27 સપ્ટેમ્બર સુધી યાત્રા સ્થગિત રહેશે.

ચાર ધામ યાત્રા વ્યવસ્થાપન અને નિયંત્રણ સંસ્થા (ચાર ધામ યાત્રા ટ્રાન્ઝિટ કેમ્પ, ઋષિકેશ) એ ગઢવાલ વિભાગના તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને આ બાબતે જરૂરી માર્ગદર્શિકા જારી કરી છે. આદેશોમાં જણાવવામાં આવ્યું છે કે હવામાન કેન્દ્ર અને ઉત્તરાખંડ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પાસેથી મળેલી માહિતી અને આગાહીઓના આધારે રાજ્યમાં 'રેડ એલર્ટ'ની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## ભારતનું અર્થતંત્ર લગાવશે લાંબી છલાંગ!, 10%થી વધુ ગ્રોથનો નાણામંત્રીએ કર્યો દાવો



(એજન્સી) નવી દિલ્હી । તા. 26

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે ભારતની અર્થવ્યવસ્થાને લઈને મોટો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે ભારત 10%થી વધુ આર્થિક વિકાસ દર હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. આ માટે ટેક્નોલોજી, ઈનોવેશન અને અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોમાં નવી ટેકનોલોજીને ઝડપથી અપનાવવી જરૂરી રહેશે. સીતારામણે કહ્યું કે, ભારતની આર્થિક ક્ષમતા વધારવામાં ટેક્નોલોજી અને ઈનોવેશનની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. તેમણે 2015 પછી દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિસ્તારનો પણ ઉલ્લેખ કર્યો. તેમના મતે, નવી ટેકનોલોજીનો ઉપયોગ માત્ર IT ક્ષેત્ર પૂરતો સીમિત ન રહેવો જોઈએ, પરંતુ કૃષિ સહિતના અન્ય ક્ષેત્રોમાં પણ તેનો વિસ્તાર થવો જોઈએ. નાણાં મંત્રીએ કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીના ઉપયોગને પણ અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યો. આધુનિક ટેકનોલોજી દ્વારા ખેતીની ઉત્પાદકતા વધારવા અને ખેડૂતોની આવક સંબંધિત તકો સુધારવાની ક્ષમતા રહેલી છે. આનાથી અર્થતંત્રના મોટા હિસ્સાને વિકાસની પ્રક્રિયા સાથે જોડવામાં મદદ મળી શકે છે. સરકારના ફેબ્રુઆરી 2026ના આંકડા મુજબ, નાણાકીય વર્ષ 2025-26માં ભારતનો વાસ્તવિક GDP ગ્રોથ 7.4% રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો.

### ચૂંટણી પંચનું સ્પષ્ટ નિવેદન

## 'SIR અંગેનો નિર્ણય સર્વસંમતિથી લેવાયો હતો'


(એજન્સી) નવી દિલ્હી । તા. 26

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને અન્ય બે ચૂંટણી કમિશનરો વચ્ચે મતભેદ હોવાના અહેવાલો વચ્ચે, ચૂંટણી પંચે શનિવારે એક વિશેષ બેઠક યોજી હતી. બેઠક બાદ, પંચે એક પ્રેસ રિલીઝ બહાર પાડીને સ્પષ્ટ કર્યું હતું કે SIR (સ્ટેટ ઈન્ફોર્મેશન રિપોર્ટ) અંગેના તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા. CEC જ્ઞાશ કુમાર અને બે ચૂંટણી કમિશનરો વચ્ચે મતભેદના અહેવાલો વચ્ચે, શનિવારે ચૂંટણી પંચની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં CEC જ્ઞાશ કુમાર અને બંને ચૂંટણી કમિશનરો હાજર રહ્યા હતા. ત્યારબાદ, ચૂંટણી પંચે પ્રેસ રિલીઝ દ્વારા સ્પષ્ટતા કરી હતી કે પશ્ચિમ બંગાળ અને બિહાર જેવા રાજ્યોમાં SIR સંબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, એક અંગ્રેજી અખબારના તાજેતરના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે બે ચૂંટણી કમિશનરોએ બિહાર જેવા રાજ્યોમાં SIR સહિતના વિવિધ મુદ્દાઓ પર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા લેવાયેલા નિર્ણયો સામે અસંમતિ વ્યક્ત કરી હતી. ત્યારથી, વિપક્ષ સતત મુખ્ય ચૂંટણી કમિશનરને નિશાન બનાવી રહ્યું છે.




# મહારાષ્ટ્રમાં દુષ્કાળ જાહેર કર્યો, તો ગુજરાતના ખેડૂતો સાથે અન્યાય કેમ? : ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ઉત્તર ગુજરાત તેમજ કચ્છ સહિતના કેટલાક તાલુકાઓમાં પરિસ્થિતિ ગંભીર છે, પરંતુ ખબર નહીં કેમ આ અહંકારી સરકારને દુષ્કાળ જાહેર કરવામાં હજી પણ પેટમાં દુખે છે. મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં તમારી જ સરકાર છે, જ્યાં ખેડૂતોના ડરથી અને ચૂંટણીમાં મત નહીં મળે તેવી બીકે તમે દુષ્કાળ જાહેર કરવા મજબૂર બન્યા, જ્યારે ગુજરાતના ખેડૂતો સતત હેરાન થઈ રહ્યા છે. આજે અમે ગામડે ગામડે જઈને સેંકડો ફોર્મ ભરાવ્યા છે. લોકો રાહ જોઈ રહ્યા છે કે સરકાર તેમને સહાય આપે, પરંતુ આ અહંકારી અને ઘમંડી સરકારના પેટનું પાણી પણ હલતું નથી. ખેડૂતોના જખમ પર તેલ રેડાતું હોય તેવી હાલત છે. સરકાર એમ માને છે કે થોડો-ઘણો વરસાદ પડવાથી મગફળી સહિતનો પાક થઈ જશે, પરંતુ વાસ્તવિકતા એ છે કે મગફળીના છોડ સુકાઈ ગયા છે અને હવે પાક થવાની કોઈ જ શક્યતા નથી. હા, કદાચ ઘાસચારાની થોડી વ્યવસ્થા થઈ શકે.ઈસુદાન ગઢવીએ જણાવ્યુ



હતુ કે હું આજે મુખ્યમંત્રીને હાથ જોડીને વિનંતી કરું છું કે તુરંત જ ગુજરાતના અછતગ્રસ્ત વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કરો, ખેડૂતોને સહાય આપો અને પૂરતા ઘાસચારાની વ્યવસ્થા કરો. આ ઉપરાંત ખેતરમાં કામ કરતા ભાગિયાઓ, શ્રમિકો અને મજૂરો માટે પણ તાત્કાલિક રાહત કાર્યો શરૂ કરવામાં આવે તેવી મારી અવારનવાર માંગ છે. જ્યારે ઉદ્યોગપતિઓને સહાય આપવાની હોય ત્યારે તમારે કોઈને પૂછવું નથી પડતું અને કેબિનેટ તુરંત નિર્ણય લે છે, તો ખેડૂતો, ભાગિયાઓ અને શ્રમિકોની વાત આવે ત્યારે કેબિનેટ કેમ કામ નથી કરતી? ભાજપના અછતગ્રસ્ત વિસ્તારના ધારાસભ્યો અને સાંસદો પણ પ્રેશર બનાવવામાં નબળા પડ્યા છે. જો તમે સરકાર પર દબાણ ન લાવી શકતા હોવ તો તમારે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ અને રાજીનામાં આપી દેવા જોઈએ. મુખ્યમંત્રી ભલે ઉદ્યોગપતિ હોય અને તેમને ખેડૂતો કે ખેતીની ખબર ન પડતી હોય, પણ તમારું કામ તેમને વાકેફ કરવાનું છે. જો સરકાર તુરંત નિર્ણય નહીં લે, તો આગામી સમયમાં આમ આદમી પાર્ટી આ માંગ સાથે આંદોલનનો બીજો અને ત્રીજો તબક્કો શરૂ કરશે.

# AMC ને પ્લોટ વેચીને હજારો કરોડની આવક થાય છે છતાં અમદાવાદમાં વિકાસ અને સુવિધાઓનો અભાવ કેમ?: ગૌરી દેસાઈ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈએ આજે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, AMC એસપી રીંગ રોડના ખાલી પ્લોટોને વેચવામાં આવે છે અને AMCની તિજોરીને ભરવામાં આવે છે. અગાઉ દસ પ્લોટો વેચીને AMCની તિજોરીમાં અંદાજે 1000 કરોડ રૂપિયા આવ્યા હતા અને હવે અને હવે ફરીથી 11 પ્લોટો AMC પાસે આવ્યા છે અને એને વેચીને 1500 કરોડ AMC ની તિજોરીમાં આવવાના છે. અમદાવાદના લોકોના મનમાં વિચાર આવે છે કે કરોડો રૂપિયા AMC ની તિજોરીમાં આવે છે છતાં પણ વ્યવસ્થાના નામે શૂન્ય છે, વિકાસના નામે કોર્પોરેશન શૂન્ય છે, તો આ કરોડ રૂપિયા જાય છે ક્યાં? હકીકતમાં ઉપરથી એવી ભ્રષ્ટ સિસ્ટમ બનાવી દેવામાં આવી છે, જેમાં જનતા માટે નહીં પરંતુ ભાજપના નેતાઓના ઉપયોગમાં આ રૂપિયા લેવાતા હોય એવું ક્યાંક ને ક્યાંક



દેખાઈ રહ્યું છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, હમણાં ચોમાસાની સિઝનમાં આપણે જોયું કે એક વરસાદ આવે તો અમદાવાદના રસ્તાઓ ધોવાઈ જાય છે, અમદાવાદ સ્વિમિંગ પૂલ જેવું બની જાય છે. જો અમદાવાદ કોર્પોરેશન પાસે આટલા બધા રૂપિયા હોય તો એ રૂપિયા અમદાવાદના વિકાસ માટે ખર્ચ કરવા જોઈએ. પરંતુ આ રૂપિયાનો ઉપયોગ ક્યાં થઈ રહ્યો છે, એ કોર્પોરેશન અને ભાજપના લોકો જાણે છે, કારણ કે રાજ્યમાં અને કોર્પોરેશનમાં ભાજપની સત્તા છે. આટલા રૂપિયા હોવા છતાં અમદાવાદના લોકોને ન સારા રોડ મળ્યા, ન સારી શિક્ષણ વ્યવસ્થા મળી, ન સારી આરોગ્ય વ્યવસ્થા મળી. આટલી બધી સમસ્યાઓ હોવા છતાં પણ કોર્પોરેશનમાં બેઠેલા લોકો એમ નથી વિચારતા કે લોકોના વિકાસ માટે આ રૂપિયાનો ઉપયોગ કરવામાં આવે. આ રૂપિયાનો હકીકતમાં ઉપયોગ થઈ રહ્યો છે ભાજપની તિજોરી ભરવામાં. હવે જે 1500 કરોડ રૂપિયા કોર્પોરેશન પાસે આવવાના છે તો હવે એ રૂપિયા નેતાઓના નહીં પરંતુ જનતાના વિકાસ માટે ખર્ચ થાય એવી આશા રાખીએ છીએ.

### શ્રમિકના સંતાનો માટે ડોક્ટર બનવાની મોટી તક

# ESICની 887થી વધુ બેઠકો અનામત, અમદાવાદમાં MBBSની 25 સીટ ખાલી

અમદાવાદ | શ્રમિક-કર્મચારીઓના સંતાનોને તબીબી શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાની તક મળે તે માટે કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) દ્વારા વિશેષ અનામત બેઠકોની યોજના અમલમાં છે. દેશભરની ESIC સંલગ્ન 17 મેડિકલ, 2 ડેન્ટલ, 2 નર્સિંગ અને 3 સરકારી કોલેજો સહિત કુલ 24 શૈક્ષણિક સંસ્થાઓમાં વીમિત કર્મચારીઓના સંતાનો માટે 887થી વધુ બેઠકો અનામત રાખવામાં આવી છે. ગુજરાતમાં અમદાવાદના નરોડા-બાપુનગર સ્થિત ESIC મેડિકલ કોલેજમાં કુલ 50 MBBS બેઠકોમાંથી 25 બેઠકો વીમિત કર્મચારીઓના સંતાનો માટે ફાળવવામાં આવી છે.

વર્ષ 2012થી અમલી આ યોજના હેઠળ દેશભરમાં 695 MBBS, 28 BDS, 60 B.Sc. નર્સિંગ અને 104 પેરામેડિકલ, મળી કુલ 887થી વધુ બેઠકો પર વીમિત કર્મચારીઓના સંતાનોને પ્રવેશ આપવામાં આવે છે. અમદાવાદ ESIC મેડિકલ કોલેજની આ અનામત બેઠકોમાં ગત વર્ષે તમામ બેઠકો ભરાઈ ગઈ હતી, જ્યારે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં આશરે 28 બેઠકો પર પ્રવેશ આપવામાં આવ્યો છે.

યોજનાનો સૌથી મોટો લાભ એ છે કે પસંદગી પામેલા વિદ્યાર્થીઓ માટે MBBS અને BDS કોર્સની વાર્ષિક ટ્યુશન ફી માત્ર રૂ.24,000 છે. જ્યારે B.Sc. નર્સિંગ કોર્સ માટે વાર્ષિક ફી રૂ.10,000 રાખવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયામાં કોઈપણ પ્રકારની કેપિટેશન ફી કે ડોનેશન લેવામાં આવતું નથી. જેના કારણે ખાનગી મેડિકલ કોલેજોની ઊંચી ફી ચૂકવવી



મુશ્કેલ હોય તેવા શ્રમિક પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આ યોજના મહત્વની તક બની શકે છે.

આ અનામત બેઠકોનો લાભ લેવા માટે વિદ્યાર્થીના વાલી ESI યોજના હેઠળ નોંધાયેલા સક્રિય વીમિત કર્મચારી હોવા જરૂરી છે. સાથે જ વિદ્યાર્થીએ NEET-UG પરીક્ષા પાસ કરેલી હોવી જરૂરી છે. પાત્ર ઉમેદવારે સૌપ્રથમ ESICની અધિકૃત વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરીને 'Ward of IP Certificate' મેળવવાનું રહેશે. ત્યારબાદ મેડિકલ કાઉન્સેલિંગ કમિટીના પોર્ટલ પર ઓનલાઈન કાઉન્સેલિંગ માટે રજીસ્ટ્રેશન કરાવીને ઉપલબ્ધ અનામત બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે.

શ્રમિક પરિવારોના બાળકોને ગુણવત્તાયુક્ત તબીબી શિક્ષણ ઓછા ખર્ચે મળી રહે અને આર્થિક મર્યાદા તેમના ઉચ્ચ શિક્ષણના માર્ગમાં અડચણ ન બને તે હેતુથી ESIC દ્વારા આ વિશેષ અનામત વ્યવસ્થા કરવામાં આવી છે. પાત્રતા ધરાવતા વીમિત કર્મચારીઓના સંતાનોને પ્રવેશની સમયમર્યાદા અને જરૂરી દસ્તાવેજોની વિગતો ચકાસીને સમયસર અરજી કરવા ESIC દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ કોંગ્રેસના વધુ 16 ઉમેદવારના જાહેર

**AAPમાંથી વાપસી કરનાર સૂર્યસિંહ ડાભીને વોર્ડ-2માંથી ટિકિટ, અત્યાર સુધીમાં 35 ઉમેદવારના નામ જાહેર**

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોર પકડી રહ્યો છે. વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા રણનીતિના ભાગરૂપે વધુ 16 ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં અગાઉ જાહેર કરાયેલા 19 ઉમેદવારો સાથે મળીને અત્યાર સુધી 35 બેઠક પર ઉમેદવારોના નામ નક્કી કરી દેવામાં આવ્યા છે. આ યાદીમાં સૌથી મોટું અને ચર્ચાસ્પદ નામ વોર્ડ નંબર 2 માંથી સૂર્યસિંહ ડાભીનું સામે આવ્યું છે, જેમના રાજકીય પ્રવાસ અને પક્ષ પલટાની ચર્ચાઓ હાલ સ્થાનિક રાજકારણમાં કેન્દ્રસ્થાને છે.

જ્યારે વોર્ડ-4 અને 5માં તમામ ઉમેદવારો જાહેર કરવાના બાકી છે. સાથે જ વોર્ડ-6ના બેઠક નંબર ત્રણ પર પછાત વર્ગનો ઉમેદવાર પણ જાહેર કરાયો નથી. જો કે કોંગ્રેસ ડેમેજ કંટ્રોલની સ્થિતિ ટાળવા આ નવ ઉમેદવારોને સીધા જ મેન્ડેન્ટ આપી ફોર્મ ભરી દેવાની સૂચના મળે તો નવાઈ નહીં.

વોર્ડ નંબર 2માં સામાન્ય બેઠક પરથી ટિકિટ મેળવનાર સૂર્યસિંહ ડાભી અગાઉ કોંગ્રેસ પક્ષમાં જ જિલ્લા અને શહેર પ્રમુખ જેવા મહત્વના પદો પર સેવા આપી ચુક્યા છે. જો કે સમય જતાં પક્ષે તેમને પદ પરથી હટાવીને સાઈડલાઈન કરી દીધા હતા, જેના કારણે નારાજ થયેલા સૂર્યસિંહે કોંગ્રેસ સાથેનો વર્ષો જૂનો નાતો તોડીને આમ આદમી પાર્ટીનો ખેસ પહેરી લીધો હતો. આપમાં જોડાયા બાદ તેમને પ્રદેશ મંત્રીનું પદ સોંપવામાં આવ્યું હતું, પરંતુ આ પદ તેમને માત્ર એક 'લોલીપોપ' સમાન લાગતા તેઓ આપથી પણ છેડો ફાડીને આખરે ફરીથી પોતાના જૂના પક્ષ કોંગ્રેસના શરણે પરત ફર્યા છે.

કોંગ્રેસ મોવડી મંડળ સાથે થયેલી આંતરિક સમજૂતી અને નક્કી થયા મુજબ જ તેમને અંતે વોર્ડ નંબર 2માંથી મેદાને ઉતારવામાં આવ્યા છે. સૂર્યસિંહ ડાભીની આ ઘરવાપસી અને ટિકિટ ફાળવણીથી વોર્ડ નંબર 2નું રાજકીય સમીકરણ રસપ્રદ બની ગયું છે. કોંગ્રેસ દ્વારા અત્યાર સુધી કુલ 35 ઉમેદવારો જાહેર કરીને ચૂંટણી રણનીતિને વધુ ધારદાર બનાવવામાં આવી છે.ત્યારે આ રાજકીય ઉથલપાથલ આગામી ચૂંટણીમાં કેટલો પ્રભાવ પાડે છે તે તો સમય જ બતાવશે.

## News Brief

### ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન પર રિઝર્વેશનની મર્યાદિત સુવિધા

અમદાવાદ : અમદાવાદના ચાંદખેડા રોડ રેલવે સ્ટેશન પર રિઝર્વેશનની પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે ટિકિટ લેવા આવતા પેસેન્જરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્ટેશન પર બે બુકિંગ વિન્ડો ઉપલબ્ધ હોવા છતાં આરક્ષણનું કામ માત્ર વિન્ડો નંબર-1 પરથી જ કરવામાં આવે છે, જ્યારે વિન્ડો નંબર-2 પર રિઝર્વેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી.Travel Guides & Travelogues

હાલની વ્યવસ્થા મુજબ ચાંદખેડા રોડ સ્ટેશન પર રિઝર્વેશનની કામગીરી સવારે 8થી 11.30 વાગ્યા સુધી અને બપોરે 2.30થી સાંજે 5.30 વાગ્યા સુધી કરવામાં આવે છે. એટલે કે દિવસમાં કુલ આશરે 6 કલાક 30 મિનિટ જ આરક્ષણ સેવા મળે છે. બીજી તરફ સ્ટેશન પર બે બુકિંગ કર્મચારીઓ સવારે 6થી રાત્રે 8.30 વાગ્યા સુધી બ્રોકન શિફ્ટમાં ફરજ બજાવે છે.

રિઝર્વેશનનો સમય મર્યાદિત હોવાથી સવારે વહેલા અથવા સાંજના સમયે ટિકિટ માટે આવતા પેસેન્જરોને રિઝર્વેશન કરાવી શકતા નથી. ખાસ કરીને નોકરી કરતા લોકો, વરિષ્ઠ નાગરિકો અને દૂરના વિસ્તારોમાંથી સ્ટેશન પર આવતા પેસેન્જરો માટે આ વ્યવસ્થા મુશ્કેલીરૂપ બની રહી છે.

પેસેન્જરોનું કહેવું છે કે જ્યારે સ્ટેશન પર બે બુકિંગ વિન્ડો અને બે કર્મચારી ઉપલબ્ધ છે ત્યારે બંને વિન્ડોનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરીને રિઝર્વેશન સેવાનો સમય વધારવો જોઈએ. ચાંદખેડા રોડ સ્ટેશન પર રિઝર્વેશનની સુવિધા વધુ સમય માટે ઉપલબ્ધ કરવામાં આવે તો પેસેન્જરોને અન્ય સ્ટેશન સુધી જવાની અથવા લાંબા સમય સુધી રાહ જોવાની જરૂરિયાત ઘટી શકે છે. પેસેન્જરોની માગ છે કે સ્ટેશન પર ઉપલબ્ધ બુકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાફનો યોગ્ય ઉપયોગ થાય અને રિઝર્વેશનની સુવિધાનો સમય વધારવામાં આવે. ખાસ કરીને વિન્ડો નંબર-2ને પણ આરક્ષણ માટે ઉપયોગમાં લેવામાં આવે, જેથી એક જ વિન્ડો પર પેસેન્જરોની ભીડ ન થાય અને ટિકિટ બુકિંગની કામગીરી વધુ સરળ બની શકે.

### 'ગરીબ કલ્યાણ પાર્ટી' નો પણ ભાંડો ફૂટ્યો, 204 કરોડથી વધુની હેરાફેરીનો આરોપ

અમદાવાદ | અમદાવાદમાં કાગળ પર ચાલતા રજિસ્ટર્ડ અપ્રમાણિત રાજકીય પક્ષો (RUPP) દ્વારા કરોડો રૂપિયાની હેરાફેરીનો વધુ એક મોટો મામલો સામે આવ્યો છે. અગાઉ નરોડા સ્થિત 'સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી' દ્વારા આચરાયેલા કૌભાંડ જેવું જ વધુ એક કૌભાંડ બહાર આવ્યું છે, જેમાં આવકવેરા વિભાગે 'ગરીબ કલ્યાણ પાર્ટી' (Garib Kalyan Party) ના હોદ્દેદારો, શેલ કંપનીઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ વિરુદ્ધ સકંજો કસ્યો છે.City & Local Guides આવકવેરા વિભાગના યુનિટ-1(1)ના આસિસ્ટન્ટ ડિરેક્ટર યતીશ શશીકાંત કાલે દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ, આ આરોપીઓએ નાણાકીય વર્ષ 2022-23 થી 2025-26 દરમિયાન સુવ્યવસ્થિત ષડયંત્ર રચીને આશરે 204.76 કરોડ ના બોગસ રાજકીય ડોનેશન, એકમો અને કેશબેકનું રેકેટ ચલાવ્યું હતું. આ પક્ષ માર્ચ 2022માં ચૂંટણી પંચમાં નોંધાયો હતો. તપાસમાં ખુલાસો થયો છે કે આ પક્ષના બેંક ખાતનો ઉપયોગ મોટા કરદાતાઓ પાસેથી દાન સ્વીકારવા માટે થતો હતો. દાન આપનાર વ્યક્તિઓને આવકવેરા અધિનિયમની કલમ 80GGC હેઠળ 100% ટેક્સ મુક્તિનો લાભ અપાવવામાં આવતો હતો. ત્યારબાદ આ રકમ બે શેલ કંપનીઓ - કૃષ્ણા એન્ટરપ્રાઈઝ અને જલારામ એન્ટરપ્રાઈઝના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. આ નાણાકીય વ્યવહારોને અનાજ અને કઠોળની ખરીદીના ખોટા બિલ બનાવીને અસલી દેખાડવામાં આવતા હતા.

### બગોદરા નજીક ગણેશ વિસર્જન દરમિયાન કરૂણાંતિકા, ઊંડા પાણીમાં ડૂબેલા યુવકનો બીજા દિવસે મૃતદેહ મળ્યો

અમદાવાદ | અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના બગોદરા નજીક શુક્રવારે (25મી સપ્ટેમ્બર) ગણેશ વિસર્જન દરમિયાન દુઃખદ ઘટના સર્જાય હતી. બગોદરા અને શિયાળ ગામ વચ્ચે આવેલા તળાવમાં ગણેશ વિસર્જન કરતી વખતે બે યુવકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેમાંથી એક યુવકને સ્થાનિકોએ ત્વરિત કામગીરી કરી બચાવી લીધો હતો, જ્યારે બીજા યુવકનો મોડી રાત સુધી પતો ન મળ્યા બાદ આજે (26મી સપ્ટેમ્બર) સવારે મૃતદેહ મળી આવ્યો છે.Travel Guides & Travelogues

મળતી માહિતી અનુસાર, ગણેશ વિસર્જન દરમિયાન બંને યુવકો તળાવમાં ડૂબવા લાગતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક પાણીમાં કૂદીને એક યુવકને સલામત રીતે બહાર કાઢી લીધો હતો. જોકે, બીજો યુવક ઊંડા પાણીમાં ખેંચાઈ જતાં ગાયબ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ બગોદરા પોલીસ અને ફાયર વિભાગની ટીમ તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મોડી રાત સુધી વ્યાપક શોધોખોળ હાથ ધરી હતી, પરંતુ યુવકની કોઈ ભાળ મળી નહોતી.

આજે સવારે ફાયર વિભાગ અને સ્થાનિક લોકો રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. કલાકોની ભારે જહમત બાદ ઊંડા પાણીમાંથી હર્ષરાજ ચૌહાણ નામના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પીએમ અર્થે બગોદરા હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગાંધીનગરમાં 200 સ્ટોલ સાથે 'એલ્યુમિનિયમ ભારત-2026'નો પ્રારંભ

ગાંધીનગર | ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે દેશના એલ્યુમિનિયમ ઉદ્યોગની સમગ્ર વેલ્યુ ચેઈનને એક મંચ પર લાવતું રાષ્ટ્રીય કક્ષાનું 'એલ્યુમિનિયમ ભારત-2026' શરૂ થયું છે. ધ એલ્યુમિનિયમ એક્સટ્રુઝન મેન્યુફેક્ચર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ALEMAI) દ્વારા આયોજિત આ ચાર દિવસીય પ્રદર્શન 26થી 29 સપ્ટેમ્બર દરમિયાન 30 હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારમાં યોજાઈ રહ્યું છે. 'ALUMEX INDIA-2026' સાથે સહ-આયોજિત આ પ્રદર્શનમાં આશરે 200 સ્ટોલ છે અને વિશ્વભરમાંથી 250 જેટલા આંતરરાષ્ટ્રીય બાયર્સ પહોંચ્યા છે.

પ્રદર્શનમાં એલ્યુમિનિયમ એક્સટ્રુઝન અને રોલિંગ શીટ્સના ઉત્પાદકો, રિસાયકલર્સ, ટેક્નોલોજી પ્રોવાઈડર્સ, ખરીદદારો તેમજ ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો ભાગ લઈ રહ્યા છે. સેમિનાર, કોન્ફરન્સ, ટેક્નિકલ સેશન અને B2B મીટિંગ્સ મારફતે ટેક્નોલોજી, મશીનરી, પ્રોડક્ટ ક્વોલિટી અને નવા બિઝનેસની તકો અંગે ચર્ચા થશે. ALEMAIના પ્રમુખ જિતેન્દ્ર ચોપરાએ જણાવ્યું કે, આ 'એલ્યુમિનિયમ ભારત'નું બીજું એડિશન છે. પ્રથમ એડિશન દિલ્હીમાં યોજાયું હતું. આ વખતે વિશ્વભરમાંથી 250 જેટલા આંતરરાષ્ટ્રીય ખરીદદારો આવ્યા છે. દુનિયાભરના નિષ્ણાતોને સેમિનાર અને કોન્ફરન્સમાં આમંત્રિત કરવામાં આવ્યા છે, જેથી ટેક્નોલોજી અને ટેકનિકલ જ્ઞાનના આદાનપ્રદાનથી ભારતીય મશીનરી અને પ્રોડક્ટ્સની ગુણવત્તામાં વધારો થઈ શકે.

ચોપરાએ વધુમાં કહ્યું કે, ભારત જે એલ્યુમિનિયમ પ્રોડક્ટ્સ આયાત કરે છે, તેમાંથી અનેક પ્રોડક્ટ્સ ભારતમાં જ બનાવવાની ક્ષમતા છે.

# ગાંધીનગર મનપા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના 41 ઉમેદવારોએ ભર્યું ફોર્મ

**આમ આદમી પાર્ટીએ મેદાનમાં ઉતર્યા ડોક્ટર, વકીલ, એન્જિનિયર અને સામાજિક કાર્યકર્તાઓ**

અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પૂરી મજબૂતી આગળ વધી રહી છે. આજે આમ આદમી પાર્ટીના 41 ઉમેદવારોએ પોતાનુંએ પોતાનું ફોર્મ ભર્યું હતું. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાના માર્ગદર્શન હેઠળ આમ આદમી પાર્ટીના ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. આમ આદમી પાર્ટીએ પોતાના સંગઠનમાં વર્ષોથી કામ કરી રહેલા મહેનતી અને ઈમાનદાર કાર્યકર્તાઓને તથા પદાધિકારીઓને ટિકિટ આપવામાં પ્રાથમિકતા આપી હતી. આ ઉમેદવારોમાં ડોક્ટર, વકીલ, એન્જિનિયર, સામાજિક કાર્યકર્તાઓ જેવા ઉચ્ચ કક્ષાના નાગરિકોનો સમાવેશ થાય છે. જે હંમેશા ગાંધીનગર માટે, ગાંધીનગરના લોકો માટે, ગાંધીનગરના મુદ્દાઓ માટે સતત અવાજ ઉઠાવતા રહ્યા છે. આમ આદમી પાર્ટીએ યુવાનોને આ ચૂંટણીમાં પ્રાથમિકતા આપી છે અને યુવાનો નેતૃત્વ કરે એ રીતની આમ આદમી પાર્ટી હંમેશા વિચારધારા ધરાવે છે.ગત ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને 22% થી વધુ મત મળ્યા હતા અને આમ આદમી પાર્ટીના કોર્પોરેટર પણ બન્યા હતા. જે સતત પાંચ વર્ષ સુધી આમ આદમી પાર્ટીમાં જ રહ્યા હતા, જ્યારે બીજી પાર્ટીના ચૂંટાયેલા કોર્પોરેટર પાર્ટી બદલીને ભાજપમાં જતા રહ્યા હતા. આના પરથી સ્પષ્ટ થાય છે કે આમ આદમી પાર્ટીના ઉમેદવારો પાર્ટી પ્રત્યે અને પ્રજા પ્રત્યે ખૂબ જ ઈમાનદાર છે અને તેઓ સતત ગાંધીનગરના લોકો માટે આવનારા સમયમાં અવાજ ઉઠાવતા રહેશે. આમ આદમી પાર્ટી આ ચૂંટણીમાં મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી છે. શહેરની ગલીઓ ગલીઓમાં આમ આદમી પાર્ટી ના કાર્યકર્તાઓ અને ઉમેદવારો પ્રચાર કરી રહ્યા છે અને પ્રજા તરફથી આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોને જબરદસ્ત આવકાર મળી રહ્યો છે, પ્રેમ મળી રહ્યો છે અને દેખાઈ રહ્યું છે કે આ વખતે આમ આદમી પાર્ટી અને ગાંધીનગરની જનતા સાથે મળીને ગાંધીનગરમાં નવો ઈતિહાસ રચશે અને આશા રાખીએ છીએ કે ગાંધીનગરના લોકો આમ આદમી પાર્ટીને જંગી બહુમતીથી જીતાડશે અને આમ આદમી પાર્ટીના ગાંધીનગરમાં મેયર બનશે.

### ગુજટોક આરોપી લેડી બુટલેગર બિલ્કીશબાનુ ઝડપાઈ:આંતરજિલ્લા ગેડીયા ગેંગની સાગરીત, 2.5 કરોડના દારૂ સહિત 3 ગુનામાં ફરાર હતી

સુરેન્દ્રનગર | રાજકોટ રેન્જ ટીમે આંતરજિલ્લા ગેડીયા ગેંગની સાગરીત અને GUJCTOCની આરોપી બિલ્કીશબાનુ હનીફખાન જત મલેકને પકડી પાડી છે. તે સુરેન્દ્રનગરના પાટડીના ગેડીયા ગામની છે.

આરોપી સુરેન્દ્રનગરના બજાણા પોલીસ સ્ટેશનના 2.5 કરોડ રૂપિયાના ઈંગ્લીશ દારૂના બે ગુના અને અમદાવાદ ગ્રામ્યના સાણંદ GIDCના 82 લાખ રૂપિયાના દારૂના એક ગુના સહિત કુલ 3 કેસમાં ફરાર હતી.

બિલ્કીશબાનુ અગાઉ GUJCTOCના ગુનામાં જેલમાં જઈ ચૂકી છે. વર્ષ 2023માં જામીન પર છૂટ્યા બાદ તે ફરી દારૂની હેરાફેરીમાં સક્રિય થઈ હતી. તેની સામે અગાઉ 12 ગુના નોંધાયેલા છે અને PASA પણ થયેલ છે.

DIG નિર્લિપ્ત રાયની સૂચનાથી PI અપૂર્વ પટેલના માર્ગદર્શનમાં PSI એ.વાય. ઉધાસ, પી.સી. સરતેજા અને તેમની ટીમે ટેકનિકલ તથા હ્યુમન સોર્સના આધારે આરોપીને કમાલપર બસ સ્ટેન્ડ પાસેથી પકડી બજાણા પોલીસને સોંપી છે.

# મકરબા બ્રિજના બંને છેડે ટ્રાફિકજામ થતાં નિર્ણય : પ્રહલાદનગરથી મકરબા અંડર પાસ તરફ જવાના કોર્પોરેટ રોડનો ભાગ બંધ કર્યો, 500 મીટર ફરીને જવું પડશે

અમદાવાદ | અમદાવાદ-બોટાદ રેલવે લાઈન પર મકરબામાં એસજી હાઈવે અને જુહાપુરાને જોડતા નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યા બાદ બ્રિજના છેડા પર ચાર રસ્તા હોવાના કારણે ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. લોકાર્પણ બાદના પ્રથમ દિવસે જ અધિકારીઓ અને ભાજપના જ શાસકોની બ્રિજના પ્લાનિંગ અને ડિઝાઈનની ગંભીર ખામીના કારણે ટ્રાફિકજામ થયો હતો. જેને પગલે ભાજપના ધારાસભ્ય અમિત ઠાકરે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતને પત્ર પાઠવી બ્રિજના બંને તરફના છેડા પર સિગ્નલ મુકવા અને ટ્રાફિક પોલીસની વ્યવસ્થા ગોઠવવા માટે જાણ કરી હતી.

આ ટ્રાફિક સમસ્યાને પગલે પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મકરબા બ્રિજથી એસજી હાઈવે હવે સીધા જઈ શકાય તેવી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. પ્રહલાદનગરથી મકરબા અંડર પાસ તરફ જવાના કોર્પોરેટ રોડનો ભાગ બંધ કરી કેપ્સ્યૂલ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. મકરબા રેલવે ઓવરબ્રિજ પરથી સીધા હાઈવે તરફ અને એસજી હાઈવેથી જુહાપુરા તરફ આવી શકાશે.

જે નાગરિકો પ્રહલાદનગર તરફથી મકરબા અન્ડર પાસ તરફ જવા માંગતા હોય તેઓએ રેલ્વે ઓવરબ્રિજ પાસે ડાબી તરફ વળીને બ્રિજની નીચે થઈને બહાર નીકળી ફરીથી કોર્પોરેટ રોડ પર સીધા જઈ શકશે.

મકરબા અંડર પાસ થઈને પ્રહલાદ નગર તરફ જવા વાળા નાગરિકોએ બ્રિજ પાસેથી ડાબી તરફ વળાંક લઈને YMCs તરફ જઈ આગળથી યુ-ટર્ન લઈને પરત આવી અને પાછા પ્રહલાદ નગર તરફ જઈ શકશે. જોકે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈજનેર વિભાગના અધિકારીઓ અને ભાજપના ભૂતપૂર્વ સત્તાધીશોની અણ આવડતના કારણે હવે નાગરિકોએ હાલાકી ભોગવવી પડી રહી છે. કોર્પોરેટ રોડ મુખ્ય રોડ કહેવાતો હતો. પરંતુ હવે આ રોડને બંધ કરી અને નવા ઓવર બ્રિજના રોડને પ્રાધાન્ય આપી દેવામાં આવ્યું છે. અધિકારીઓની અણઆવડતના કારણે 500 મીટર જેટલું ફરીને જવું પડશે.

ટ્રાફિકને લઈ વેજલપુરના ધારાસભ્ય અમિત ઠાકર દ્વારા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને પાઠવેલા પત્રમાં જણાવ્યું હતું કે, વેજલપુર વિધાનસભા વિસ્તારમાં મકરબા ખાતે અમદાવાદ બોટાદ રેલવે લાઈનના LC 24 ઉપર નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જેમાં સ્થળ મુલાકાત દરમિયાન ધ્યાન પર આવ્યું છે કે, ઓવરબ્રિજના મકરબા તરફના છેડે તેમજ ખાસ કરીને કોર્પોરેટ રોડ/એસ.જી.હાઈવે તરફના છેડે વાહનોની અવરજવરનું પ્રમાણ વધુ હોવાથી વાહનોનો ડેડલોક થઈ જઈને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાહનવ્યવહાર યોગ્ય રીતે ચાલે અને વાહન ચાલકોની સલામતીને ધ્યાનમાં રાખીને મકરબા તરફના છેડે જરૂરી સંખ્યામાં ટ્રાફિક પોલીસની નિયમિત વ્યવસ્થા કરવામાં આવે તેમજ કોર્પોરેટ રોડ તરફના છેડે ટ્રાફિક સિગ્નલની વ્યવસ્થા ઊભી કરવામાં આવે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વડોદરા સાયબર સેલની મોટી કાર્યવાહી સામે આવી

# વડોદરામાં એસડી પે એપ દ્વારા 635 કરોડનું મહાકૌભાંડ આચરનાર સૂત્રધાર નારાયણ જેલમાં ધકેલાયો



(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા શહેરમાં સાયબર ક્રાઈમ દ્વારા અત્યાર સુધીના સૌથી મોટા કૌભાંડો પૈકીના એક એવા એસડી પે અને અપના પે મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી આચરવામાં આવેલા રૂપિયા છસો પાંત્રીસ કરોડના ભ્રષ્ટાચાર અને છેતરપિંડીના મુખ્ય સૂત્રધાર નારાયણ કાંગનેને રિમાન્ડની મુદત પૂર્ણ થતાં જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, આ બનાવ સંદર્ભે વડોદરા અને અમરેલી જિલ્લાના સાયબર સેલના સંયુક્ત ઓપરેશન દરમિયાન ઓરંગાબાદ ખાતેથી મુખ્ય આરોપી નારાયણ કાંગનેને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી પાસેથી મહત્વના દસ્તાવેજો અને લેપટોપ જપ્ત કરવામાં આવ્યા હતા. આ મહાકૌભાંડમાં સમગ્ર દેશભરમાંથી અંદાજે દસ લાખથી વધુ નાગરિકો ભોગ બન્યા છે, જ્યારે એકલા ગુજરાત રાજ્યમાંથી જ દોઢ લાખ જેટલા લોકો આ ઠગાઈનો ભોગ બન્યા હોવાનું સત્તાવાર તપાસમાં બહાર આવ્યું છે. વડોદરા શહેરના એક ઈન્વેસ્ટરે પણ આ એપ્લિકેશનમાં પાંચ લાખથી વધુનું રોકાણ કર્યું હતું અને તેને ખોટી રીતે નફો દર્શાવીને વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો, જે મામલે કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ ઠગાઈનું નેટવર્ક દેશના અનેક રાજ્યોમાં ફેલાયેલું હતું અને આરોપીઓ દ્વારા અલગ અલગ ચાર જેટલી શંકાસ્પદ કંપનીઓ ઊભી કરીને ૨૭ જેટલા બેંક ખાતાઓને સંચાલિત કરવામાં આવતા હતા, જેને પોલીસ દ્વારા તાત્કાલિક ધોરણે ફ્રિજ કરાવી દેવામાં આવ્યા છે. આ કૌભાંડ આચરનારા મુખ્ય માલિકો ધવલ પટેલ અને હિરેન શાહને ઝડપી લેવા માટે ઓડિશા સુધી પોલીસ ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા અને હવે ટ્રાન્સફર વોરંટના આધારે તેમને અમરેલીથી વડોદરા લાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસની આ સઘન તપાસના કારણે અનેક નવા નામો બહાર આવવાની પૂરેપૂરી સંભાવના છે અને હજુ પણ અન્ય સાગરીતોની શોધખોળ ચાલુ છે.

આ પ્રકારની આકર્ષક યોજનાઓ અને દૈનિક કેશબેક જેવી લાલચો આપીને સામાન્ય નાગરિકોની મહેનતની કમાણી લૂંટી લેનારા તત્વો સામે વહીવટી તંત્ર દ્વારા અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે. સાયબર સુરક્ષા નિષ્ણાતોના મતે કોઈપણ નવી ઓનલાઈન એપ્લિકેશનમાં રોકાણ કરતા પહેલા તેની સત્તાવાર માન્યતા અને પૃષ્ઠભૂમિની ચકાસણી અવશ્ય કરવી જોઈએ, જેથી ભવિષ્યમાં આ પ્રકારે આર્થિક નુકસાન વેઠવાનો વારો ન આવે. વડોદરા પોલીસ દ્વારા આ સમગ્ર રેકેટના મૂળ સુધી પહોંચવા માટે ડેટા વિશ્લેષણની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે અને આગામી દિવસોમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ખબરની અસર

### બે દિવસ પહેલાં અખબારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ બાદ PGVCLની કાર્યવાહી — નવી ડીપીમાંથી થ્રી-ફેઝ કનેક્શન મળતાં રહેવાસીઓને રાહત

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના મુસ્લિમ વાસ વિસ્તારમાં લાંબા સમયથી સતાવતી લો-વોલ્ટેજની સમસ્યાનો આખરે ઉકેલ આવ્યો છે. ઓછા વોલ્ટેજના કારણે સ્થાનિક રહેવાસીઓને લાંબા સમયથી ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.આ લોકસમસ્યાના કાયમી ઉકેલ માટે નખત્રાણા તાલુકા કોંગ્રેસના મહામંત્રી જુસબ સોઢા તેમજ તાલુકા પંચાયત સદસ્ય સલીમભાઈ જીયેજા દ્વારા સંબંધિત વિભાગો અને કચેરીઓમાં સતત રજૂઆતો કરવામાં આવી હતી. બંને દ્વારા વીજ તંત્રનું ધ્યાન દોરી મુસ્લિમ વાસમાં લગાવવામાં આવેલી નવી ડીપીમાં થ્રી-ફેઝ કનેક્શન આપવા માંગ કરવામાં આવી હતી.દરમિયાન આ સમસ્યા અંગે



બે દિવસ અગાઉ દૈનિક વર્તમાનપત્રમાં અહેવાલ પણ પ્રસિદ્ધ થયો હતો. રજૂઆતો અને અહેવાલ બાદ PGVCL દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી નવી ડીપી ટ્રાન્સફોર્મરમાંથી થ્રી-ફેઝ કનેક્શન આપવામાં આવ્યું છે.થ્રી-ફેઝ કનેક્શન મળતાં મુસ્લિમ વાસ વિસ્તારમાં લાંબા સમયથી ચાલી આવતી લો-વોલ્ટેજની સમસ્યામાં રાહત મળી છે. વીજ સમસ્યાનું નિરાકરણ થતાં સ્થાનિક રહેવાસીઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી.આ કામગીરી બદલ મુસ્લિમ વાસના રહેવાસીઓએ PGVCLના અધિકારીઓ તથા કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. વીજ તંત્ર દ્વારા લોકસમસ્યાને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવતા રહેવાસીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો.સાથે જ લોકસમસ્યા અંગે સતત રજૂઆત કરી પ્રશ્નને સંબંધિત તંત્ર સુધી પહોંચાડવા બદલ જુસબ સોઢા અને તાલુકા પંચાયત સદસ્ય સલીમભાઈ જીયેજાના પ્રયાસોને પણ સ્થાનિક રહેવાસીઓએ આવકારી આભાર વ્યક્ત કર્યો હતો.આમ, રહેવાસીઓની રજૂઆત, અખબારી અહેવાલ અને PGVCLની તાત્કાલિક કામગીરીના પરિણામે લાંબા સમયથી પડતર વીજ સમસ્યાનો ઉકેલ આવતા દેશલપર ગુંતલીના મુસ્લિમ વાસના રહેવાસીઓને મોટી રાહત મળી છે.

## કોયડમમાં નિઃશુલ્ક મેડિકલ કેમ્પ



જગદીશ ત્રિવેદી | મહીસાગર

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૨૫ વર્ષના સેવા અને સુશાસનના ગૌરવપૂર્ણ પર્વ નિમિત્તે સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિરપુર મંડળના કોયડમ ખાતે શ્રી બી.આર. પટેલ હાઈસ્કૂલ ખાતે આયોજિત નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં ઉપસ્થિત રહી આરોગ્ય સેવાના આ સેવાયજ્ઞને પ્રોત્સાહન આપ્યું.સુમનદીપ સંસ્થા, વડોદરા સંચાલિત 'ધીરજ હોસ્પિટલ' તથા *'માં ઉમા ક્લિનિક, કોયડમ'*ના સહયોગથી આયોજિત આ કેમ્પમાં નિદાન અને સારવારની સેવાઓનો ગ્રામજનોને લાભ મળ્યો.આ પ્રસંગે જિલ્લા સંગઠન પ્રમુખશ્રી દસરથભાઈ બારીયા સહિત ભાજપાના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, તબીબી ટીમ તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.સ્વસ્થ સમાજ એ સશક્ત રાષ્ટ્રનો આધાર છે. સેવા, સંવેદના અને સમર્પણની ભાવના સાથે આરોગ્યસેવાને જનજન સુધી પહોંચાડવાના આવા સેવાકીય પ્રયાસો 'સેવા સંકલ્પ અભિયાન'ને વધુ સાર્થક બનાવે છે. 'સ્વસ્થ સમાજ સશક્ત ભારત' 'રોગમુક્ત ભારત સ્વસ્થ ભારત'.

## વડોદરામાં ગોલ્ડન ચોકડી વિસ્તારમાંથી દારૂ સાથે ડ્રાઈવર પકડાયો

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા શહેરના હરણી ગોલ્ડન ચોકડી વિસ્તારમાંથી ગઈ મધરાત્રે પોલીસે બાતમીના આધારે અને પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ બોલેરો કારને રોકીને તલાશી લેતા તેમાંથી અંદાજે દસ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મોટા પ્રમાણમાં મળી આવ્યો હતો, જેને પગલે સ્થાનિક પોલીસ બેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગણેશ વિસર્જનના પર્વ નિમિત્તે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ અસામાજિક તત્વો પર બાજ નજર રાખવા માટે પોલીસ કાફલો સક્રિય હતો, તે દરમિયાન આ મોટી સફળતા હાંસલ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ડીસીપી ઝોન-૪ ની ખાસ સ્કવોડ દ્વારા હરણી ગોલ્ડન ચોકડી બ્રિજ પાસેથી પસાર થઈ રહેલી એક બોલેરો કારને આંતરીને તેની સઘન તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કારના પાછળના ભાગમાં બનાવેલા ચોરખાના તથા કેરેટની આડમાં છુપાવીને રાખવામાં આવેલ દારૂની કુલ ૨૮૮૦ બોટલો અને બિયરની ૩૬૦૦ જેટલી બોટલો મળી આવી હતી, જેની બજાર કિંમત અંદાજે ૯.૯૬ લાખ રૂપિયા આંકવામાં આવી છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ડ્રાઈવર ભાગીરથ સોનારામ ગોડ (રહે. નોખડા, બારમેર, રાજસ્થાન) ની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરી લીધી છે, જ્યારે આ કારના માલિક કાંતિલાલ ધાનાજી તથા આ જથ્થો મંગાવનાર અન્ય શખ્સોને પોલીસ દ્વારા વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે અને તેમની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે.

આ ગંભીર ઘટના અંગે વિગતવાર વાત કરીએ તો, છેલ્લા કેટલાક સમયથી વડોદરા શહેરમાં બહારના રાજ્યોમાંથી દારૂ ઘૂસાડવાના પ્રયાસો વધી રહ્યા છે, જેને ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા સતત નાકાબંધી અને સઘન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ગઈ રાતે જ્યારે ઉપરોક્ત બોલેરો કાર ગોલ્ડન ચોકડી પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે પોલીસકર્મીઓને તેના પર શંકા ગઈ હતી.

## રાજકોટ કૌભાંડકાર અલ્પેશ દોંગાની ત્રણ ઓફિસમાં ક્રાઈમ બ્રાંચ દ્વારા દરોડા

(એજન્સી) રાજકોટ । તા. 26

રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા તથા આર્થિક અપરાધોને ડામવા માટે પોલીસ પ્રશાસન દ્વારા અત્યંત આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે, જેના ભાગરૂપે કુખ્યાત અને ચકચારી કૌભાંડકાર અલ્પેશ દોંગાની વિવિધ જગ્યાએ આવેલી માલિકીની ઓફિસો પર સ્થાનિક ક્રાઈમ બ્રાંચની ટીમો દ્વારા એકસાથે સઘન દરોડા પાડવામાં આવ્યા હોવાની મહત્વપૂર્ણ વિગતો સામે આવી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર, પડધરી વિસ્તારના એક સીધા સાદા ખેડૂતની કિંમતી જમીન છેતરપિંડીથી પચાવી પાડીને બદલામાં એક કરોડ રૂપિયાથી વધુની માતબર રકમ બળજબરીપૂર્વક પડાવવાના ગંભીર ગુનાના સંદર્ભમાં આ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેના કારણે સમગ્ર સહકારી અને આર્થિક ક્ષેત્રમાં ભારે હાહાકાર મચી જવા પામ્યો છે. આ સમગ્ર તપાસ અભિયાન અંતર્ગત પોલીસ કમિશનરના આદેશ અનુસાર ક્રાઈમ બ્રાંચના કુશળ અધિકારી એવા પીએસઆઈ ચંદ્રસિંહ જાડેજાના સીધા નેતૃત્વ હેઠળ ખાસ અલગ-અલગ ત્રણ ટીમો બનાવવામાં આવી હતી. આ પોલીસ ટીમો દ્વારા રાજકોટ શહેરના જાણીતા વિસ્તારોમાં આવેલા આરકે પ્રાઈમ બિલ્ડિંગ તેમજ તિસ્ટા ટાવર ખાતે ધમધમતી અલ્પેશ દોંગાની કુલ ત્રણ અલગ-અલગ ઓફિસોમાં અચાનક દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા દરમિયાન ઓફિસમાંથી મોટા પ્રમાણમાં બિનસત્તાવાર વ્યાજખોરી, ગેરકાયદે નાણાકીય લેવડદેવડ અને જમીન પચાવી પાડવાના હકના દસ્તાવેજો તથા થોકબંધ ફાઈલો કબ્જે કરવામાં આવી છે. આ તપાસ દરમિયાન અન્ય એક શંકાસ્પદ કોલેજ સંચાલકનું નામ પણ સપાટી પર આવ્યું છે, જેને લઈને આગામી દિવસોમાં આ મામલાની તપાસનું વ્યાપ વધુ વિસ્તરવાની પૂરેપૂરી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર પ્રકરણની વિગતવાર વાત કરીએ તો, પડધરી તાલુકાના સરપદડ ગામે રહેતા એક ભોળા ખેડૂતને આરોપી અલ્પેશ દોંગા દ્વારા આર્થિક જરૂરિયાતના સમયે ઊંચા વ્યાજે નાણાં આપવામાં આવ્યા હતા. ત્યારબાદ પઠાણી ઉઘરાણી કરીને બદલામાં તે ખેડૂતની માલિકીની મૂલ્યવાન જમીનના ઠગાઈ ભરેલા દસ્તાવેજો પોતાના નામે કરાવી લેવામાં આવ્યા હતા.

## કોઠંબામાં સુલેખન સ્પર્ધાનું ભવ્ય આયોજન



જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહિસાગર જિલ્લાના કોઠંબા તાલુકાની થાણાસાવલી પગારકેન્દ્ર શાળામાં ધોરણ :- ૩ અને ૪ ના વર્ગ શિક્ષકશ્રી એવા લુણાવાડા તાલુકાના મધવાસ ગામના વતની નિરવકુમાર કનૈયાલાલ પંચાલના સુંદર આયોજનપણા અને માર્ગદર્શન હેઠળ તારીખ :- ૧૦/૦૯/૨૦૨૬ ના રોજ વર્ગ કક્ષાએ 'મારા અક્ષર - સુંદર અક્ષર' પ્રવૃત્તિ અંતર્ગત સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલવાટિકાથી ધોરણ :- ૮ સુધીના ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓની વર્ગ કક્ષાએ સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકશ્રી નિરવકુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા સુલેખન સ્પર્ધાનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તથા તમામ બાળકોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને લેખનમાં સુંદરતા, યોગ્ય મરોડ, વિરામચિહ્નો અને વ્યાકરણ સાથે સુસંગત લખાણ લખવાની સમજ આપી હતી. વર્ગ કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ બાળકોની તારીખ :- ૧૬/૦૯/૨૦૨૬ ના રોજ શાળા કક્ષાએ ફાઈનલ સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શિક્ષક નિરવકુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓના નામ સાથેના સ્ટીકરની વિશેષ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં શિક્ષક નિરવકુમાર કનૈયાલાલ પંચાલ અને નિર્ણાયક કમિટી દ્વારા યોગ્ય નિયમાનુસાર પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું.આ સુલેખન સ્પર્ધામાં તમામ વિદ્યાર્થીઓએ હોંશે હોંશે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સુલેખન સ્પર્ધામાં બાલવાટિકા થી ધોરણ - ૨ માં મેઘાબેન હિતેશભાઈ રાવળ, ધોરણ - ૩ થી ૫ માં શીતલબેન હિતેશભાઈ પગી, ધોરણ :- ૬ થી ૮ માં ક્રિષ્નાબેન મિતેશભાઈ પટેલ વિજેતા બન્યા હતા. તમામ વિજેતા બાળકોને શિક્ષક નિરવકુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા મેઘાબેન રાવળને કલર કિટ, શીતલબેન પગીને ક્લિપબોર્ડ, ક્રિષ્નાબેન પટેલને ક્લિપબોર્ડ સ્વ ખર્ચે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષક નિરવકુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા બાળકોને યોગ્ય માર્ગદર્શન અને સ્વ ખર્ચે ઈનામ વિતરણ કરીને ખાસ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. શાળાના શિક્ષકશ્રી નિરવકુમાર કનૈયાલાલ પંચાલ દ્વારા ખૂબ જ સુંદર અને પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું.

### મહીસાગર જિલ્લામાં "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત

## આગામી ૫ ઓક્ટોબરે રંગોળી સ્પર્ધાનું આયોજન: વિજેતાઓને રોકડ પુરસ્કાર અપાશે

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, મહીસાગરના સંયુક્ત ઉપક્રમે નાગરિકોની સર્જનાત્મકતા, ટીમવર્ક, સ્થાનિક સંસ્કૃતિ અને સામૂહિક ભાગીદારીને પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી 'સેવાના રંગ, રાષ્ટ્રના સંગ' અંતર્ગત રંગોળી સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા આગામી તારીખ ૦૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, હરદાસપુર (તા. લુણાવાડા, જિ. મહીસાગર) ખાતે યોજાશે.આ સ્પર્ધામાં વ્યક્તિગત તેમજ ગૃપ (જૂથ) એમ બે શ્રેણીઓમાં રંગોળી સ્પર્ધા યોજાશે, જેમાં પ્રોફેશનલ આર્ટિસ્ટો સહિત તમામ ઈચ્છુક નાગરિકો ભાગ લઈ શકશે. સ્પર્ધા માટે 'વિકસિત ભારત @ ૨૦૪૭', 'વિકસિત ભારતનું સ્વપ્ન', 'મેક ઈન ઈન્ડિયા', 'સેવા સંકલ્પ અભિયાન', 'જન કલ્યાણકારી યોજનાઓ', 'સપ્તધારા વિઝન', 'રાષ્ટ્રીય પ્રતીક' તેમજ 'આત્મનિર્ભર ભારત' જેવા રાષ્ટ્રપ્રેમ અને વિકાસલક્ષી વિષયો (થીમ) નિર્ધારિત કરવામાં આવ્યા છે. સ્પર્ધકોએ પોતાની કૃતિ મુવેબલ (હેરફેર કરી શકાય તેવી) બનાવવાની રહેશે જેથી જિલ્લા કક્ષાએ પ્રદર્શન દરમિયાન ડિઝાઈન જળવાઈ રહે. ઉપરાંત, પર્યાવરણની જાળવણીના ભાગરૂપે સ્પર્ધામાં માત્ર કુદરતી સામગ્રી જેવી કે ફૂલ, માટી, રેતી, ચોખા, બીજ, પાંદડા અને પ્રાકૃતિક રંગોનો જ ઉપયોગ કરવાનો રહેશે.સ્પર્ધામાં સર્જનાત્મકતા, કલાત્મક ડિઝાઈન, સ્વચ્છતા અને થીમની પ્રસ્તુતિના આધારે તજજ્ઞો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે. વ્યક્તિગત સ્પર્ધા માટે કૃતિની સાઈઝ ૧.૫ + ૧.૫ ફૂટ રહેશે, જેમાં પ્રથમ વિજેતાને રૂ. ૫,૦૦૦/-, બે દ્વિતીય વિજેતાઓને પ્રત્યેકને રૂ. ૩,૦૦૦/- તથા ત્રણ તૃતીય વિજેતાઓને પ્રત્યેકને રૂ. ૨,૫૦૦/- નો રોકડ પુરસ્કાર આપવામાં આવશે. જ્યારે ૪ + ૪ ફૂટ સાઈઝની ગૃપ રંગોળી સ્પર્ધામાં પ્રથમ વિજેતા જૂથને રૂ. ૧૫,૦૦૦/-, દ્વિતીયને રૂ. ૧૦,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ. ૭,૫૦૦/- નો રોકડ પુરસ્કાર તેમજ તમામ વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ કલાકારોએ નિયત ગુગલ ફોર્મ (Google Form) લિંક: https://forms.gle/HXMp86UFKyX6igSn7 મારફત પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. સ્પર્ધા સંદર્ભે વધુ વિગતો માટે જિલ્લા યુવા વિકાસ અધિકારી શર્મિષ્ઠાબેન વિ. વસૈયા (મો. ૬૩૫૩૦૪૦૬૦૨) અથવા જૈમીન એ. સોલંકી (મો. ૭૨૮૫૮૭૫૯૬૬) નો સંપર્ક સાધવા જિલ્લા યુવા વિકાસ અધિકારી, મહીસાગર દ્વારા જણાવાયું છે.

## પૂનમ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફૂલોનો દિવ્ય શણગાર એવં 'અંડરવોટર થીમ' આધારિત શણગાર કરી ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ ધરાવાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણા



વાળા)ની પ્રેરણાથી પૂનમ નિમિતે તા.26-09-2026ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને ફૂલોનો દિવ્ય શણગાર એવં 'અંડરવોટર થીમ'(દરિયાઈ સૃષ્ટિ) આધારિત શણગાર કરી ભવ્ય છપ્પન ભોગ અન્નકૂટ ધરાવામાં આવ્યો હતો. ગર્ભગૃહમાં સિંહાસનને આકર્ષક રીતે શણગારવામાં આવ્યું હતું. સવારે 5:30 કલાકે મંગળા આરતી અને સવારે 7:00 કલાકે શણગાર આરતી કોઠારીશ્રી વિવેક સાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી.મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું આયોજન આરાયું હતું. અનેક ભક્તો દ્વારા દાદાને ધજા ચઢાવાઈ હતી. આ દર્શન અને મહાપ્રસાદનો અનેક ભક્તોએ લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.મહત્વનું છે કે, શ્રીકષ્ટભંજનદેવને દરિયાઈ થીમ અનુસાર સુંદર શ્વેત વસ્ત્રો અને મોતી તથા ફૂલોથી મઢેલા હંસ આકારના વિશેષ વાઘાનો શણગાર ધરવામાં આવ્યો છે. મંદિરના ગર્ભગૃહમાં દરિયાઈ પરવાળા વિશાળ શંખ, મોતી અને સમુદ્રની સુંદર કલાત્મક ઝાંખી ઊભી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે દાદાને છપ્પન ભોગ અન્નકૂટમાં મિઠાઈઓ, ફરસાણ અને પકવાન્નોનો અન્નકૂટ પણ અર્પણ કરવામાં આવ્યો હતો. સાંજે 05:00 કલાકે શ્રીકષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવશે, સાંજે 07:00 કલાકે દાદાની દિવ્ય સંધ્યા આરતી કલાકે કરવામાં આવી.

## લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે રક્તદાન શિબિરનું આયોજન

જગદીશ ત્રિવેદી | મહીસાગર



આજરોજ અર્બન હેલ્થ સેન્ટર, લુણાવાડા તથા તાલુકા આરોગ્ય કચેરી, લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે અને જિલ્લા આરોગ્ય શાખા, મહીસાગરના માર્ગદર્શન હેઠળ અર્બન હેલ્થ સેન્ટર, ફુવારા ચોક, લુણાવાડા ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ ઈમરજન્સીની પરિસ્થિતિમાં રક્તની જરૂરિયાત ધરાવતા દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થઈ રહે તે માટે રક્ત એકત્રિત કરવાનો હતો. આ સેવાકીય અભિયાનમાં લુણાવાડા શહેર તથા આસપાસના વિસ્તારના અનેક ઉત્સાહી અને સમાજસેવી નાગરિકોએ જોડાઈને માનવતાના આ સેવા યજ્ઞમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું."એક યુનિટ રક્તદાનથી ત્રણ વ્યક્તિના જીવનને મદદ મળી શકે છે" એ સંદેશને સાર્થક કરતા મોટી સંખ્યામાં નાગરિકોએ રક્તદાન કર્યું હતું. શિબિરમાં પુરુષો સાથે મહિલાઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું.રક્તદાન શિબિરને સફળ બનાવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી સી. આર. પટેલીયા, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, લુણાવાડા ડૉ. શ્રી એસ. જે. પંચાલ, અર્બન હેલ્થ સેન્ટરની મેડિકલ ટીમ તથા લુણાવાડા તાલુકાના સમગ્ર આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ અથાગ મહેનત કરી હતી. ઉપરાંત વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકોનો પણ સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.આ પ્રસંગે આયોજકો દ્વારા રક્તદાન કરનાર તમામ રક્તદાતાઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ તથા સહયોગી સંસ્થાઓ અને સેવાભાવી નાગરિકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### કપુરાઈ પોલીસે ઝડપ્યો ડ્રાઈવર

## વડોદરામાં નશાખોર એસટી ડ્રાઈવરે મુસાફરોના જીવ જોખમમાં મૂક્યા

(એજન્સી) વડોદરા । તા. 26

વડોદરા શહેરના આજવા ચોકડી વિસ્તારમાં ગઈકાલે મુસાફરોથી ભરેલી સરકારી બસને બેફામ અને અનિયંત્રિત રીતે હંકારનાર ચાલકને આપાતકાલીન પોલીસ ટીમે ફિલ્મીઢબે ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, જંબુસરથી વડોદરા આવી રહેલી એસટી બસના ચાલકે ભારે માત્રામાં નશો કરેલો હતો અને તે વાહન ઉપર કાબૂ ગુમાવી બેઠો હતો, જેના કારણે રસ્તા પરના અન્ય વાહનચાલકો અને મુસાફરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ ગંભીર બાબતની જાણ થતાં જ પોલીસની સક્રિય ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને બસને રોકીને ડ્રાઈવરની અટકાયત કરી લીધી હતી. આજવા ચોકડીથી સિકંદરપુરા તરફ જતા માર્ગ પર બનેલી આ ચોંકાવનારી ઘટનાએ સમગ્ર રાજ્યમાં સરકારી વાહનવ્યવહારની સલામતી સામે મોટા પ્રશ્નાર્થ ચિન્હો ખડા કરી દીધા છે. હજારો મુસાફરો રોજબરોજ સરકારી બસોમાં વિશ્વાસ રાખીને મુસાફરી કરતા હોય છે, પરંતુ જો વાહન ચલાવનાર રક્ષક જ ભક્ષક બની જાય તો સામાન્ય જનતાએ ક્યાં જવું તે મોટો પ્રશ્ન છે. મીડિયા અહેવાલ મુજબ, આ નશાખોર ચાલકની ઓળખ લાલા લક્ષ્મણ બારીયા તરીકે થઈ છે, જે મૂળ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના પરમપુર ગામનો વતની છે અને હાલ પાણીગેટ બસ ડેપોમાં ડ્રાઈવર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યો છે. ફરજ દરમિયાન આ પ્રકારનું ગેરજવાબદાર અને અક્ષમ્ય કૃત્ય આચરીને તેણે માત્ર કાયદાનું જ ઉલ્લંઘન નથી કર્યું, પરંતુ નિર્દોષ મુસાફરોના પ્રાણ પણ જોખમમાં મૂક્યા છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક કપુરાઈ પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ત્વરિત પગલાં ભર્યા હતા. પોલીસ તપાસ દરમિયાન ડ્રાઈવરે દારૂનું સેવન કર્યું હોવાની વાત સ્પષ્ટ રીતે સાબિત થઈ હતી, જેને પગલે પોલીસે તેની સામે પ્રોહિબિશન ધારા હેઠળ સખત ગુનો નોંધીને કાયદેસરની ધરપકડ કરી છે.

## સાવરકુંડલા શ્રી વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ સમાજ દ્વારા ૩૧મો શ્રીબાઈ માતાજી તિથી મહોત્સવ અને ૨૨મો સરસ્વતી સન્માન સમારોહ ધામધૂમથી યોજાયો

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા

શ્રી વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિ સમાજ - સાવરકુંડલા દ્વારા આયોજિત ૩૧મો શ્રીબાઈ માતાજી તિથી મહોત્સવ તેમજ ૨૨મો સરસ્વતી સન્માન કાર્યક્રમ ૨૦૨૬ ખૂબ જ ભવ્યતા, શ્રદ્ધા અને ઉત્સાહભેર યોજાયો હતો. આ પ્રસંગે સાવરકુંડલાના ધારાસભ્ય



શ્રી મહેશભાઈ કસવાલા, નાગધ્રાથી પધારેલા પૂજ્ય સંત શ્રી ગોરાબાપુ, વિવિધ રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ, પ્રજાપતિ સમાજના શ્રેષ્ઠીઓ તથા પ્રજાપતિ સમાજના દાતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં સવારે શ્રીબાઈ માતાજીની ડીજેના તાલે ભવ્ય અને ભક્તિમય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં સાવરકુંડલાની માતાઓ-બહેનો સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉત્સાહભેર જોડાયા હતા. ત્યારબાદ મુખ્ય કાર્યક્રમનો પ્રારંભ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, સંત શ્રી ગોરાબાપુ તેમજ ઉપસ્થિત રાજકીય-સામાજિક આગેવાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ તકે પધારેલા પૂજ્ય ગોરાબાપુએ દિવ્ય આશીર્વચન આપ્યા હતા, જ્યારે ધારાસભ્યશ્રી અને અન્ય અગ્રણીઓએ સમાજની શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી.સમારોહમાં ઉપસ્થિત તમામ અતિથિ વિશેષ અને મહેમાનોનું પ્રજાપતિ સમાજની નાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરીને ભાવભર્યું સ્વાગત કરાયું હતું. સાથોસાથ સમાજના શ્રેષ્ઠીઓ, પ્રજાપતિ સમાજના દાતાઓ અને મુખ્ય મહેમાનોનું સાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ ભવ્ય સમારોહમાં સાવરકુંડલા પ્રજાપતિ સમાજના બાળમંદિરથી લઈને માસ્ટર ડિગ્રી સુધી ૧ થી ૩ નંબર મેળવનાર ૧૫૦થી પણ વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને ધારાસભ્યશ્રી, સંતો અને ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે શીલ્ડ, પુસ્તક, પેન અને સ્કૂલ બેગ સહિતની શૈક્ષણિક કિટ આપીને પ્રોત્સાહિત કરાયા હતા.રાત્રિના ૯:૦૦ કલાકે ભવ્ય સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા કલાકારો મનોજદાદા બોરીસાગર (લોક સાહિત્યકાર), મેનાબેન વાજા (સંતવાણી આરાધક), શૈલેષભાઈ પીઠવા (અલખ આરાધક) અને મહેશ્વરીબેન વાજા (સંતવાણી આરાધક) દ્વારા મોડી રાત સુધી ભજનોની જમાવટ બોલાવવામાં આવી હતી. આ સંતવાણીમાં ભાવિક ભક્તોએ ભક્તિની રમઝટ માણી ધન્યતા અનુભવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો અને રાજકીય-સામાજિક આગેવાનોએ સમાજના આ ઉત્કૃષ્ટ આયોજનને હૃદયપૂર્વક બિરદાવ્યું હતું.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

કોઈ હાઈ-પ્રોફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે.

**વૃષભ : બ. વ. ઉ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**કર્ક : ડ. હ.**

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે.

**સિંહ : મ. ટ.**

કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. તમારૂ સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**તુલા : ર. ત.**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો.

**વૃશ્ચિક : ન. ય.**

કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ, લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**મકર : ખ. જ.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂ ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે.

## 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જૂનાગઢમાં યોગ અને ધ્યાન શિબિર યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જૂનાગઢ ખાતે યોગ અને ધ્યાન શિબિરનું આયોજન કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું, આ શિબિરમાં મોટી સંખ્યામાં નાગરિકો, યુવાનો અને યોગ સાધકો જોડાયા હતા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ તથા યોગ સેવક શ્રી શિશપાલજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલિયા તથા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. વી.પી. ચોવટિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં ઉપસ્થિત નાગરિકોને યોગના વિવિધ આસનો, પ્રાણાયામ તથા ધ્યાન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યોગાભ્યાસ દરમિયાન શરીર અને મન વચ્ચેનું સંતુલન જાળવવા, શ્વાસોચ્છવાસની યોગ્ય પદ્ધતિ અપનાવવા તેમજ નિયમિત યોગ દ્વારા દૈનિક જીવનમાં શારીરિક સ્ફૂર્તિ અને માનસિક શાંતિ જાળવવા અંગે સમજ આપવામાં આવી હતી. આ શિબિરનો મુખ્ય હેતુ લોકોમાં યોગ પ્રત્યે જાગૃતિ વધારવા તથા યોગને દૈનિક જીવનનો ભાગ બનાવવા માટે પ્રેરિત કરવાનો હતો. આજના વ્યસ્ત જીવનમાં શારીરિક કસરતની સાથે માનસિક સ્વસ્થતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે ત્યારે યોગ અને ધ્યાન જીવનમાં પરિવર્તન લાવવામાં ઉપયોગી બની શકે છે.

## નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ 2026 યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ | ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી,ગુજરાત સરકાર પ્રસ્થાપિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ તથા જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ની કચેરી જુનાગઢ ના સંયુક્ત ઉપક્રમ નેશનલ રૂરલ આઈ.ટી. ક્વિઝ 2026નું આયોજન કરવા આવ્યું છે જે ભારત સરકાર ના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાયલ તથા ટાટા કંન્સલટન્સી, બેંગ્લોર દ્વારા સમગ્ર ભારત માં યોજાઈ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં વધુ ને વધુ જાગૃત થાય તેવા હેતુ વિદ્યાર્થીઓ માટે આગામી 4 થી 9 ઓક્ટોબર ના રોજ જિલ્લા કક્ષાની જુનાગઢ ખાતે આ સ્પર્ધા યોજાશે તેમાં ભાગ લેવા ઈચ્છતી શાળા એ વિદ્યાર્થીઓ નામ લખી વોટ્સએપ નંબર 9429433449 અથવા ઈમેઈલ bdcscjnd@gmail.com ઉપર મોકલી આપવા માટે લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરા એ એક યાદીમાં જણાવ્યું છે .

# ખાંભામાં ગણપતિ વિસર્જનની ભવ્ય ઉજવણી

## ૧૦ દિવસ સુધી કળિયુગના દેવ ગણપતિ દાદાની ભક્તિમાં લીન થયા બાદ ખાંભામાં ડીજેના તાલે દાદાને વિદાય: ગોકુળ આંબલી નદીમાં ભાવપૂર્વક વિસર્જન

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ (ખાંભા)

દુર્લભનગર સોસાયટી સહિત ખાંભાના વિવિધ વિસ્તારોમાંથી ઢોલ-નગારા અને ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા નીકળી, મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા ખાંભા પંથકમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વથી શરૂ કરીને સતત ૧૦ દિવસ સુધી ભક્તોએ વિઘ્નહર્તા ગણપતિ દાદાની સ્થાપના કરી ભાવપૂર્વક પૂજા-અર્ચના, આરતી, મોદક ભોગ અને સતત સેવા પૂજા કરી હતી. ૧૦-૧૦ દિવસ સુધી દરરોજ સવાર-સાંજ 'જય ગણેશ' ના નાદથી સમગ્ર ખાંભા ગુંજી ઉઠ્યું હતું. ભક્તિમય વાતાવરણ વચ્ચે ગણેશોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કર્યા બાદ આજે અશ્રુભીની આંખે ગણપતિ દાદાને વિદાય આપવામાં આવી હતી.ખાંભાની દુર્લભનગર સોસાયટી તેમજ શહેરના અનેક વિસ્તારોમાંથી ગણેશ મંડળો અને શ્રદ્ધાળુઓ દ્વારા ગણપતિ દાદાની મૂર્તિઓ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ડીજેના ધમધમાટ, ઢોલ-નગારાના તાલ અને 'ગણપતિ બાપ્પા



મોરિયા, અગલે બરસ તૂ જલ્દી આ' ના ગગનભેદી જયઘોષ સાથે સમગ્ર ખાંભા શહેર ભક્તિના રંગે રંગાયું હતું. અબાલ-વૃદ્ધ સૌ કોઈ દાદાની ભક્તિમાં લીન થઈ ગુલાલની છોળો વચ્ચે આનંદ-ઉલ્લાસથી ઝૂમી ઉઠ્યા હતા. શોભાયાત્રા દરમિયાન વિવિધ સ્થળોએ પ્રસાદ વિતરણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓ, પુરુષો અને બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારબાદ મોટી સંખ્યામાં પહોંચેલા ભક્તોની વિશાળ જનમેદની વચ્ચે ખાંભાની પવિત્ર ગોકુળ આંબલી નદી ખાતે ગણપતિ દાદાની મૂર્તિઓનું શાસ્ત્રોક્ત વિધિ અને પવિત્ર જળમાં ભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. નદી ખાતે કોઈ અણબનાવ ન બને તે માટે ખાંભા પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ખાંભાવાસીઓએ ગણપતિ દાદાના આશીર્વાદ મેળવી, સુખ-શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના સાથે આગામી વર્ષે ફરી જલ્દી આવવાનો કોલ આપી દાદાને ભાવભીની વિદાય આપી હતી.

## સેવા સંકલ્પ અભિયાન ઉજવણી અંતર્ગત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ ખાતે સ્વચ્છતા અભિયાન સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | રાજ્ય સરકારશ્રી દ્વારા ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ દરમ્યાન સેવા અને સમર્પણનાં ૨૫ વર્ષની ઉજવણી અંતર્ગત સેવા સંકલ્પ અભિયાન ઉજવણીનાં ભાગ રૂપે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સટી જૂનાગઢ ખાતે કુલપતિ ડો.પ્રતાપસિંહજી ચૌહાણ અને રજીસ્ટ્રાર ડો.આર.જી. પરમાર અને વિવિધ વિભાગાધ્યક્ષશ્રીઓ અને વિદ્યાભવનમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, સેવાકર્મીઓએ સાથે મળી વૃક્ષારોપણ કાર્યક્રમ સાથે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજ્યો હતો. આ પ્રસંગે કૂલપતિ ડો.પ્રતાપસિંહજી ચૌહાણે વૃક્ષારોપણ કરી વિદ્યાર્થીઓને પર્યારવણ અને સ્વચ્છતાનું મહત્વ સમજાવતા જણાવ્યુ હતુ કે પર્યાવરણ અને સ્વચ્છતા એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે, કારણ કે સ્વચ્છ પર્યાવરણ જ તંદુરસ્ત જીવનનો આધાર છે. જ્યારે આપણે આપણા આસપાસના વાતાવરણને સાફ રાખીએ છીએ, ત્યારે આપણે માત્ર રોગોથી જ નથી બચતા પરંતુ પ્રકૃતિનું પણ રક્ષણ કરીએ છીએ. પ્લાસ્ટિક અને કચરો ગમે ત્યાં ફેંકવાથી જમીનની ફળદ્રુપતા ઘટે છેસ્વચ્છ અને લીલોતરીવાળુ વાતાવરણ માણસને માનસિક તણાવથી દૂર રાખે છે અને સકારાત્મક ઉર્જા આપે છે, તેથી કેટલીક બાબત યાદ રાખવી જેમ કે કચરો હંમેશા કચરાપેટીમાં જ નાખવો, અને ભીનો-સૂકો કચરો અલગ કરવો, પ્લાસ્ટિક ની બેગના બદલે કાપડની થેલીનો ઉપયોગ કરવો, પાણીનો બગાડ અટકાવો અને વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ.

## સિનિયર સિટીઝન બ્રહ્મ ગ્રુપ, જુનાગઢ દ્વારા જગન્નાથ મંદિર ગંધર્પવાડા જુનાગઢ ખાતે ધજા ચડાવવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

સિનિયર સિટીઝન બ્રહ્મ ગ્રુપ, જુનાગઢ દ્વારા સામાજિક ધાર્મિક અને સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે તે મુજબ આ અગાઉ અષાઢ માસમાં ભવનાથ મહાદેવ મંદિર ઉપર ધજા ચડાવવાનો તથા શ્રાવણ માસમાં ભવનાથ મહાદેવને ગંગા જળાભિષેક કરવામાં આવેલ ત્યારબાદ ભવનાથ મહાદેવને અલગ અલગ પ્રકારના ફળો કુલ મળીને ૫૧ કિલો ફળો ધરાવવામાં આવેલ અને ભાદરવા માસમાં જૂનાગઢમાં આવેલ માત્ર એક જગન્નાથ મંદિર કે જે ગંધર્પવાડા, જુનાગઢમાં આવેલ છે જ્યાં જગન્નાથજી,



બલભદ્રજી અને બહેન સુભદ્રાજી તથા લક્ષ્મીનારાયણ દેવ તેમજ હનુમાનજી મહારાજ અને જગન્નાથ મહાદેવ બિરાજમાન છે ત્યાં તા.૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ ને શુક્રવારના રોજ જગન્નાથજી, હનુમાનજી અને મહાદેવજીના મંદિર ઉપર ધજારોહણ કરવામાં આવ્યું ત્યારે ભક્તિ ભાવથી ઉપસ્થિત રહેલ સિનિયર સિટીઝનો દ્વારા જગનાથજીની જય તથા હનુમાનજી મહારાજની જય અને હર હર મહાદેવના જયકારો કરી ધજા ચડાવવામાં આવી હતી. ધજા ચડાવવતા પહેલાં શાસ્ત્રોક્ત વિધિથી ધજાની પૂજા, અર્ચના સાથે વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરવામાં આવી હતી ત્યારબાદ મહા આરતી કરવામાં આવ્યા બાદ ધજા ચડાવવામાં આવી ત્યારબાદ સૌએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી, યોગ ગુરુ શ્રી ધાનકીભાઈએ જણાવ્યું હતું કે ભાગ્યમાં હોય તો જ આવો સુંદર લાભ મળી શકે. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે શ્રી રાજુભાઈ વ્યાસ, શૈલેષભાઈ પંડ્યા, નરેન્દ્રભાઈ દવે, બીપીનભાઈ ભટ્ટ અને યોગેશભાઈ વ્યાસ ની ટીમ એ જહેમત ઉઠાવી હતી.

# સંખેડામાં પાણીની ટાંકીનું સફળ સમારકામ



રિપોર્ટર.કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના ટીંબા ગામે પાણી પુરવઠા વિભાગ દ્વારા બે વર્ષ પહેલા બનાવેલી પાણીની ટાંકીમાં મોટું લીકેજ હતું. અમદાવાદ એક્સપ્રેસ પેપરમાં આ અંગે સમાચાર છપાતા જ તંત્ર સક્રિય થયું અને ટાંકીનું સમારકામ કરાયું.અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ તંત્રએ તરત જ ધ્યાન આપ્યું. ગઈકાલે કોન્ટ્રાક્ટર દ્વારા સ્થળ પર કામ શરૂ કરાયું. ટીમે ટીંબા ગામે પહોંચી આધુનિક ટેકનોલોજીથી કેમિકલ પ્રેશર દ્વારા લીકેજ પૂરી રીતે બંધ કર્યું.હવે ટાંકીમાંથી પાણીનો બગાડ અટકશે અને ગામ લોકોને પૂરતા પ્રેશરથી પાણી મળશે. આ સમારકામથી ગામના લોકોમાં ખુશી જોવા મળી.બે વર્ષથી પરેશાન ગ્રામજનોએ આ સમસ્યાને બહાર લાવવા બદલ અમદાવાદ એક્સપ્રેસ ન્યુઝ પેપર નો આભાર માન્યો. તેમણે તંત્ર દ્વારા ઝડપથી કામ થવા બદલ સંતોષ પણ વ્યક્ત કર્યો.

# શ્રી સરસ્વતી વિદ્યાલય થર્મલ દ્વારા પૂર્ણ 'વંદે માતરમ્'નું ભવ્ય સામૂહિક ગાન યોજાયું

> બે હજાર થી વધુ નાગરિકો રાષ્ટ્રભક્તિમાં સહભાગી થયા
> વંદે માતરમ્ ગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વિદ્યા ભારતી દ્વારા વિશ્વ વિક્રમ સર્જવા તરફ એક કદમ
> વણાકબોરી થર્મલ અને આસપાસની વિવિધ શાળાઓમાં એક સાથે, એક સ્વરે ગુંજી ઉઠ્યું 'વંદે માતરમ્'

અશેષ વ્યાસ | ખેડા

રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ગીતને ૧૫૦ વર્ષ પૂર્ણ થયા છે. વંદે માતરમ્ એ રાષ્ટ્રીય ચેતનાનું ગાન છે, જેણે સમગ્ર વિશ્વને એક નવી ઓળખ આપી છે. આવા ઐતિહાસિક અવસરે રાષ્ટ્રસેવા, રાષ્ટ્ર સમર્પણ અને રાષ્ટ્રીય ચેતનાને



જગાડવાનો એક સરાહનીય પ્રયત્ન વિદ્યા ભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન દ્વારા સમગ્ર દેશમાં કરવામાં આવ્યો છે. આ પ્રયત્ન એટલે સામૂહિક પૂર્ણ 'વંદે માતરમ્' ગાન કાર્યક્રમ, જેના દ્વારા વિદ્યાભારતી પરિવાર એક અનોખો વિશ્વ વિક્રમ સર્જવા જઈ રહ્યો છે. આ વિશ્વ વિક્રમના ભાગરૂપે વણાકબોરી થર્મલ સ્થિત વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત શ્રી સરસ્વતી વિદ્યાલય થર્મલ દ્વારા શુક્રવારે સવારે ૧૧ વાગ્યે રંગ ભવનના મેદાનમાં એક સાથે, એક લય અને એક સ્વરે પૂર્ણ 'વંદે માતરમ્'નું ભવ્ય સામૂહિક ગાયન યોજાયું હતું. આ રાષ્ટ્રીય ચેતનાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વિશ્વમાં આ સામૂહિક ગાન કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વણાકબોરી થર્મલ કોલોની ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વણાકબોરી થર્મલ સંકુલના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ,ખેડા જિલ્લા પંચાયતના સદસ્યો, ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો સહિત બે હજારથી પણ વધારે નાગરિકો પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહીને વંદે માતરમ્નું સામૂહિક રાષ્ટ્રગાન ગાઈ રાષ્ટ્રભક્તિમાં ઉત્સાહપૂર્વક સહભાગી બન્યા હતા.આ રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત વિસ્તારની અન્ય શાળાઓમાં પણ દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. જેમાં વિદ્યુતબોર્ડ વિદ્યાલય, પે સેન્ટર શાળા થર્મલ, જલારામ ઈન્ટરનેશનલ સ્કૂલ થર્મલ, સહજાનંદ ગ્લોબલ સ્કૂલ બાલાસિનોર, મોર્ડન સ્કૂલ સેવાલિયા તેમજ સી.પી. પટેલ હાઈસ્કૂલ સેવાલિયામાં પણ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્થાનિક નાગરિકો દ્વારા પૂર્ણ 'વંદે માતરમ્'નું ગાન કરીને અભૂતપૂર્વ રાષ્ટ્રભક્તિ વ્યક્ત કરવામાં આવી હતી.

## નરસૈયાની નગરીનાનાં ડોક્ટરોએ વનવાસી ક્ષેત્રમાં "વૈશણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે" પદને આત્મસાત કરી ચાર ગામોમાં ચિકિત્સા કેમ્પ યોજ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ,વડોદરાની પ્રશાખા એવી જુનાગઢ વનવાસી કલ્યાણ પરિષદ એકમ દ્વારા વનવાસી ક્ષેત્રોના છોટૌદેપુર જિલ્લા નાં સાઢલી, ઉમઠી, ધામસિયા અને રાયપુર ગામોમાં ચાર મેડિકલ કેમ્પ જૂનાગઢનાં ભક્તકવિ નરસિંહ મહેતાની રચના 'વૈશણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે' નાં પદને આત્મસાત કરતી સેવાની સુવાસ પ્રસરાવી હતી. છોટાઉદેપુર તાલુકાનાં પાવી જેતપુર, કવાંટ, નસવાડી તાલુકાનાં અંતરીયાળનાં ચારેય ગામોની ચિકિત્સા શિબિરનું સંકલન ચંદ્રકાન્તભાઈ રાવલાણી, ગાયત્રીબેન વ્યાસ, અર્ચનાબેન કાળે અને ઈન્દ્રવદનભાઈ અમીને સંભાળ્યું હતુ આ ગામોમાં કાનજીભાઈ રાઠવા અને રામચંદ્રભાઈ રાઠવા એ ઉમઠી ગામ માટે, પારસિંગભાઈ રાઠવા અને નેવસિંગભાઈ રાઠવા એ સાઢલી ગામ માટે મંગુબેન ભીલ અને ઈશ્વરભાઈ ભીલ એ ધામસિયા ગામ માટે અને ચીમનભાઈ રાઠવા અને જેસીંગભાઇએ રાયપુર ગામ માટે જવાબદારી સંભાળી ચિકિત્સા શિબિરમાં આનુસંગિક વ્યવસ્થાઓની જવાબદારી વહન કરી હતી જુનાગઢ થી પ્રસ્થાન થયેલી મેડિકલ કેમ્પ બે ટીમ પૈકી અંબાજી થી ૨૪ સભ્યોની ટીમ ડો.મુકેશભાઈ વી પાનસુરીયાના નેતૃત્વ તળે ચિકિત્સા શિબીરો યોજી હતી, જ્યારે ડો. દીપકભાઈ ભલાણીની ટીમ દાતાર ટીમ તરીકે કેમ્પ યોજ્યા હતા, આ બંને ટીમોના કુલ ૪૮ સભ્યોએ ચિકિત્સા કેમ્પમાં રક્ત પરીક્ષણ, યુરિન પરીક્ષણ, ઈસીજી, કાર્ડિયોગ્રામ સહિતની પૂરક વ્યવસ્થાનું સંચાલન કરી નિદાન પામેલ દર્દીઓને જરૂરિયાત મુજબની સઘળી દવાઓ સ્થળ પરથી જ નિ:શુલ્ક પૂરી પાડવાની વ્યવસ્થાઓમાં સહયોગ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ વડોદરા દ્વારા જૂન ૨૦૨૬ થી સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં ચાર મહાનગર ૧૨ જિલ્લા ૪૨તાલુકાના કુલ ૧૩ જગ્યાએ પરિવાર મિલનના કાર્યક્રમો યોજાયા હતા જેમાં ૫૨૫ ગામના ૩૬૬૩ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમની ભોજન સહિત સઘળી વ્યવસ્થા પરિવારના કાર્યકર્તાઓ દ્વારા સ્વયંભૂ ઉઠાવવામાં આવી હતી. આ જ રીતે સનાતન સંસ્કૃતિના રક્ષાબંધન પર્વના ઉજવણી અંતર્ગત ગુજરાત રાજ્યના ૧૨ જિલ્લાના ૩૮ તાલુકામાં ૧૨૪૯ ગામોમાં ચાર લાખ ૪૦૨૭૬૬ વ્યક્તિઓને રાખડી બાંધી હતી જેમાં ૫૨૭૬ કાર્યકર્તાઓએ પોતાનું સમય યોગદાન આપ્યું હતું ભારતીય સંસ્કૃતિમાં ગણપતિ ઉત્સવનું મહત્વ અદકેરું રહ્યું હોય વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા નવ જિલ્લાના ૨૭ તાલુકા મથકોના બે સ્થાન મૂર્તિ નિર્માણ માટે નિશ્ચિત કરી ૩૭૦જગ્યા એ મૂર્તિ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે જ રીતે સામૂહિક ભજન સત્સંગ અંતર્ગત આઠ જિલ્લાના ૧૫ તાલુકાના ૨૪ સ્થાન પર અઠ્ઠાણું ગામના ૧૬૪૬ ભક્તો ઉપસ્થિત રહી અને આ સત્સંગ કાર્યમાં જોડાયા હતા. વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા જૈવિક ખેતી નિદર્શન કાર્યક્રમ અંતર્ગત ૧૧ જિલ્લાના ૨૧ તાલુકાના ૫૧ સ્થળો પર ૧૦૫૩ ખેડૂતોએ અમૃત ખાતર, જંતુનાશક દવા, બીજામૃત જીવામૃત ઘનામૃત સહિત જૈવિક ખેતીની બાબતોની જાણકારી હાસલ કરી અને પોતાના ખેતરોમાં સફળ પ્રયોગ કર્યા હતા, વનવાસી ક્ષેત્રના આઠ જિલ્લાના ૧૬ તાલુકા ના ૨૧ સ્થળોએ રસોઈ કલા પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયા હતા તેમાં ૪૨૨ બહેનો સહભાગી બન્યા હતા. જેમાં વનવાસિક ક્ષેત્રની બહેનોને ઢોકળા, ખમણ, મુઠીયા, અથાણું, શરબત પાઉભાજી જેવી રસોઈની કળાઓ શીખવવામાં આવી હતી.વનવાસી કલ્યાણ પરિષદ વડોદરા દ્વારા વનવાસી ક્ષેત્રના વન બંધોના આરોગ્યની અગ્રીમ કહી શકાય એવી સેવા સુશ્રુશાની જવાબદારીઓમાં સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં કુલ ૧૦ જિલ્લાના ૬૭ સ્થળોએ શિબીરો યોજવામાં આવી હતી જેમાં ૨૧૫ ડોક્ટરો એ સેવા આપી હતી આ ડોક્ટરો સાથે ૧૬૭ ફાર્માસ્યુટિકલ કર્મયોગીઓએ પણ જોડાયા હતા. ચિકિત્સા શિબિરમાં ૯૯૨૫ લાભાર્થીઓએ પોતાના શારીરિક સ્વાસ્થ્ય ની સંભાળ માટે નિદાન કરાવ્યું હતું આ ૧૦ જિલ્લાના ૩૭૧ ગામમાં યોજાયેલા ચિકિત્સા કે શિબીરોમાં ૩૩૭ નગરીય કાર્યકર્તા અને ૭૬૫ ગ્રામીણ કાર્યકર્તાઓ મળીને ૧૧૦૨ કાર્યકર્તાઓએ સેવા કાર્યમાં સહયોગ નોંધાવ્યો હતો. આગામી સમયમાં ૧૧ ઓક્ટોબર સુધી અન્ય ૫૭ જેટલા મેડિકલ કેમ્પ યોજાનાર હોવાની અને નવેમ્બરની પહેલી તારીખ સુધીમાં પ્રદેશમાં ૧૭ સ્થાન પર સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન થનાર હોવાની વાત શ્રી ચંદ્રકાંતભાઈ રાવલાણીએ જણાવી હતી.

# અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર લૂંટ વિથ મર્ડરની ઘટના







અમદાવાદ | અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર કરિયાણા ગામ નજીક 825 કિલો પિત્તળ લૂંટવા રાજકોટના ટ્રક ડ્રાઈવર સિકંદરભાઈ જુણેજાની હત્યા કરાઈ હતી. મોબાઈલ હેન્ડ્સ ફ્રી વડે ગળેટૂંપો આપી હત્યા બાદ ઉત્તર પ્રદેશના તબરેજ અંસારી અને મોહંમદ અલમીન ફરાર થયા છે. પેટલાદ નજીકથી આરોપીઓનો ટેમ્પો અને દેશી પિસ્ટલ મળી આવ્યા છે. કોઠ પોલીસે માલ ખરીદનારની ધરપકડ કરી, ફરાર આરોપીઓને શોધવા ચક્રો ગતિમાન છે. અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે પર કરિયાણા ગામની સીમ નજીક સનસનાટીભરી લૂંટ વિથ મર્ડરની ઘટના સામે આવી છે. 825 કિલો પિત્તળ(બ્રાસ) લૂંટવાના ઈરાદે રાજકોટના ટ્રક ડ્રાઈવર સિકંદરભાઈ જુણેજાની મોબાઈલની હેન્ડ્સ ફ્રી વડે ગળેટૂંપો આપી ક્રૂર હત્યા કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે, ઉત્તર પ્રદેશના તબરેજ અંસારી અને મોહંમદ અલમીન નામના બે આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચી આ ઘટનાને અંજામ આપ્યો હતો અને લૂંટેલો માલ વેચી ફરાર થઈ ગયા હતા. બીજી તરફ, આણંદના પેટલાદ નજીક દર્શન હોટલના પાર્કિંગમાંથી આરોપીઓનો બિનવારસી આઈસર ટેમ્પો મળી આવ્યો છે. ટેમ્પોની તપાસ દરમિયાન અંદરથી એક દેશી બનાવટની પિસ્ટલ અને 5 જીવતા કારતૂસ જપ્ત કરાયા છે. કોઠ પોલીસે માલ ખરીદનાર શખસની ધરપકડ કરી છે.સમગ્ર મામલે પેટલાદ પોલીસ મથકે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પેટલાદ અને કોઠ પોલીસ દ્વારા વિશિષ્ટ ટીમો બનાવી ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

## આકસ્મિક અવસાન બાદ પરિવારને SBI બેંક દ્વારા રૂ. 1 કરોડની સહાય

દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા તાલુકાના શિક્ષક પરિવાર માટે દુ:ખદ પ્રસંગ બનેલા સ્વ. ગોપાલભાઈ મહેરાના આકસ્મિક અવસાન બાદ તેમના ધર્મપત્નીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) બેંક દ્વારા રૂ. 1 કરોડનો ચેક અર્પણ કરવામાં આવશે-.આ પ્રસંગે SBI બેંકના તમામ અધિકારીશ્રીઓની ઉપ-




સ્થિતિમાં આ સહાય અર્પણ કરવામાં આવશે. સાથે લીમખેડા વિધાનસભાના માનનીય ધારાસભ્ય શ્રી શૈલેષભાઈ ભાભોર સાહેબ, લીમખેડા તાલુકાના માનનીય પ્રમુખ શ્રી નર્વતભાઈ ડાંગી,દાહોદ જિલ્લાના DPEO સાહેબ શ્રી, લીમખેડા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી શ્રી પ્રકાશભાઈ રાવત સાહેબ, લીમખેડા તાલુકાના TPEO શ્રી અરવિંદભાઈ પરમાર, તેમજ BRC કો.ઋષિભાઈ તથા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - દાહોદ જિલ્લા અધ્યક્ષ શ્રી દેસિંગભાઈ તડવી, લીમખેડા તાલુકાના અધ્યક્ષશ્રી દિપસિંગભાઈ પટેલ , મહા મંત્રી શ્રી હિમાંશુ પટેલ, સંગઠન મંત્રી ફતેસિંહ બારીયા તથા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અને શિક્ષક સંઘના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.આ પ્રસંગે સ્વ. ગોપાલભાઈ મહેરાના પરિવારજનો પણ ઉપસ્થિત રહી આ સહાય સ્વીકારશે.સ્વ. ગોપાલભાઈના પરિવારને મળેલી આ આર્થિક સહાય તેમના પરિવાર માટે મુશ્કેલ સમયમાં એક મહત્વપૂર્ણ આધારરૂપ બનશે. સમગ્ર શિક્ષક પરિવાર તરફથી SBI બેંકના અધિકારીઓનો આ માનવતાભર્યા સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. સ્વ. ગોપાલભાઈ મહેરાને ભાવભીની શ્રદ્ધાંજલિ અને તેમના પરિવાર પ્રત્યે સંવેદના.

# આગ અને રાગના સંગમતીર્થ આગરા કી ઓર-1

તખુભાઈ સાંડસુર

પૂ.મોરારિબાપુને સાંભળવાનો મોકો સતત મન તલાશતુ રહેતું હોય છે.કારણ કે બાપુના શબ્દોનું તીર્થસ્થાન એક એવો વડલો બની ગયું છે. જેની છાયામાં બેસીને તમે જીવનનો વિસામો લઈ શકો.એટલું જ નહીં જીવનની સમસ્યા અને પડકારોનું સમાધાન આ વાણી તમને આપે.કંઈક સુગંધ છોડીને જવી છે એવો સંદેશ પણ એ પંડાલમાંથી સતત પડઘાતો સંભળાય છે.જેથી બાપુના કથા ચિંતન માટે સતત મન લાલાયિત રહે તે સ્વાભાવિક છે. આગરા એટલે એક એવી ઐતિહાસિક નગરી જ્યાં મધ્યયુગનો ઈતિહાસ પથ્થરોમાં આજે પણ કોતરાયેલો પડ્યો છે. કોઈ તેને જરૂરથી અલગ અલગ દ્રષ્ટિકોણથી,સ્થાનોથી જોઈ શકે છે,પોતાની રીતે મુલવી શકે છે.પણ આ ભૂમિ ઉપર તલગાજરડી વ્યાસપીઠ પહોંચી છે એટલે અમે પણ થેલાઓ લઈને નીકળી પડ્યા આગરાની મોજારે. 'ભટકતા ભાથું મળે' અને 'બાંધ્યો ભૂખ્યો મરે' આ કથનો તમને પ્રવાસ માટે સતત ઉત્સાહિત રહેવા માટે પ્રેરે છે. ઉમાશંકર ભોમિયા વગર જ ભમવાનું કહે છે પણ ભમ્યા પછી તમે ભોમિયા બની જતા હો છો. હું અને જીતુભાઈ જોશી તા. 16 સપ્ટેમ્બરે 2026ના પ્રસ્થાન કરીએ છીએ આગરા માટે. અમદાવાદમાં ગાંધીગ્રામ



સ્ટેશનથી સીધી ટ્રેન એક આગરાની છે.અગાઉ આ ટ્રેન સાબરમતીથી સંચાલિત થતી હતી.ત્યારે એ જ ટ્રેનમાં મુસાફરી કરવાનો થોડાં સમય પહેલાં મોકો- અવસર પણ મળેલો.આ ટ્રેન લગભગ 870 કિલોમીટરનું અંતર 14 કલાકે કાપે છે. સાંજે 5:00 વાગે નીકળીને વહેલી સવારે 7-00 વાગે આગરા કેન્ટના રેલવે સ્ટેશનએ ઉભી રહી જાય છે.અમે ટ્રેનમાં વાતાનુંકુલિત બર્થ લેવાનો હંમેશા આગ્રહ રાખીએ. જેથી વાતાવરણ અને ભાવાવરણ પણ અનુકૂળ હોય તેવું પ્રાપ્ત થાય.પણ આ વખતનો અનુભવ થોડો અલગ પ્રકારે થયો.ટ્રેનમાં મેં જોયું કે બે તીર્થસ્થાનો એક કૃષ્ણ જન્મ અને વિહારની ભૂમિ એટલે મથુરા -વૃંદાવન અને બીજો ફતેપુર સીકરીની સલીમ ચિસ્તીની એ દરગાહ કે જેની સાથે મુસ્લિમ બિરાદરોની શ્રદ્ધા અતૂટ રીતે જોડાયેલી છે.તેના યાત્રિકો વધું હતાં.પણ મહદઅંશે મથુરા જનારા મુસાફરોની સંખ્યા ઓછી જોવા મળે પણ ફતેપુરના મુસાફરો વધુ હોય.ટ્રેન રાત્રી દરમિયાન સતત દોડતી રહે છે. પાલનપુર સ્ટેશન વટાવ્યા પછી આબુ અને ભરતપુરની વચ્ચે તે રાજસ્થાનમાંથી પસાર થાય છે.સામેની સાઈડ બર્થ પર મુસાફરી કરી રહેલા એક સજ્જનો નાનો એવો થેલો જેમાં તેમના અગત્યના કાગળો અને નાની મોટી ચીજો હતી. તે ભરતપુર સુધીમાં ગાયબ થઈ ગયો હતો.એ જાણીને ખૂબ આશ્ચર્ય થયું કે આ ટ્રેનમાં જ્યારે તમે જાવ છો ત્યારે તમારું લગેજ એ વાતાનુંકુલિત એવા ડબ્બામાં પણ અસલામત છે તેની સભાનતા સાથે તમારે મુસાફરી કરવી પડે. તા. 17 ના રોજ સવારે સૂરજદાદા કોર કાઢે છે. અમે આગરા છાવણી વિસ્તાર જેને કેન્ટોનમેન્ટ તરીકે ઓળખવામાં આવે તે સ્ટેશન ખાતે ઉતરીને અમારી અવનીશ એવી પંચતકારક હોટેલમાં પહોંચીએ છીએ. ઉતારો કરીને તરત જ કથા સ્થળે જઈ અને 'માનસ ઋષિ પંચમી'ના સંદર્ભે પ્રવાહિત થતું બાપુનું ચિંતન અમૃત જળના કુંડમાં જાતને ઝબોળવા બરોબર હોય તેવો અહેસાસ જરૂર થાય છે. બપોર પછીનો સમય આગરાના એ લાલ પથ્થરોથી બનેલા કિલ્લાને સ્પર્શવાનો હતો. ઘણીવાર હમણાંથી અહીં આવવાનું થયું પરંતુ કિલ્લાનો પડથાર ચૂકાઈ ગયેલો.હવે આપણી પાસે આવેલી ઓનલાઈન મુસાફરી રેન્ટલ એપના કારણે તમારે હવે બાર્ગેનિગમાં સમય વેડફવો પડતો નથી.રેપીડો હોય કે ઉબર હોય તમને જ્યાં પહોંચવું છે ત્યાં નક્કી કરેલા ભાડાથી જરૂર પહોંચાડી દે છે.

## જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન વિપુલભાઈ કાવાણીએ સરસ મેળાને વિધિવત્ ખુલ્લો મૂક્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢમાં ઝાંસીની સર્કલ પાસે પ્રી-નવરાત્રીના ભાગરૂપે આયોજિત પાંચ દિવસીય સરસ મેળાને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન વિપુલભાઈ કાવાણીએ વિધિવત્ રીતે ખુલ્લો મૂક્યો હતો. રાજ્ય સરકારના ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની તથા જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગ થી આયોજિત આ



સરસ મેળામાં સ્વસહાય જૂથ-સખી મંડળની બહેનો દ્વારા ઉત્પાદિત હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, પંચગવ્ય, ઈમિટેશન, લેડીઝવેર, ગૃહ સુશોભન, ફરસાણ સહિતની વસ્તુઓ મળી રહેશે. આજથી શરૂ થયેલો આ સરસ મેળો ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલશે. આ મેળો સવારે ૧૦:૦૦ કલાકથી સાંજના ૧૦:૦૦ કલાક સુધી ખુલ્લો રહેશે. આ સરસ મેળામાં ૩૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે. જેમાં જૂનાગઢ ઉપરાંત અમદાવાદ, અમરેલી, પોરબંદર, મહેસાણા, ભાવનગર જિલ્લાના સખી મંડળની બહેનો પોતાના દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ કરી રહ્યાં છે. આ બહેનો માટે રહેવા, જમવા અને ભોજનની વ્યવસ્થા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે.આ તકે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી.એ.જાડેજા, ડિસ્ટ્રિક્ટ લાઈવલીહુડ મેનેજરશ્રી બળવંતભાઈ સુંધરવા સહિતના અધિકારી- પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નિફ્ટીના ઘટાડાએ 6 વર્ષનો રેકોર્ડ તોડ્યો

## ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો, ભૂરાજકીય અનિશ્ચિતતા અને FII વેચાણ બજારના સેન્ટિમેન્ટ પર અસર કરે છે

(એજન્સી) મુંબઈ, તા. 26

ભારતીય શેરબજાર આ અઠવાડિયે દબાણ હેઠળ રહ્યા. નિફ્ટી 50 સતત સાત અઠવાડિયા સુધી તેનો ઘટાડો ચાલુ રાખ્યો - છેલ્લા છ વર્ષમાં સૌથી લાંબો. ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારો, ભૂરાજકીય તણાવ અને ઝડપી FII વેચાણને કારણે રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં ઘટાડો થયો.તેલના ભાવમાં નરમાઈ અને મૂલ્ય ખરીદીને કારણે ત્યારબાદ રિકવરી છતાં, આ અઠવાડિયે નિફ્ટી લગભગ 0.88% ઘટ્યો. વિદેશી રોકાણકારો સૌથી મોટા વેચાણકર્તા હતા. તેઓએ 25 સપ્ટેમ્બર સુધી આ મહિને આશરે 18,531 કરોડ પાછા ખેંચી લીધા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો આશરે 52,617 કરોડની ખરીદી કરીને આ વેચાણને સરભર કરશે.નિષ્ણાતો માને છે કે આગામી સપ્તાહે ભારતીય શેરબજારની ચાલ ક્રૂડ ઓઈલના ભાવ, વૈશ્વિક બોન્ડ યીલ્ડ, ભૂરાજકીય વિકાસ અને FII રોકાણ પર આધારિત રહેશે. વ્યાજ દરો અને વૈશ્વિક પ્રવાહિતાના સંકેતો માટે યુએસ આર્થિક ડેટા અને ફેડરલ રિઝર્વ સ્ટેટમેન્ટ્સ પર નજીકથી નજર રાખવામાં આવશે, જ્યારે સ્થાનિક ઔદ્યોગિક ડેટા ભારતના વિકાસ ગતિ અને મજબૂતાઈમાં આંતરદૃષ્ટિ પ્રદાન કરશે.




### શું ભાવમાં ઘટાડો થોડી રાહત આપી શકે છે?

ભારતીય ઈક્વિટી માટે ક્રૂડ ઓઈલ એક મુખ્ય પરિબળ રહેશે, કારણ કે ઊંચા ભાવ ફુગાવા, કોર્પોરેટ માર્જિન અને સ્થાનિક મેક્રોઈકોનોમિક વાતાવરણને અસર કરવાનું ચાલુ રાખશે. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે ET રિપોર્ટમાં જણાવ્યું હતું કે રોકાણકારો યુએસ-ઈરાન વિવાદ અને રાજદ્વારી વાટાઘાટોની સંભવિત પુનઃપ્રારંભ તેમજ યુએસ-ચીન ચર્ચાઓ પર નજીકથી નજર રાખી રહ્યા છે.આપશે. નાયરે કહ્યું કે અઠવાડિયાના અંતે ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં, ઊંચી અસ્થિરતાને કારણે ફુગાવાની ચિંતા ઊંચી રહી, જેનાથી બજારની ભાવના પર અસર પડી.

### ■ શું વૈશ્વિક પ્રવાહિતા એક પડકાર રહેશે?

વૈશ્વિક બોન્ડ ઉપજ અને આગામી યુએસ આર્થિક ડેટા પર પણ નજીકથી નજર રાખવામાં આવશે. રોકાણકારો ફેડરલ રિઝર્વ નીતિ અને ઉભરતા બજારોમાં નાણાં પ્રવાહ પર તેની અસરનું મૂલ્યાંકન કરી રહ્યા છે.રાધાકૃષ્ણને કહ્યું કે યુએસ આર્થિક ડેટા કેન્દ્રિય રહેશે. શ્રમ-બજાર સૂચકાંકો, ફુગાવાના ડેટા અને ઉત્પાદન ડેટા નાણાકીય નીતિ વિશે અપેક્ષાઓને આકાર આપશે. રાધાકૃષ્ણને કહ્યું કે અપેક્ષા કરતાં વધુ સારા ડેટા ટ્રેઝરી ઉપજ અને ડોલરને ઉંચો રાખી શકે છે, ઉભરતા બજારો માટે નાણાકીય પરિસ્થિતિઓ કડક બનાવી શકે છે અને રૂપિયા, વિદેશી પોર્ટફોલિયો પ્રવાહ અને ભારતીય ઈક્વિટી મૂલ્યાંકન પર દબાણ લાવી શકે છે.

### ■ શું નિફ્ટી સ્થિરતા મેળવી શકે છે?

સતત વિદેશી વેચાણે સ્થાનિક બેન્ચમાર્ક પર દબાણ કર્યું છે, જ્યારે મજબૂત સ્થાનિક સંસ્થાકીય ભાગીદારીએ થોડો ટેકો પૂરો પાડ્યો છે. નાયરે જણાવ્યું હતું કે સતત વિદેશી વેચાણે સ્થાનિક બેન્ચમાર્કને નીચા ખેંચી લીધા છે, વ્યાપક જોખમ ટાળવા વચ્ચે મિડ-કેપ શેરો સારું પ્રદર્શન કરી રહ્યા છે.

### ■ શું નિફ્ટી 23,000 સ્તર જાળવી શકશે?

ટેકનિકલ પરિસ્થિતિ દબાણ હેઠળ છે, અને 23,000 સ્તર તાત્કાલિક સહાય તરીકે મહત્વપૂર્ણ રહે છે. પોનમુડીએ કહ્યું કે નિફ્ટી 50 નું એકંદર ટેકનિકલ માળખું નબળું રહે છે, અને ઈન્ડેક્સ મુખ્ય મૂવિંગ એવરેજથી નીચે ટ્રેડ કરી રહ્યો છે. પોનમુડીએ કહ્યું કે ઉપર તરફ, 23,200 સ્તર તાત્કાલિક પ્રતિકાર ક્ષેત્ર રહે છે. જો ઈન્ડેક્સ સતત 23,300 થી ઉપર રહે છે, તો તે થોડી સ્થિરતા પ્રદાન કરી શકે છે અને 23,500 સ્તર તરફ પુનઃપ્રાપ્તિને ટેકો આપી શકે છે.

---

કોમ્પેક્ટ સેડાન ક્ષેત્રે નવો અધ્યાય શરૂ થયો

# ટાટા એરિસ કાર લોન્ચિંગથી બજારમાં ધમાકો

(એજન્સી) નવી દિલ્હી, તા. 26

TATA.CARS એ આજે તદ્દન નવી ટાટા Aeris લોન્ચ કરવાની ઘોષણા કરી છે, જે ખાસ કરીને વ્યક્તિગત કાર ખરીદદારો માટે ડિઝાઈન કરાયેલી કોમ્પેક્ટ સેડાન છે. એક વિશિષ્ટ નવી ઓળખ અને વ્યક્તિગત આકાંક્ષાઓ પર સ્પષ્ટ એકાગ્રતા સાથે Aeris કોમ્પેક્ટ સેડાનની શ્રેણીને નવો આયામ આપે છે. તે સેડાનની આરામ, સ્થિરતા, જગ્યા, કાર્યક્ષમતા અને ભવ્યતા જેવી સહજ ખૂબીઓને આજના કાર ખરીદદારની અપેક્ષા મુજબની આધુનિક ડિઝાઈન, ટેક્નોલોજી, સુરક્ષા અને માલિકીના અનુભવ સાથે જોડે છે. પેટ્રોલ અને CNG પાવરટ્રેનમાં ઉપલબ્ધ, તદ્દન નવી Aerisની પ્રારંભિક કિંમત પેટ્રોલ માટે 5.29 લાખ અને iCNG માટે 6.29 લાખથી શરૂ થાય છે.Aeris સાથે TATA.CARS પરંપરાગત રીતે વ્યવહારુકતા, કાર્યક્ષમતા અને મૂલ્ય પર આધારિત શ્રેણીમાં એક નવો દ્રષ્ટિકોણ લાવી રહ્યું છે; તે વધુ નવીનતા, વિશિષ્ટતા અને સમકાલીન અનુભવ સાથે આ ખૂબીઓને ઉચ્ચ સ્તર પર લઈ જાય છે.




- ખાસ કરીને વ્યક્તિગત ખરીદદારો માટે નિર્મિત: Aerisને ખાસ કરીને ખાનગી ગ્રાહકો માટે ડિઝાઇન કરવામાં આવી છે. તેમાં ડિઝાઇન, આરામ, ટેક્નોલોજી, વિશેષતાઓ અને વ્યક્તિગત અભિવ્યક્તિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જે રોજિંદા ઉપયોગ અને લાંબા અંતરની મુસાફરીની વ્યવહારુતાને પૂરક બનાવે છે.
- પેટ્રોલ અને iCNG પાવરટ્રેન વિકલ્પો: AMT વિકલ્પ સાથે વધુ સંપૂર્ણ અને આકર્ષક અનુભવ પ્રદાન કરવાની સાથે ગ્રાહકોની પસંદગીનો વ્યાપ વધારે છે.
- સમગ્ર ભારતમાં તમામ TATA.CARS ડીલરશિપ પર ઉપલબ્ધ: પેટ્રોલ માટે ₹5.29 લાખ અને iCNG માટે ₹6.29 લાખની પ્રારંભિક કિંમત. બુકિંગ શરૂ થઈ ગયું છે અને ડિલિવરી પણ શરૂ થઈ રહી છે.
- Aeris સેડાનમાં સુસંસ્કૃતિમાંની બોલ્ડ ભાવના લાવે છે, જે સમકાલીન બારીકાઈ સાથે મનોહર પરિમાણને જોડે છે. તેના પહોળા, પ્લાન્ટેડ સ્ટેન્સ સિગ્નેચર LED હેડલેમ્પ્સ, DRLs, પહોળી લોઅર ગ્રિલ અને ડાયમંડ-કટ એરો એલોય વ્હીલ્સ દ્વારા પૂરક છે.

### એમ્બેસી REITએ REIT ટ્રસ્ટ લેવલ પર સીમાચિહ્નરૂપ પ્રથમ ₹1,000 કરોડનું બેંક ફાઈનાન્સ મેળવ્યું

બેંગાલુરુ | ભારતની પ્રથમ લિસ્ટેડ REIT અને એરિયાની દ્રષ્ટિએ એશિયામાં સૌથી મોટી ઓફિસ REIT એમ્બેસી ઑફિસ પાર્ક્સ REIT (NSE: EMBASSY / BSE: 542602) ('એમ્બેસી REIT') એ આજે જાહેરાત કરી હતી કે, કંપનીએ ત્રણ વર્ષના ફ્લોટિંગ-રેટ નૉન-કન્વર્ટિબ્લ ડિબેન્ચર્સ ("NCDs") ઈશ્યૂ કરીને 1,000 કરોડનું ફંડ એકત્ર કર્યું છે. આ NCDsને એક અગ્રણી યુરોપિયન બહુરાષ્ટ્રીય બેંકે સંપૂર્ણપણે સબસ્ક્રાઈબ કર્યો છે. આ નાણાકીય વ્યવહાર કોઈ પણ શીડ્યુલ્ડ કમર્શિયલ બેંક દ્વારા ભારતીય REITને ટ્રસ્ટ લેવલ પર આપેલું પ્રથમ ધિરાણ છે. આ વ્યવહાર જૂન, 2026માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર એ માળખા પછી થયો છે, જેમાં કમર્શિયલ બેંકોને REITsને ધિરાણ કરવાની સંમતિ આપવામાં આવલી હતી. NCDsની કિંમત સંમત થયેલા ત્રણ મહિનાના MIBOR OIS બેન્ચમાર્ક પર 150 બેસિસ પોઈન્ટના સ્પ્રેડ પર નક્કી થઈ છે, જેથી પ્રારંભિક કૂપન રેટ 6.97 ટકા થાય છે.

EMBASSY REIT

### ઇન્ડિયન ઓઇલે ભારતીય સેનાના પૂર્વ કમાન્ડ માટે

## 'એક્સ્ટ્રીમ વેધર ગ્રેડ HSD'ની પ્રથમ ટ્રેન (રેક)ને ફ્લેગ ઓફ કરી



(એજન્સી) અમદાવાદ, તા. 26

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (ઈન્ડિયન ઓઈલ) એ આજે ભારતીય સેના સાથેના તેના લાંબા ગાળાના સહયોગમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પાણીપત માર્કેટિંગ કોમ્પ્લેક્સથી ભારતીય સેનાના 'પૂર્વ કમાન્ડ' (Eastern Command) માટે 'એક્સ્ટ્રીમ વેધર ગ્રેડ' (XWG) હાઈ સ્પીડ ડીઝલ (HSD) ની પ્રથમ ટ્રેનને લીલી ઝંડી બતાવીને રવાના કરવામાં આવી હતી. MoD (આર્મી) ના IHQ ના ડિરેક્ટર જનરલ સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ અને સિનિયર કર્નલ કમાન્ડન્ટ લેફ્ટનન્ટ જનરલ મુકેશ ચઢ્ઢા (AVSM, SM, VSM) દ્વારા IOC ના કન્ટ્રી હેડ (ઈન્સ્ટિટ્યુશનલ બિઝનેસ) શ્રી કે. જ્હોન પ્રસાદ અને પાણીપત રિફાઈનરીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને રિફાઈનરી હેડ શ્રી એમ. એલ. દહરિયા ની હાજરીમાં આ ટ્રેનને ફ્લેગ ઓફ કરવામાં આવી હતી.જુલાઈ 2026 માં ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) દ્વારા લોન્ચ કરવામાં આવેલું ઈન્ડિયન ઓઈલનું XWG HSD, અત્યંત ઠંડી અને ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારતીય સેનાની કઠિન ઓપરેશનલ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ખાસ વિકસાવવામાં આવ્યું છે. તે નીચા તાપમાનમાં ઉત્કૃષ્ટ કામગીરી આપે છે અને દેશના સૌથી પડકારજનક પ્રદેશોમાં સેનાના વાહનો અને ઉપકરણોનું વિશ્વસનીય સંચાલન સુનિશ્ચિત કરે છે.પૂર્વ કમાન્ડ ખાતે આ પ્રથમ ડિસ્પેચ સાથે, XWG HSD નો પુરવઠો હવે દેશની ઉત્તરીય અને પૂર્વીય બંને સરહદો પર વિસ્તર્યો છે. ઈન્ડિયન ઓઈલ પૂર્વ વિસ્તારમાં XWG ડીઝલ પહોંચાડનારી પ્રથમ સરકારી કંપની (PSU) બની છે, જેનાથી આ ક્ષેત્રમાં ભારતીય સેનાની જરૂરિયાતોને એક સમર્પિત સપ્લાય ચેઈન દ્વારા પૂરી કરી શકાશે.આ સિદ્ધિ ભારતીય સશસ્ત્ર દળોની ઓપરેશનલ જરૂરિયાતોને અનુરૂપ સ્વદેશી રીતે વિશિષ્ટ બળતણ વિકસાવવાના ઈન્ડિયન ઓઈલના સતત પ્રયાસો પર આધારિત છે. જેમાં 2019 માં વિન્ટર ગ્રેડ ડીઝલ, 2022 માં ઓલ વેધર ગ્રેડ HSD, અને 2022 માં લો સલ્ફર લો એરોમેટિક સુપિરિયર કેરોસીન ઓઈલનો સમાવેશ થાય છે. આમાંનું દરેક ઉત્પાદન કઠોર ભૂપ્રદેશ અને હવામાન પરિસ્થિતિઓમાં ઉપયોગ માટે યોગ્ય ઉર્જા ઉકેલો વિકસાવવા પર ઈન્ડિયન ઓઈલના ધ્યાન કેન્દ્રિત કરવાનો પુરાવો છે.

# ખૈતાન એન્ડ કંપની દ્વારા ગિફ્ટ સિટી માર્ગદર્શિકા રજૂ

(એજન્સી) અમદાવાદ, તા. 26

અગ્રણી ફુલ-સર્વિસ લૉ ફર્મ ખૈતાન એન્ડ કંપનીએ આજે અમદાવાદમાં તેનો વિચાર અને માર્ગદર્શન આધારિત રિપોર્ટ, "Inside GIFT City: Structure, Regulation and Opportunity - Building a Robust Offshore Centre Onshore" રજૂ કર્યો હતો. ક્લાયન્ટ્સ માટે આયોજિત એક કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલા આ રિપોર્ટ દ્વારા ગુજરાત અને ભારતના ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર (આઈએફએસસી) પ્રત્યે ફર્મની વધી રહેલી પ્રતિબદ્ધતા વધુ મજબૂત બની છે. ખૈતાન એન્ડ કંપનીએ આ વર્ષની શરૂઆતમાં ગિફ્ટ સિટીમાં પોતાની ઓફિસ શરૂ કરી હતી. અમદાવાદ બાદ ગુજરાતમાં આ તેની બીજી ઓફિસ છે. આ વિસ્તરણ ગુજરાત સાથે ફર્મના વધી રહેલા જોડાણને દર્શાવે છે. ગુજરાત ફાઈનાન્શિયલ સર્વિસીસ, મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર,




ટેક્નોલોજી અને ક્રોસ-બોર્ડર ઈન્વેસ્ટમેન્ટ જેવા ક્ષેત્રોમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. રાજ્યમાં પહેલેથી સ્થાપિત થયેલા મજબૂત ફેમિલી બિઝનેસીસની સાથે ઉદ્યોગસાહસિકો અને રોકાણકારોની નવી પેઢી પણ ઊભરી રહી છે. તેના કારણે રોકાણના માળખા, વારસાગત સંપત્તિના આયોજન, ગવર્નન્સ અને પારિવારિક સંપત્તિ જેવા મુદ્દા અંગે વધુ આધુનિક અને જટિલ જરૂરિયાતો ઊભી થઈ રહી છે.ખૈતાન એન્ડ કંપનીના મેનેજિંગ પાર્ટનર હૈગ્રિવ ખૈતાને જણાવ્યું હતું કે, "અમે છેલ્લા 20 વર્ષથી વધુ સમયથી ગુજરાતમાં અમારા ક્લાયન્ટ્સને સેવાઓ આપી રહ્યા છીએ અને અમદાવાદ તથા ગિફ્ટ સિટીમાં અમારી નવી ઓફિસો અમને રાજ્યની વિકાસયાત્રામાં ભાગ લઈ રહેલા ક્લાયન્ટ્સ સાથે વધુ નજીકથી જોડાવાની તક આપે છે.

### મ્યુ. ફંડ ઉદ્યોગની AUMમાં ૨૩% વધારો

અમદાવાદ : સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (સિપ)ના ઝડપી વિકાસ પર સવારી કરીને, મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ સતત વિસ્તરી રહ્યો છે. સિપ દ્વારા એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) ઓગસ્ટ ૨૦૨૬માં વાર્ષિક ધોરણે ૨૩% વૃધીને રૂા.૧૮.૬૨ લાખ કરોડ થઈ છે. ફ્રેન્કલિન ટેમ્પલટનના તાજેતરના અહેવાલ મુજબ, આ વૃદ્ધિને સતત મજબૂત સિપ ઈનફ્લો અને ખાતાઓની વૃધતી સંખ્યા દ્વારા ટેકો મળ્યો હતો. વૃધુમાં, ઈક્વિટી એસેટ્સમાં સિપનો હિસ્સો ૨ વર્ષની ટોચે પહોંચ્યો છે.માસિક કુલ સિપ રોકાણ ઓગસ્ટમાં ૧૪% વધીને રૂ. ૩૨,૨૯૭ કરોડ થયું છે, જ્યારે સિપ એકાઉન્ટ્સની સંખ્યા ૧૨.૧% વૃધીને ૧૦.૭૫ કરોડ થઈ છે. ઓગસ્ટ ૨૦૨૬ માં પૂરા થયેલા ૧૨ મહિનાના સમયગાળામાં કુલ સિપ રોકાણો પણ ૧૭% વધીને રૂા. ૩.૭૦ લાખ કરોડ થયા.સિપ રોકાણોમાં સતત વધારાને કારણે ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં નિયમિત રોકાણોનો હિસ્સો પણ વધ્યો છે. કુલ ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ એયુએમમાં સિપ એયુએમનો હિસ્સો ઓગસ્ટ ૨૦૨૬ માં ૩૦.૭% ની બે વર્ષની ટોચે પહોંચ્યો, જે ઓગસ્ટ ૨૦૨૪ માં ૨૭.૪% હતો.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ-01

# મોદીએ તમામ મંત્રાલયો પાસે પાંચ વર્ષનો રોડ મેપ માંગ્યો

છેલ્લા થોડા સમયથી ભાજપની ઘટી રહેલી લોકપ્રિયતાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચિંતીત થઈ ગયા છે. એમણે તમામ કેન્દ્રીય મંત્રીઓની બેઠક બોલાવી હતી. એમણે સૂચના આપી હતી કે સરકારના કામકાજને વધુ પારદર્શી અને પ્રભાવશાળી તેમજ પરિણામ લક્ષી બનાવવા માટે મંત્રીઓએ લોકો સાથે સીધો સંવાદ કરવો જોઈએ. લોકો સાથે જોડાઈને એમનો ફીડબેક લેવો તેમજ સરકારની નીતિઓને જમીનસ્તરે લાગુ કરવાનો પ્રયત્નો કરવાનું પણ એમણે મંત્રીઓને કહ્યું હતું. મોદીએ ચિંતન શીબીરના બીજા દિવસે તમામ મંત્રીઓ પાસે પાંચ વર્ષનો રોડ મેપ માંગ્યો છે. આવતા પાંચ વર્ષ દરમિયાન દેશની પ્રગતિ અને વિકાસ માટે શું કરી શકાય એની માહિતી માંગવામાં આવી છે. ચિંતન શીબીરમાં પિયુષ ગોયલ સહિત ૯ મંત્રીઓના પ્રેઝન્ટેશન પછી વડાપ્રધાને કહ્યું હતું કે, કલ્યાણકારી યોજનાઓ અને નીતિઓ ફક્ત કાગળ પર રહેવી જોઈએ નહીં. છેવટના માનવી સુધી પણ વિકાસ અને બદલાવ પહોંચે એ જરૂરી છે. વડાપ્રધાને એક ડઝન મંત્રાલયના કામકાજની સમીક્ષા કરવાથી કેન્દ્રીય મંત્રીઓ ફફડી ગયા છે.

કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને રાજીનામું આપવા માટે ૨૪ કલાકની મહેતલ આપી છે. પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેએ કહ્યું છે કે જ્ઞાનેશ કુમાર જો શનિવાર સુધીમાં રાજીનામું નહીં આપે તો સીજેપી બીજી ઓક્ટોબર એટલે કે ગાંધી જયંતીના દિવસે મુંબઈથી દેશ વ્યાપી પ્રદર્શનની શરૂઆત કરશે. ત્યાર પછી આંદોલનને દેશના વિવિધ શહેરો સુધી લઈ જવામાં આવશે. દિપકેએ ગાંધી જયંતીના દિવસે લોકતંત્ર બચાવવા સંકલ્પ કરવાની અપીલ કરી છે. પાર્ટીએ 'ઈલેક્શન કમિશન ઠીક કરો' અભિયાનની શરૂઆત કરી છે. સીજેપીનો આક્ષેપ છે કે ૩૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એસઆઈઆરને નામે મતદાર યાદીમાંથી ૧૩ કરોડ જેટલા મતદારો બહાર કરવામાં આવ્યા છે. આ કારણે લોકોના મતદાન કરવાના અધિકાર પર અસર પડે છે. કોંગ્રેસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાંધીને ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના નિર્ણયને યાદ કર્યો હતો. રાજીવ ગાંધીએ ૧૯૮૮માં મતદાનની લઘુત્તમ ઉંમર ૨૧થી ઘટાડીને ૧૮ વર્ષ કરી હતી. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે આક્ષેપ કર્યો છે કે, એક વડાપ્રધાને યુવાન મતદારોને હક આપ્યો હતો, જ્યારે બીજા વડાપ્રધાન જેન ઝીના હકને ઝૂંટવી લેવાની કોશિશ કરે છે. કોંગ્રેસનો આરોપ છે કે, જેન ઝીને મતદાર યાદીમાંથી બહાર રાખવાનું કાવતરુ ઘડાયું છે. પક્ષ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું માંગ્યું છે. કોંગ્રેસનું કહેવું છે કે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને કાવતરા માટે જવાબદાર ગણાવામાં આવે. વડાપ્રધાનની ઈચ્છા છે કે, જેન ઝી મતદારોના નામ મતદાર યાદીમાંથી દુર થાય. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવએ કોંગ્રેસના પ્રભુત્વવાળા રાયબરેલી વિસ્તારમાંથી પીડીએ રથયાત્રાની શરૂઆત કરી છે. આ સ્થળેથી યાત્રાની શરૂઆત કેટલાક રાજકીય સંદેશાઓ આપે છે. રાહુલ ગાંધીની લોકસભા બેઠકના જિલ્લામાં શક્તિ પ્રદર્શન કરીને અખિલેશ યાદવ કોંગ્રેસને પણ મેસેજ આપવા માંગે છે. એ સાથે મનોજ પાંડેય, રાકેશ પ્રતાપ સિંહ અને અભય સિંહ જેવા બળવાખોર નેતાઓની ગેરહાજરી અનુભવાય નહીં એનું પણ ધ્યાન રાખ્યું છે. સમાજવાદી પાર્ટીએ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં રાયબરેલીની ૬ બેઠકોમાંથી ૪ બેઠકો જીતી હતી. એમાં ઊંચાહારથી જીતેલા મનોજ પાંડેય હવે ભાજપમાં છે. ૨૦૨૪ની રાજ્યસભાની ચૂંટણીમાં મનોજ, ગૌરીગંજના ધારાસભ્ય રાકેશ, તેમજ ગોસાઈગંજના અભયએ ભાજપના ઉમેદવાર તરફે ક્રોસ વોટીંગ કર્યું હતું. ત્યાર પછી સપાએ ત્રણેને પક્ષમાંથી હાંકી કાઢયા હતા. ઓબીસી ક્રિમિલેયર નક્કી કરવા માટે સુપ્રિમ કોર્ટે આપેલા ૧૧ માર્ચના ચૂકાદાને લાગુ કરવા માટે કેન્દ્ર સરકારે બે વર્ષનો સમય માંગ્યો છે. જસ્ટીસ પી એસ નરસિંહમ્હાની બેંચ સમક્ષ કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, માર્ચમાં આવેલા ચુકાદાને છ મહિનાની અંદર લાગુ કરવો શક્ય નથી. સરકારે કોર્ટને આ બાબતે પોતાના પક્ષનો વિરોધ રેકોર્ડ પર લેવા વિનંતી કરી છે. કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે ક્રિમિલેયરનો દરજ્જો નક્કી કરવા તેમજ નવી નીતિ બનાવવા માટે સમયની જરૂર છે.



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગ થી તેમજ રાષ્ટ્રીય પોષણ માહ ઉજવણી અંતર્ગત લોક ડાયરા નો કાર્યક્રમ યોજાયો જે સિકોતર મ્યુઝિકલ ગ્રુપ ના સંચાલક . કિરણબેન બી બારોટ દ્વારા શંખેશ્વર ગામે તા.૨૧.૦૯.૨૦૨૬.નારોજ તેમના સાથી કલાકારો જેવા કે કિરણ બારોટ બાબુભાઈ બારોટ તરણરાજ બારોટ કનુભાઈ બારોટ જેવા નામી અનામી કલાકારો દ્વારા પોષણ પ્રચાર દેશ ભક્તિ ગીતો અને શોર્ય ગીતો તેમજ લોકગીત દ્વારા લોકોને મનોરંજન સાથે આઝાદી ની યાદ તાજી કરાવેલ છે.

# મહિલા સશક્તિકરણ અને 'વોકલ ફોર લોકલ'ના જીવંત સંગમ સમા 'સરસ મેળા'નો દાહોદ ખાતે ભવ્ય પ્રારંભ

દિપક રાવલ દાહોદ લીમખેડા

“સરસ મેળો એ માત્ર સ્થાનિક ચીજવસ્તુઓના વેચાણનું કેન્દ્ર નથી, પણ આપણી ‘નારીશક્તિ’ના સ્વાવલંબન અને ’આત્મનિર્ભર ભારત’ના સંકલ્પની જીવંત પ્રતીતિ છેરાજ્યકક્ષાના મંત્રીશ્રી રમેશભાઈ કટારા દાહોદ ,વડાપ્રધાન શ્રી



નરેન્દ્ર મોદીના ’આત્મનિર્ભર ભારત’, મહિલા-નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના વિઝનને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં ’સરસ મેળો’નું આયોજન કરવામાં આવ્યું છે. આ રાજ્યવ્યાપી અભિયાનના ભાગરૂપે દાહોદ ખાતે પણ જિલ્લા કક્ષાના ’સરસ મેળો-૨૦૨૬’નો ભવ્ય પ્રારંભ થયો છે. કેશવ માધવ રંગમંચ, દાહોદ ખાતે યોજાયેલા આ મેળાનું વિધિવત ઉદ્ઘાટન રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રમેશ કટારાના હસ્તે કરવામાં આવ્યું છે.આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાએ પ્રાસંગિક ઉદ્બોધન આપતાં કહ્યું હતું કે, સરસ મેળો એ માત્ર સ્થાનિક ચીજવસ્તુઓના વેચાણનું કેન્દ્ર નથી, પણ આપણી ‘નારીશક્તિ’ના સ્વાવલંબન અને ’આત્મનિર્ભર ભારત’ના સંકલ્પની જીવંત પ્રતીતિ છે. આ ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ગમાબેન મોહનિયા, દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, ઝાલોદ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, જિલ્લા ભાજપ મંત્રી સ્નેહલ ધરિયા, DRDA ડાયરેક્ટર તથા અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.તા. ૨૬/૦૯/૨૦૨૬ થી તા. ૩૦/૦૯/૨૦૨૬ દરમિયાન દરરોજ સવારે ૧૦: ૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લા રહેનારા આ મેળામાં જિલ્લાના પાયાના સ્તરેથી પરિવર્તન લાવી રહેલી મહિલા ઉદ્યોગ સાહસિકો, લખપતિ દીદીઓ, સ્વસહાય જૂથો, મહિલા ખેડૂતો, સહકારી સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ દ્વારા પોતાના વિશિષ્ટ ઉત્પાદનો અને ઈનોવેશન્સનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવી રહ્યું છે.આ મેળામાં મહિલાઓ દ્વારા સ્વહસ્તે તૈયાર કરાયેલી પ્રસિદ્ધ , વાંસની બનાવતા બાંધણી, હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ઈમિટેશન જ્વેલરી, આયુર્વેદિક અને હર્બલ પ્રોડક્ટ્સ, ઓર્ગેનિક વસ્તુઓ, અગરબત્તી, પેચવર્ક, ડ્રેસ મટીરિયલ તથા ઘર સુશોભનની અવનવી ચીજવસ્તુઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની છે. આ ઉપરાંત, સ્વાદિષ્ટ હોમમેઈડ ફૂડ પ્રોડક્ટ્સ જેવી કે અથાણાં, પાપડ અને ખાખરા જેવી ગૃહઉદ્યોગની વાનગીઓ પણ મોટી સંખ્યામાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.મહિલાઓના આર્થિક સશક્તિકરણ, સ્થાનિક ઉત્પાદન અને સ્વદેશી મૂલ્યોને પ્રોત્સાહન આપતો આ મેળો દાહોદ જિલ્લાની આર્થિક ભાગીદારીને વેગ આપવાની સાથે હજારો મહિલાઓ માટે આત્મનિર્ભર બનવાની નવી પ્રેરણા પૂરી પાડશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દાહોદની જનતાને આ સરસ મેળાની મુલાકાત લઈ મહિલા શક્તિના કૌશલ્યને બિરદાવવા અને ’વોકલ ફોર લોકલ’ના સંકલ્પને સાકાર કરવા અપીલ કરવામાં આવી છે.

# સંખેડામાં વીજળી વિના ફસાયા બાળકો

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાની કૃષ્ણપુરા વસાહતની પ્રાથમિક શાળામાં વીજળી કપાઈ ગઈ છે. રૂ. 47,547નું લાઈટ બિલ બાકી હોવાથી MGVCL નસવાડીએ કોઈ નોટિસ આપ્યા વગર જ સ્કૂલનું મીટર કાપી નાખ્યું છે. આના કારણે 36 બાળકોના ભણતર પર અસર પડી છે.વીજળી ન હોવાથી વર્ગખંડ ગરમ થઈ ગયા છે. પંખા બંધ હોવાથી બાળકો અંદર બેસી શકતા



નથી. શિક્ષકે મજબૂરીમાં બાળકોને સ્કૂલના ઓટલા પર બેસાડી ભણાવવાનું શરૂ કર્યું છે. નાના બાળકો નોટબુકથી પંખો નાખી ગરમીમાં અભ્યાસ કરી રહ્યા છે.લાઈટ ન હોવાથી બોરિંગની મોટર પણ બંધ છે. સ્કૂલમાં પીવાનું પાણી નથી. બાળકોને ઘરેથી પાણીની બોટલ લઈને આવવું પડે છે.શિક્ષકો, વાલીઓ અને SMC સભ્યોએ તંત્રને રજૂઆત કરી છે. તેમણે તાત્કાલિક વીજ કનેક્શન જોડવાની માંગ કરી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર દ્વારા ટેકનોલૉજી સપ્તાહ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર દ્વારા તા.૨૧ થી ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન ટેકનોલોજી સપ્તાહની ઉજવણી કરાઈ. જેમાં ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર, સુત્રાપાડા, તાલાળા, વેરાવળ અને ગીર ગઢડા તાલુકાના અને જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના જૂદા-જુદા ગામના ૨૮૮ ખેડૂતો અને ૬૮ ખેત મહિલાઓને પ્રાકૃતિક ખેતી, જમીન અને પાણી પૃથકરણ, ખેતી પાકોનું મૂલ્યવર્ધન, કૃષિમાં યાત્રિકીકરણ, બાગાયતી ખેતી, જુદા-જુદા પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, સંકલિત રોગ-જીવાત અને ખાતર વ્યવસ્થાપન વિષય ઉપર તાલીમ આપીને માહિતગાર કર્યા હતા. સાથે-સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના જુદા-જુદા ડેમો યુનિટ જેવા કે મ્યુજીયમ, કોમ્યુનિટી રેડિયો સ્ટેશન, જમીન અને પાણી પૃથકરણ પ્રયોગશાળા, ગૃહ વિજ્ઞાન લેબ, પાક કૌતુકાલય, અલસીયાનું ખાતર, પ્રાકૃતિક ખેતી ડેમો યુનિટ અને એફપીઓની મુલાકાત



કરાવવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, જિતેન્દ્રસિંહ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના જુદા-જૂદા વિષય નિષ્ણાંતો જેમ કે વિષય નિષ્ણાંત (પાક સરક્ષણ) શ્રી રમેશભાઈ રાઠોડ, વિષય નિષ્ણાંત (બાગાયત) શ્રી રણજીતસિંહ બારડ, વિષય નિષ્ણાંત (જમીન વિજ્ઞાન) શ્રી સતીષભાઈ હડીયલ, વિષય નિષ્ણાંત (ગૃહ વિજ્ઞાન) શ્રીમતી હંસાબેન પટેલ, વિષય નિષ્ણાંત (પાક વિજ્ઞાન) શ્રી મનીષભાઈ બલદાણિયાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોએ વિવિધ ખેતીલક્ષી પ્રશ્નોનોનું સંતોષકારક નિરાકરણ મેળવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા આત્મા પ્રોજેક્ટ અને પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, ગીર સોમનાથ અને અંબુજા ફાઉન્ડેશન, કેશોદ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તમામ સ્ટાફનો ખૂબ સહયોગ મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન શ્રી રમેશ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

# જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં રખડતા પશુઓ, અનઅધિકૃત ઘાસચારાના વેચાણ અને ગૌવંશની ગેરકાયદેસર હેરફેર સબબ કડક કાર્યવાહી

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢ હસ્તકની કેટલ પાઉન્ડ શાખા દ્વારા હદ વિસ્તારમાંથી માર્ગો પર રઝળતા, બિનવારસી અને વાહનવ્યવહાર ને અવરોધરૂપ બનતા ગૌવંશને અટકાવવાની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. મહાનગરપાલિકા દ્વારા હસ્તગત કરવામાં આવતા આવા ગૌવંશને ગોપાલ ગૌશાળા અને ગીરનાર ગૌશાળા ખાતે યોગ્ય આશ્રય અને નિભાવ અર્થે ખસેડવામાં આવે છે. આ કામગીરી અંતર્ગત તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૨૬/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન કુલ ૯૪૩ ગૌવંશ હસ્તગત કરવામાં આવેલ છે, જે પૈકી ૩૮૩ ગૌવંશને નિભાવ અર્થે અન્ય ૧૮ જેટલી વિવિધ ગૌશાળાઓ ખાતે સ્થળાંતરિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત, જુનાગઢ મહાનગરપાલિકાના માન.કમિશનરશ્રી આઈ. આર.વાળાના સીધા માર્ગદર્શન અને સુચના અન્વયે જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે ઘાસચારાનું વેચાણ કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા તંત્ર કાર્યરત છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં આવા અનઅધિકૃત વેચાણ કરતા ૫૮ ઈસમો વિરુદ્ધ કાનૂની રાહે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તદુપરાંત, વાહનો મારફતે ગૌવંશની ગેરકાયદેસર હેરફેર કરતા ૧૨ વાહન માલિકો સામે પણ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે અને આગામી સમયમાં આવા વાહન માલિકો સામે દંડાત્મક કાર્યવાહી વધુ સઘન બનાવવામાં આવશે. વધુમાં, મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં પશુઓનું પાલન કરતા તમામ આસામીઓ, પશુપાલકો તેમજ સંસ્થાઓ માટે ગત તા.૦૧/૦૯/૨૦૨૬ થી પશુઓના રજીસ્ટ્રેશનની (નોંધણી પ્રક્રિયાની) સઘન કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ અન્વયે ૬૬ પશુ માલિકોને રજીસ્ટ્રેશન કરાવવા સબબ નોટીસ ફટકારવામાં આવી છે, જ્યારે ૧૬ પશુ માલિકોને પશુ રાખવા અંગેની સત્તાવાર પરમીટ એનાયત કરવામાં આવેલ છે. આ બાબતને ધ્યાને લઈ, જુનાગઢ મહાનગર પાલિકા હદ વિસ્તારમાં પશુઓ રાખતા તમામ પશુપાલકોને પોતાના પશુઓનું તાત્કાલિક ધોરણે રજીસ્ટ્રેશન કરાવવા મહાનગરપાલિકા,જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવે છે. જો નિયત સમયમર્યાદા માં પશુઓનું રજીસ્ટ્રેશન કરાવવામાં નહીં આવે તો, તેવા પશુઓનું જપ્તીકરણ કરી નિયમોનુસારની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અત્રે ખાસ નોંધનીય છે કે, આ ઝુંબેશ હેઠળ જપ્ત કરાયેલ પશુઓને કોઈપણ સંજોગોમાં મુક્ત કરવામાં આવશે નહીં. જેથી તમામ પશુ માલિકોએ આ બાબતની ગંભીર નોંધ લઈ મહાનગરપાલિકા કચેરી ખાતે પોતાના પશુઓની સત્વરે નોંધણી કરાવવી હિતાવહ છે.

# કેશોદ તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭નો ભવ્ય શુભારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત સરકારના રમતગમત અને સાંસ્કૃતિક મંત્રાલયના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં યોજાઈ રહેલા ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭ અંતર્ગત કેશોદ તાલુકા કક્ષાની વિવિધ રમત-ગમત સ્પર્ધાઓનો ભવ્ય શુભારંભ શ્રીમતી એસ.એચ. ગાર્ડી વિદ્યાલય, મેસવાણ ખાતે કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કેશોદ તાલુકાના ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પ્રકાશભાઈ રામાણી, જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી શ્રી વી.ડી. કરડાણી, તાલુકા પંચાયતના સભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન કનેરીયા, તાલુકા ભાજપ મંત્રીશ્રી રતિભાઈ કારેણા, સંસ્થાના મંત્રીશ્રી સવજીભાઈ કનેરીયા, શ્રી કૌશિકભાઈ કાસુંદ્રા, જિલ્લા વ્યાયામ મંડળના પ્રમુખ ડો.હમીરસિંહ વાળા, ખેલ મહાકુંભના કન્વીનરશ્રી ભારવાડિયા તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રી મનીષભાઈ જીલડીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ



પ્રાગટ્ય કરી ખેલ મહાકુંભની સ્પર્ધાઓનો વિધિવત્ શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રીમતી એસ.એચ.ગાર્ડી વિદ્યાલય મેસવાણના આચાર્ય ડો.બી. એમ. દેવળીયા દ્વારા ઉપસ્થિત મહાનુભાવો નું પુસ્તક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. શાળા પરિવાર દ્વારા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ખેલ મહાકુંભના પ્રારંભે સમગ્ર કેશોદ તાલુકામાં રમતગમતનો ઉત્સાહ જોવા મળ્યો હતો. વિવિધ રમત-ગમતમાં ભાગ લેવા આવેલા ખેલાડીઓમાં ઉત્સાહ અને ખેલદિલીની ભાવના જોવા મળી હતી. આયોજક મંડળ દ્વારા ખેલાડીઓને રમતના નિયમોનું પાલન કરી શિસ્ત, સમર્પણ અને ખેલદિલીની ભાવના સાથે સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજક મંડળ, જિલ્લા રમતગમત વિભાગ, કન્વીનરશ્રી, વિવિધ રમતના નિર્ણાયકશ્રીઓ, શિક્ષકો, સ્વયંસેવકો તથા શ્રીમતી એસ.એચ. ગાર્ડી વિદ્યાલય મેસવાણના સમગ્ર સ્ટાફ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

# મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લાના લુણાવાડા ઘટક-૧ અંતર્ગત મુલતાનપૂરા આંગણવાડી કેન્દ્ર ખાતે રાજ્ય સરકારના અભિગમ હેઠળ ‘આંગણ મિલન સેવા‘ કાર્યક્રમની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લાના ઈનચાર્જ પ્રોગ્રામ ઓફિસરશ્રી, સેજાના મુખ્ય સેવિકાશ્રી, સ્થાનિક વોર્ડના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને ૩ થી ૬ વર્ષના ભૂલકાંઓના વાલીઓએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન સુપોષિત બાળકના નિર્માણ અને સ્વાસ્થ્ય જાગૃતિના ભાગરૂપે બાળકોને પોષણ કીટ તથા સગર્ભા માતાઓને ટ્રેક-હોમ રાશન (THR) નું વિતરણ કરવામાં આવ્યું હતું. પોષણ સ્તરમાં ઉત્કૃષ્ટ



સુધારો દર્શાવનાર બાળકોને ’પોષણ ચેમ્પિયન એવોર્ડ’ તેમજ તેમની સર્જનાત્મકતા ખીલે તે હેતુથી ચિત્રપોથી અને રંગો ભેટ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉપસ્થિત તમામ ભૂલકાંઓને પૌષ્ટિક સુખડી અને તાજાં ફળોનું વિતરણ કરી મોં મીઠું કરાવાયું હતું.બાળ અને મહિલા કલ્યાણ ક્ષેત્રે પાયાની અને પ્રશંસનીય સેવાઓ આપવા બદલ આંગણવાડી કાર્યકર, તેડાગઢ (હેલ્પર) તેમજ આશા વર્કર બહેનોને પ્રમાણપત્ર એનાયત કરી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ કિશોરીઓ, સગર્ભા-ધાત્રી માતાઓ અને વાલીઓને માનનીય મુખ્યમંત્રીશ્રીનો સુપોષિત ગુજરાતનો પ્રેરણાદાયી સંદેશ પહોંચાડી પોષણ અને આરોગ્ય પ્રત્યે કટિબદ્ધ રહેવા આહવાન કરવામાં આવ્યું હતું.

# ડિજિટલ શિક્ષણથી દિવ્યાંગ સહાય સુધી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીનો સંચાર

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં શિક્ષણની સુવિધાઓ વધારવા તેમજ જરૂરિયાતમંદોને ઉપયોગી સહાય પહોંચાડવાના હેતુથી KCRC અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશન દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. કાદિયા મોટા ગામની આંગણવાડીમાં ડિજિટલ ઈ-લર્નિંગ કીટ, જ્યારે બોહા અને ભૈરેયા ગામમાં પણ ડિજિટલ ઈ-લર્નિંગ કીટ આપવામાં આવી હતી. આ ઉપરાંત કાદિયા નાના ગામે સાનતાબેન ઈશ્વરલાલ પિત્રોડાને ઘરઘંટી આપવામાં આવી હતી.તે જ રીતે દેવપર ટેક્સ, નખત્રાણા વિસ્તારના શ્રી પર્વતભાઈ ધનજી વણકરને દિવ્યાંગ વ્યક્તિ તરીકે જરૂરી સહાય આપવામાં આવી હતી. વિવિધ વર્ગોને તેમની જરૂરિયાત મુજબ સહાય મળે તે દિશામાં કરવામાં આવેલી આ કામગીરીને ગ્રામજનો દ્વારા આવકારવામાં આવી હતી.આ કામગીરી અંતર્ગત KCRCના કો-ઓર્ડિનેટર ગઢવી પચાણભાઈએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારની




વાસ્તવિક જરૂરિયાતોને ઓળખીને બાળકોના શિક્ષણ અને જરૂરિયાતમંદ પરિવારોને ઉપયોગી બને તેવી સહાય પહોંચાડવાનો સતત પ્રયાસ કરવામાં આવે છે. ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન મળે અને સમાજના જરૂરિયાતમંદ લોકોને જીવનમાં ઉપયોગી સહયોગ મળી રહે તે આ સેવાકીય પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ છે.આ સેવાકીય કામગીરીની મુલાકાત દરમિયાન અમદાવાદથી શ્રી અરીધમરાય સાહેબે પણ મુલાકાત લીધી હતી. ઉપરાંત KCRC મંડળના શ્રી અરવિંદસિંહ ગોહિલ સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોની ઉપસ્થિતિથી સેવાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળ્યું હતું.તેમણે જણાવ્યું કે નાની મદદ પણ કોઈના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે, તેથી શિક્ષણ, રોજગાર અને માનવસેવાના ક્ષેત્રે આવી સેવાપ્રવૃત્તિઓ સતત આગળ વધારવાનો પ્રયાસ રહેશે.અંધજન મંડળ અને સુજલોન ફાઉન્ડેશનની આ પહેલ ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ, સહાય અને માનવતાનો સુંદર સંદેશ આપી રહી છે.

# મહીસાગર જિલ્લામાં "૨૫ કરોડ બાળકોના સપનાનું ભારત" અંતર્ગત ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

25 કરોડ બાળકોના સપનાનું ભારત અંતર્ગત વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય વિકાસ, સર્જનાત્મકતા, વિચારશક્તિ તથા વક્તૃત્વ કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી ચિત્ર સ્પર્ધા તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન મહીસાગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના માર્ગદર્શનમાં મહીસાગર જિલ્લાના તમામ તાલુકા ખાતે કરવામાં આવ્યું હતું.25 કરોડ બાળકોના સપનાનું ભારત કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવાર,સંતરામપુર ધારાસભ્યશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર,નગરપાલિકાના તમામ પ્રમુખશ્રીઓ,જિલ્લા પંચાયતના તમામ સદસ્યશ્રીઓ, મહીસાગર મહિલા મોરચાના પ્રમુખશ્રી,તમામ તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ તથા તમામ તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.આ સ્પર્ધામાં તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રાથમિક વિભાગમાં ધોરણ 6 થી 8, SVS કક્ષાના માધ્યમિક વિભાગમાં ધોરણ 9 અને 10, તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ધોરણ 11 અને 12ના વિદ્યાર્થીઓએ 25 કરોડ બાળકોના સપનાનું ભારત વિષયને કેન્દ્રમાં રાખીને ચિત્ર સ્પર્ધા તથા વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ તથા વક્તૃત્વ કૌશલ્ય દ્વારા વિકસિત ભારતના સંકલ્પ અને ભવિષ્યના ભારતની કલ્પનાને સુંદર રીતે રજૂ કરી હતી. સ્પર્ધામાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ અને પ્રતિસાદ નોંધપાત્ર રહ્યો હતો.

# UPSC અને GPSC પરીક્ષાની તૈયારી કરતા નોકરી વાંચ્છુ યુવાઓ માટે પરીક્ષા લગત જાણકારી અને તાલીમની તક

નરેન્દ્ર દવે જૂનાગઢ | ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢ ખાતે કાર્યરત્ત સ્વામિ વિવેકાનંદ આઈ.એ.એસ. સ્ટડી સેન્ટરમાં ઓફલાઈન પ્રવેશ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે, વર્ષ ૨૦૨૬-૨૭ માટેના કોચિંગ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા બાદ બાકી રહેલ સીટો માટેની ઓફલાઈન અરજીઓ તા.૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થિત સ્વામી વિવેકાનંદ આઈ.એસ.એસ. સ્ટડી સેન્ટર (એફ. બ્લોક) ખાતે સ્વીકારવામાં આવશે. સ્નાતક કક્ષાના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા, સ્નાતક કે અનુસ્નાતક પૂર્ણ કરેલા અથવા યુનિ.ના એલ્યુમ્નાઈ વિદ્યાર્થીઓ આ પ્રવેશ માટે અરજી કરી શકે છે. પ્રવેશ પ્રક્રિયા છેલ્લી માંર્કશીટના આધારે મેરીટ મુજબ થશે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે અસલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. વધુ માહિતી માટે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં એફ બિલ્ડીંગ ખાતે કાર્યરત સ્વામિ વિવેકાનંદ આઇ.એ.એસ. સ્ટડી સેન્ટરનાં કોર્ષ કો-ઓર્ડીનેટર સુશ્રી રાધીકાબેન ગગલ અથવા સેન્ટર કો-ઓર્ડીનેટર ડો.પરાગ દેવાણીનો સંપર્ક કરી વધુ જાણકારી મેળવી શકાશે.

# વક્તૃત્વના મંચે નીલનો ડંકો, રતડીયા શાળાનું ગૌરવ વધ્યું!

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

‘વિકસિત ભારત-શ્રેષ્ઠ ભારત’ અંતર્ગત યોજાયેલી CRC કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં શ્રી રતડીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થી નીલ વિનોદભાઈ પટેલે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શાળા તથા ગામનું ગૌરવ વધાર્યું હતું.વક્તૃત્વ સ્પર્ધામાં નીલે આત્મવિશ્વાસભરી અને અસરકારક રજૂઆત કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. CRC કક્ષાએ શ્રેષ્ઠ



પ્રદર્શન કર્યા બાદ નીલે તાલુકા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધામાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. નીલની આ સિદ્ધિથી શ્રી રતડીયા પ્રાથમિક શાળા પરિવાર તથા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. વિદ્યાર્થીની સફળતા બદલ SMC અધ્યક્ષશ્રી ભૂરુભા સોઢા, SMCના સભ્યશ્રીઓ, CRC હિતેશભાઈ વાઘેલા તથા સમગ્ર શાળા પરિવારે નીલ વિનોદભાઈ પટેલને હાર્દિક અભિનંદન પાઠવી તેની ઉજ્જવળ શૈક્ષણિક પ્રગતિ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.વક્તૃત્વ કૌશલ્યમાં નીલે મેળવેલી આ સફળતા શાળાના અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

# જાફરાબાદ નગરપાલિકા દ્વારા સેવા સેતુ કાર્યક્રમ ૨૮ સપ્ટેમ્બરે યોજાશે

## નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એકજ સ્થળે સરળતાથી મળી રહે તે હેતુ સેવા સેતુ કાર્યક્રમ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સરકાર શ્રી ના વિવિધ વિભાગોની જુદીજુદી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકો ને તેમના રહેઠાણો ના નજીકના સ્થળે એક્જ દિવસે સરળતાથી પ્રાપ્ત થઈ શકે તે માટે અલગ-અલગ કચેરીઓના ધક્કા ન ખાવા પડે, જરૂરી સેવાઓનો લાભસરળતાથી એક જ સ્થળેથી મળી રહે, અરજીઓનો સ્થળ પર જ ઝડપી નિકાલ થાય તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ નાગરિકો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત જાફરાબાદ નગરપાલિકા ચીફ ઓફિસર શ્રી મતિ ભાવનાબેન ગોસ્વામી ની સુચના અને શ્રી મતિ રવિનાબેન પ્રફુલ્લભાઇ બારૈયા પ્રમુખ શ્રી નગરપાલિકાના માર્ગદર્શન હેઠળ સેવા સેતુ કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.જાફરાબાદ નગરપાલિકા સેવાસેતુ કાર્યક્રમ આગામી તા. ૨૮ સપ્ટેમ્બર, સોમવારે નગરપાલિકા ટાઉન હોલ કૃપા સિંધુ હનુમાન મંદિર ખાતે સમય સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી યોજાશે. આ સેવાસેતુ નાગરિકોને અનેકવિધ સુવિધાઓનો લાભ સ્થળ પર મળશે. સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ વિભાગોની ૫૫ જેટલી સેવાઓ નાગરિકોને ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. જેમાં આધાર નોંધણી તથા આધાર કાર્ડમાં સુધારા, રેશનકાર્ડમાં નામ દાખલ-કમી કરવું અને સુધારા, રેશનકાર્ડ ધારકોની ઈ-કેવાયસી, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, જન્મ-મરણ પ્રમાણપત્ર, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, કુંવરભાઈનું મામેરૂ સહાય યોજના, ફીશોપ કાર્ડ, નમોથી યોજના, પીએમજેએવાય માટેની અરજી, મેડિકલ ઓફિસર દ્વારા ઘરેલું નવા વીજ જોડાણ માટેની અરજી જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બેન્કિંગ અનેનાણાકીય સેવાઓ અંતર્ગત નવું બેન્ક ખાતું ખોલાવવું, આધારને બેન્ક ખાતા સાથે જોડવું, મોબાઈલ નંબરને બેન્ક ખાતા સાથે જોડવું, પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના, અટલ પેન્શન યોજના તેમજ ડિજિટલ ટ્રાન્ઝેક્શનની કેશલેસ લિટરસી અંગે માર્ગદર્શન અને જરૂરી કામગીરી કરવામાં આવશે. મહેસૂલ વિભાગની સેવાઓમાં સાતબાર/આઠ-અના પ્રમાણપત્રો, રેવન્યુ રેકર્ડમાં વારસાઈ અરજી, અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર જેવી સેવાઓનો સમાવેશ થાય છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વિવિધ સેવાઓ ઉપરાંત રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, દિવ્યાંગો માટે બસ કન્સેશન પાસ, તથા અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટેની વિવિધ યોજનાઓ માટે અરજીઓ સ્વીકારવામાં આવશે. નગરપાલિકા સંબંધિત સેવાઓમાં પ્રોપર્ટી ટેક્સ, ગુમાસ્તાધારા, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી), વ્યવસાય વેરો, વોટર અને ડ્રેનેજ કનેક્શન તથા પીએમ સ્વનિધિ યોજના સહિતની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત શ્રવણ તીર્થ યોજના રજીસ્ટ્રેશન, આઈસીડીએસ અંતર્ગત બાળકોના આધાર કાર્ડ, વિધવા સહાય તથા મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજનાની અરજીઓ સ્વીકારવાની કામગીરી કરવામાં આવશે.સેવા સેતુ કાર્યક્રમ દરમિયાન ભીમ એપનું નિદર્શન તેમજ એપ્રેન્ટિસ યોજનાનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવશે. યુવાનો, સિનિયર સિટીઝન મહિલાઓ લાભાર્થીઓ તથા નાગરિકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ડિજિટલ સેવાઓ અંગે સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે. નાગરિકોને સરળતાથી માર્ગદર્શન મળે, વિભાગવાર કાઉન્ટરો પર યોગ્ય વ્યવસ્થા રહે, જરૂરી દસ્તાવેજો અંગે અગાઉથી જાણકારી મળે અને અરજીઓની પ્રક્રિયા ઝડપી બને તે માટે નગરપાલિકા દ્વારા જરૂરી આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

# લુણાવાડા ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭: સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત તાલુકાકક્ષાની વક્તૃત્વ અને ચિત્ર પ્રદર્શન સ્પર્ધા યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર


મહિસાગર જિલ્લાના લુણાવાડા સ્થિત બી.આર.સી. ભવન ખાતે ’સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત ’વિકસિત ભારત ૨૦૪૭’ વિષય પર આધારિત



**વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ કલા-કૌશલ્યનું પ્રદર્શન કરી તાલુકાનું ગૌરવ વધાર્યું: મહાનુભાવો દ્વારા વિજેતા પ્રતિભાઓનું સન્માન**

તાલુકાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધા તેમજ ચિત્ર પ્રદર્શન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવી પેઢીમાં રાષ્ટ્રનિર્માણની ભાવના, કલા અને અભિવ્યક્તિના કૌશલ્યને પ્રોત્સાહન આપવાના હેતુથી યોજાયેલી આ સ્પર્ધામાં તાલુકાના વિવિધ ક્લસ્ટરોમાંથી ક્લસ્ટર કક્ષાએ પ્રથમ સ્થાન મેળવીને આવેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ કાર્યક્રમમાં લુણાવાડા નગરપાલિકા પ્રમુખશ્રી ડૉ. કિર્તીભાઈ, તાલુકા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલ તેમજ જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રી રાકેશભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નગરપાલિકા અને તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યશ્રીઓ, શહેર તથા તાલુકા સંગઠનના અગ્રણીઓ-હોદ્દેદારશ્રીઓ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રી, જિલ્લા અને તાલુકા શિક્ષક સંઘના હોદ્દેદારશ્રીઓ, સી. આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીઓ તેમજ પોલન સ્કૂલના આચાર્યશ્રી અને શાળા પરિવાર વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.સ્પર્ધા દરમિયાન ઉપસ્થિત વિદ્યાર્થીઓએ ’વિકસિત ભારત ૨૦૪૭’ના સંકલ્પને ઉજાગર કરતી વાગ્છટા અને મૌલિક ચિત્રકળાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સૌને પ્રભાવિત કર્યા હતા. કાર્યક્રમના અંતે સ્પર્ધામાં વિજેતા બનેલા તેજસ્વી વિદ્યાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પુરસ્કૃત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તબક્કે પધારેલા મહાનુભાવોએ વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને બિરદાવી હતી અને આગામી સમયમાં યોજાનાર જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પણ લુણાવાડા તાલુકાનું નામ રોશન કરે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.

# સૂવાના ઠીક પહેલા પાણી પીવું જોઈએ કે નહીં?



શરીરને હાઈડ્રેટ રાખવા માટે પાણી પીવું ખૂબ જ જરૂરી છે. વ્યક્તિએ આખા દિવસમાં 3-4 લિટર પાણી પીવું જોઈએ. પાણી પીવાની સાથે સાથે યોગ્ય સમયે પાણી પીવું પણ જરૂરી છે. તમે ઘણીવાર સાંભળ્યું હશે કે સવારે ઉઠ્યા પછી પાણી પીવું જોઈએ. પરંતુ રાત્રે સૂવાના ઠીક પહેલા પાણી પીવું જોઈએ કે નહીં? સ્વાસ્થ્ય માટે પાણી પીને તરત સૂઈ જવું છે યોગ્ય, જાણો અહીં જો તમે સૂતા પહેલા પાણી પીતા હોવ તો તે સ્વાસ્થ્ય માટે સારું નથી. જેના કારણે તમારે વારંવાર વોશરુમ જવું પડી શકે છે. જેના કારણે ઊંઘ પૂરી નથી થતી. સૂતા પહેલા એટલેકે બેડ પર જવાના જસ્ટ પહેલા પાણી પીવાની આદત તમારું વજન વધારી શકે છે. જેના કારણે વ્યક્તિ સ્થૂળતાનો શિકાર બની શકે છે. તેનાથી બચવા માટે રાત્રે સૂતા પહેલા પાણી ન પીવો. પાણી પીને તરત સૂવાથી રાત્રે ઊંઘ જલદી આવતી નથી અને ઓછી ઊંઘને કારણે તમે હાઈ બીપી અને ખરાબ કોલેસ્ટ્રોલનો શિકાર બની શકો છો. તમારું વજન પણ વધી શકે છે. સૂવાના જસ્ટ પહેલા પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખતરનાક બની શકે છે, પણ જો સૂવાના અડધો કલાક કે કલાક પહેલા પીવો છો તો તે તમારા માટે ફાયદાકારક થશે. તમે સૂવાના અડધા કલાક કે કલાક પહેલા પાણી પીવો છો તો તે તમારા બોડીને જેરી તત્વોને બહાર કાઢી છે અને શરીર ડિટોક્સ કરે છે. આથી સૂવાના કલાક પહેલા પાણી પીવું જોઈએ.

# દોડતી વખતે ન કરો આ 4 ભૂલો થઈ શકે છે સાંધાની સમસ્યા



**વાર્મઅપ કરો** | કોઈપણ અન્ય વર્કઆઉટની જેમ દોડતી વખતે ગરમ થવું મહત્વપૂર્ણ છે. જો તમે વોર્મ અપ કર્યા વિના દોડતા હોવ તો શરીરના સ્નાયુઓમાં દુખાવો શરૂ થઈ શકે છે. આવી સ્થિતિમાં તરત જ દોડવાનું શરૂ ન કરો. સૌ પ્રથમ નાના પગલાઓ લઈને વાર્મઅપ કરવું.

**યોગ્ય શૂઝ** | જ્યારે પણ તમે દોડો ત્યારે તમારા પગના આરામનું ધ્યાન રાખો. એવા જૂતા પહેરો જે પગને આધાર આપે. જો તમે ચપ્પલ, સેન્ડલ અથવા જૂના જૂતા પહેરીને દોડી રહ્યા છો, તો આવું કરવાનું ટાળો. તેનાથી થોડો સમય દોડ્યા પછી સાંધામાં દુખાવો થઈ શકે છે. પગરખાં પહેરતી વખતે એ વાતનું ધ્યાન રાખો કે હિપમાં દુખાવો કે પગમાં દુખાવો ન થાય.

**અંતરનું ધ્યાન રાખો** | ઘણી વખત જ્યારે લોકોને દોડવાની આદત ન હોય ત્યારે તેઓ અચાનક ઝડપથી દોડવા લાગે છે અને લાંબા અંતરને કાપે છે. તેનાથી સાંધામાં સમસ્યા થઈ શકે છે. આવી સ્થિતિમાં અંતર અને દોડવાની ગતિ ધીમે-ધીમે વધારવી પડશે. ઝડપી વોક કરીને દોડવાની શરૂઆત કરવી જોઈએ

**સ્નાયુની મજબુતી** | દોડતી વખતે મસલ્સનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. સાંધાઓની આસપાસના સ્નાયુઓને મજબૂત રાખવા જોઈએ. દોડવાની સાથે પુશ-અપ્સ, સ્ક્વોટ્સ અને પ્લેન્ક જેવી કસરત કરવાનું ભૂલશો નહીં.

# શું તમને પણ વારંવાર હાથ-પગમાં ખાલી ચડી જાય છે?

ઘણી વખત એવું બને છે કે હાથ કે પછી પગમાં ખાલી ચડી જાય છે. તે સમયે પગ કે હાથ સુન પડી જાય છે અને તે હોય જ નહી તેવો અનુભવ થાય છે. આ સમયે જો હાથ અને પગને હલાવા કે ખસેડવામાં આવે તો કઈ અનુભવ થતો નથી અને હાથ કે પગને જલદી ખસેડી સકાતો નથી. જો કે, મોટાભાગના લોકો ખાલી ચડવાની સમસ્યાને અવગણે છે અને ફરીથી તેમના કામમાં વ્યસ્ત થઈ જાય છે. પરંતુ શું તમે જાણો છો કે હાથ-પગમાં ખાલી ચડવાની સમસ્યાને અવગણવાથી તમારા સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે. ખાલી ચડવા પાછળનું કારણ શું છે તે તમને જણાવી દઈએ તો શરીરની નબળાઈ, વીટામિન અને લોહીની ઉણપ સાથે લોહીનું શરીરમાં પરીભ્રમણ અને આ સાથે શરીરમાં થાકની સહિત અનેક કારણો જવાબદાર છે ત્યારે આ સમસ્યાથી રાહત મેળવવા આ ઘરેલુ ઉપચાર કરી શકો છો જે તમારા હાથ અને પગમાં ખાલી ચડી જવાની સમસ્યાને દૂર કરી દેશે.



**તજ અસરકારક** | તજ શરીરમાં ખાલી ચડવાની સંવેદનાને દૂર કરવામાં અસરકારક છે. તેમાં ભરપૂર માત્રામાં પોષક તત્વો હોય છે જે શરીરમાં લોહીના પ્રવાહને વધારવામાં મદદ કરે છે. જેના કારણે શરીરનો કોઈ પણ ભાગ સુન્ન થવાની સંભાવના ઘટી જાય છે.


**દરરોજ યોગ કરો** | યોગ દ્વારા શરીરમાં લોહીનો પ્રવાહ પણ સારો રહે છે. આથી શરીરના કોઈ ભાગમાં ખાલી ચડી જવાની સમસ્યાથી રાહત મળે છે.

**આ રીતે હૂંફાળા પાણીનો ઉપયોગ કરો** | જો તમારા હાથ કે પગમાં ખાલી ચડી ગઈ હોય અને તે સુન્ન થઈ ગયો હોય તો તેને હુંફાળા પાણીમાં લગભગ 2 થી 5 મિનિટ રાખો. આમ કરવાથી તમને તરત જ રાહત મળશે.

**યોગ્ય આહાર લો** | શરીરમાં મોટા ભાગે ખાલી ચડી જવાની સમસ્યા પણ આહાર યોગ્ય ન હોવાને કારણે થાય છે. આ વિટામિન બી અને ડી કોમ્પ્લેક્સ, મેગ્નેશિયમ અને પ્રોટીન અને આયર્નની ઉણપને કારણે છે. આથી એવી વસ્તુઓ ખાવ કે જેથી તમને ભરપુર વિટામીન મળી રહે તેના માટે મુઠ્ઠીભર ડ્રાયફ્રુટ, સિઝનલ ફ્રુટ અને શાકભાજી સહિત મકાઈ, બાજરી જવ જેવા અનાજ પણ ફાયદા કારક છે તે શરીરની નબડાઈ પણ દૂર કરે છે.

## હળદરવાળું દૂધ પીવો

કોરોના વાયરસના પ્રકોપથી પોતાને બચાવવા અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે લોકોએ થોડા સમયથી હળદરવાળા દૂધનું વધુ સેવન કરવાનું શરૂ કર્યું છે. પરંતુ શું તમે જાણો છો કે હળદરવાળું દૂધ તમારા ખાલી ચડી જવાની સમસ્યાને દૂર કરવામાં પણ અસરકારક છે. હળદરવાળા દૂધમાં ભરપૂર માત્રામાં એન્ટી-ઓક્સીડેન્ટ હોય છે. તે શરીરમાં લોહીનું પરિભ્રમણ કરવામાં મદદ કરે છે. જેના કારણે લોહીનો પ્રવાહ નસોમાં હંમેશા રહે છે.



# પગ પર પગ ચડાવીને બેસતા હોવ તો સાવધાન! High BP સહિત આ સમસ્યાઓનું જોખમ

અનેક લોકોને બેસતી વખતે પગ પર પગ ચડાવીને બેસવાની આદત હોય છે. આ રીતે બેસવાથી તેમને આરામદાયક લાગે છે. પરંતુ શું તમને ખબર છે કે આ આદત તમારા સ્વાસ્થ્ય માટે કેટલી હાનિકારક છે? ડોક્ટરોનું કહેવું છે કે પગને ક્રોસ કરીને બેસવું વેરિકઝ વેન્સ (નસોમાં સોજા) અને ગર્ભવતી મહિલાઓમાં જન્મ સંબંધિત જટિલતાઓનું કારણ બની શકે છે તથા હાઈ બ્લડ પ્રેશરનું જોખમ પણ વધે છે.

## પગ પર પગ ચડાવીને બેસવાથી થતું નુકસાન...



**હાઈ બ્લડ પ્રેશનરની સમસ્યા** | અભ્યાસથી ખબર પડે છે કે પગને ક્રોસ કરીને બેસવાથી બ્લડ પ્રેશર 8% સુધી વધી શકે છે. આવું એટલા માટે કારણ કે તે પોશ્ચર ધમનીઓ પર દબાણ નાખે છે. જેનાથી હૃદયે વધુ મહેનત કરવી પડે છે. આવામાં જો તમને પહેલેથી જ હાઈ બ્લડ પ્રેશરની સમસ્યા છે, તો ક્રોસ લેગ્ડ બેસવાથી ખાસ બચવું જોઈએ.

**પીઠનો દુખાવો અને માંસપેશીઓમાં ખેંચાણ** | પેગને ક્રોસ લેગ કરીને બેસવાથી પીઠની માંસપેશીઓ પર તણાવ વધી જાય છે. જેનાથી પીઠ દુખાવો અને માંસપેશીઓમાં ખેંચાણ હોઈ શકે છે. તે ગળા અને ખભામાં દર્દ પણ પેદા કરી શકે છે.

**સાઈડ ઈફેક્ટ્સથી બચવાની રીત** | જ્યારે તમે બેસો તો તમારી પીઠ સીધી રાખો અને તમારા પેરોને જમીન પર સપાટ રાખો. જો તમારે લાંબા સમય સુધી બેસવાનું હોય તો દર 30 મિનિટે તમારી સ્થિતિ બદલતા રહો. દર કલાકે કેટલીક મિનિટો માટે ઊભા થાઓ અને ફરો. આ સિવાય નિયમિત વ્યાયામ કરો તેનાથી માંસપેશીઓને મજબૂત બનવામાં અને લચીલાપણું વધારવામાં મદદ મળે છે.

## વેરિકોઝ વેન્સ અને ગર્ભાવસ્થામાં મુશ્કેલીઓ

પગને ક્રોસ કરીને બેસવાથી લોહીના પ્રવાહમાં સમસ્યા ઊભી થઈ શકે છે. જેનાથી વેરિકોઝ વેન્સ (નસોમાં સોજા)નું જોખમ વધે છે. ગર્ભવતી મહિલાઓ માટે પણ ખાસ કરીને હાનિકારક હોય છે. કારણ કે ગર્ભાવસ્થા દરમિયાન લોહીનો પ્રવાહ પહેલેથી જ ધીમો હોય છે. તેનાથી પગોમાં સોજા, દુખાવો, અને થાક થઈ શકે છે. આ ઉપરાંત ગર્ભવતી મહિલાઓમાં ક્રોસ લેગ કરીને બેસવાથી ભ્રૂણની સ્થિતિ ઉપર પણ પ્રભાવ પડી શકે છે. તેનાથી પ્રસવમાં વિલંબ કે મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે.



# મારી ડાયરીનું પેજ





- રુપાલી દવે

એ જિંદગી ગલે લગાલે, હમ ને ભી તેરે હર ગમ કો ગલે લગાયા હૈ, હૈ ના..

મારા જીવન ની ડાયરી લખવા બેસું છું ત્યારે જીવન માં વિતેલ ઘટના ઓ એક પછી એક મારી નજર સામે થી પસાર થઈ ને મીઠો ટહુકો કરી ને કહે છે કે થોડું તો તારા માટે જીવી લે ક્યાં સુધી ભૂતકાળ ને વાગોળ્યા કરીશ. લાઈફ ની જવાબદારીઓના બોજ ને થોડા સમય માટે તો ભૂલી જા વર્તમાન ને એન્જોય કરીશ તો જ જિંદગી નું સાચું રહસ્ય સમજાશે. હા!! સાચી વાત છે મારી ડાયરી ના દરેક પાના પર ‘લવ યુ જિંદગી‘ લખું છું ત્યારે લાગે છે કે હું ખુદ સેલિબ્રિટી છું.સાચું કહું તો મારી લાઈફ મેં ખુદ માટે ખાસ શરત સાથે વધારે જીવી હોત તો ટુ બી ઔર નોટ ટુ બી ની ગડમથલ સતાવતી ન હોત. ‘જવાબદારી નું બંધન‘ તો બધાને કાયમ રહેતું હોય છે પણ આપણા પર ખડખડાટ હસવા પર,બિન્દાસ મન પડે બોલી નાખવા પર કે બહેનપણીઓ અને બહેનો સાથે આનંદ ની સુંદર પળો વિના રોકટોક વિતાવવા પર ફૂલ આઝાદી મેળવી છે.મારે ક્યારેય દવે કે જોશી ની ઓળખાણ કરાવવી પડતી નથી મને મારા નામ પ્રત્યે અનહદ પ્રેમ છે.મધ્યમ વર્ગીય પરિવાર નું વાક્ય ‘શું લાવ્યા હતા તો લઈ જશું,પ્રેમ કમાવીશું ને એ જ સમાજ માં વહેંચી શું‘ મને પ્રિય છે.

હે!!જિંદગી તું ખૂબ ખાસ છો, તું મારી સહેલી બની ને આવી ને, મને એનેક પ્રેમભર્યા સબંધો આપ્યા, અમુક નજીક ના હતા ને ઘણા દૂરના..

મેં અનુભવ્યું છે કે ગૃહિણીઓનું જીવન યુવાની મા પુત્રી ધર્મ નું પાલન,લગ્ન બાદ સાસરિયા ધર્મ માં ઈચ્છા ઓનું બલિદાન,સંતાન બાદ માતૃત્વ ધર્મ ની આસપાસ વધારે રહેતું હોય છે.આ કારણોસર પોતે પોતાના માટે નિર્ણય કરી શકતી નથી હોતી,કેમ? બાળપણ થી લઈને પ્રૌઢ અવસ્થા દરમિયાન એના જીવન ના અગત્ય ના નિર્ણયો એના પિતા,પતિ અને બાળકો જ કરતા હોય છે.ઈચ્છા શું? આ વિશે પૂછો તો પણ ગૃહિણીઓ એની ઈચ્છા વ્યક્ત કરતા પણ સંકોચ અનુભવતી હોય છે.ખાસ કરીને પ્રૌઢ ઉંમરે પહોંચતા ગૃહિણીઓ એના ગમા અણગમા પતિ આગળ વ્યક્ત કરી શકતી નથી હોતી. સમાજ અને સંસ્કાર ના કવચ એ બંધાઈ ચૂકી હોય છે.આ સમય ગાળા માં જવાબદારીઓથી નિવૃત સ્ત્રી ને ખાસ કરીને પુરુષ ના સાથ સહકાર ની પુષ્કળ જરૂર હોય છે. આ સમય માં પુરુષ નું ‘હું‘ પત્નીઓ પર હાવી થતા એ અનેક માનસિક રોગો નો શિકાર બની જતી હોય છે.પોતપોતાના ગૃહસ્થ જીવન અને ધંધે દીકરા દીકરીઓ લાગી ગયા હોય છે. પતિ દેવ પર પણ આર્થિક બોજો ઓછો થયો હોય છે.પ્રૌઢ અવસ્થા નો સમય એકબીજા સાથે પ્રેમ ની પરિભાષા ને સ્પષ્ટ કરવાનો પ્રયાસ હોય છે.

ટ્રેન ના લાંબા પ્રવાસે નીકળતી વખતે નાસ્તાઓ, થેપલા શાક સાથે પતિ દેવ ની પસંદગી ના બટેટા વડા, ભજીયા, ચટણી પેક કરી ને લઈ જવા. પ્રવાસ ના સ્થળે રસ્તા માં મળતા ફુલ ના સુંદર ગજરા થી ખુદ ને સજાવતા જ પતિદેવ ના મુખે થી લગ્ન પછી વરસો બાદ સુંદરતા ના વખાણ સાંભળવા.. ખરેખર પ્રૌઢ અવસ્થા જ સ્ત્રીઓ અને પુરુષ ના જીવન ને પુનઃ વસંત ઋતુની મહેક થી ભરી દેતું હોય છે.

પ્રેમ ની પરિભાષા એટલે બે વ્યક્તિઓનો એકબીજા સાથેનો અતૂટ સબંધ,આ સબંધ ના કારણે બ ન્ને વ્યક્તિઓને પ્રેમનો એહસાસ થાય. નાનકડી નાસમજ માંજ પતિ પત્ની ના સબંધો માં તિરાડ પડતી હોય છે. પરંતુ પ્રેમ સબંધો નાનકડી તિરાડો ના ઘાવને સ્નેહ ના મલમ થી મટાડી દેતા હોય છે. જ્યાં સબંધો માં પ્રેમ ને બદલે વિશ્વાસઘાત કે શંકા છે ત્યાં મોંઘા માં મોંઘા મલમ પણ કારગત નીવડતા નથી હોતા.દરેક ના વિચારોની અલગ જ એક દુનિયા હોય છે.જ્યાં થોડા સમય સુધી વાસ્તવિક દુનિયાથી દૂર જઈને વસવા નો પ્રયત્ન કરતા હોઈએ છીએ પણ આ દુનિયા માં સ્ત્રીઓ ની લાગણીઓ સાથે બધાને ખાસ કરીને પુરુષો ને રમવું ગમતું હોય છે એટલે જ પતિ પત્ની વચ્ચે ની પ્રેમ ની પરિભાષા ગમે તેટલી નીરસ બને પણ બન્ને વચ્ચેના સબંધો ની મજબૂતી ડગમગાવી ન જોઈએ.

હકીકત એ છે કે જીંદગી માં ભૂતકાળ અવાર નવાર સ્ત્રી પુરુષ ના સબંધો માં વિલન બનતો હોય છે.એ સામે આવતાં જ બધું પત્તાં ના મહેલ ની જેમ સબંધો તૂટી જાય છે. લોકો સમજતા હોઈ છે કે પ્રેમ માટે ખાસ ઉમર એટલે 16થી20 અને 25થી 40 વર્ષની ઉમરે જ શક્ય છે.કેમ? 41 વર્ષ ની વ્યક્તિ એના સાંસારિક જીવન ના બોજ હેઠળ દબાઈ જવાથી એની યુવાની ઘટવા લાગે છે.જ્યારે 58વર્ષનો વ્યક્તિ થઈ જાય છે ત્યારે પત્ની ખુદ પતિને ઘરડો માનવા લાગે છે ને વાત વાતમાં બોલી પણ દે છે કે હવે આપણા રોમાન્સ ના દિવસો ગયા, દાદા દાદી બની ગયા છીએ પૌત્ર પૌત્રી ની જવાબદારીઓ અને ધર્મ ધ્યાનમાં સમય વિતાવો..આવું વિચારવું એ સમાજ ની મજબૂરી છે. પુરુષ લગ્ન એટલે કરે છે કે એનો સુખી સંસાર તો વસે સાથે સાથે એના જીવનમાં પ્રવેશનાર સ્ત્રી એ એના ઉમર નાં દરેક પડાવ પર એના હાથ મજબૂતીથી એવા પકડી રાખે જેથી એને ક્યારેય વૃદ્ધત્વ ની અસર દેખાઈ નહિ.હકીકત તો એ છે કે બાળકો મોટા થઈને પગભર થઈ ગયા બાદ એ એનો સંસાર વસાવવામાં વ્યસ્ત થઈ જવાના જ છે.

મારું તો માનવું છે કે સમાજ શું કહેશે? આ ભય છોડીને તમે તમારી લાઈફ વધારે ખુશ રહે એવા પ્રયત્નો કરો. પતિપત્ની એ બાળકોના લગ્ન થઈ ગયાં બાદ ફરી પાછા પોતાના યુવાની ના દિવસોમાં પાછા ફરી ને બાળકોની જવાબદારીઓ થી મુક્ત થઈ જવું જોઈએ.પહેલાના સમયમાં પણ આવું જ હતું રાજાઓ રાજકારભાર ત્યજી પત્ની સાથે વનમાં જવા નીકળી જતા હતા... મિત્રો,મારું માનવું છે કે 18થી 30 વર્ષ એ વૈવાહિક જીવન ના પ્રત્યેક સુખ માટેના અને 30થી 45 વર્ષ દરેક જવાબદારીઓ નિભાવીને એમાંથી મુક્ત થઈને પ્રત્યેક પળ પ્રેમમય જીવનસાથી સાથે વિતાવવા જોઈએ,કેમકે પત્ની પણ પારિવારિક બોજ ઉઠાવીને થાકી ગઈ હોય છે. એ પણ પોતાના પ્રિયતમ આગળ એવી અપેક્ષા રાખતી હોય છે કે એ એને કુટુંબની જવાબદારીઓ માંથી મુક્ત કરીને એની સાથે એના મય થઈને જીવે.

પ્રેમ એટલે બે વ્યક્તિઓ વચ્ચેના શારીરક સબંધોથી બંધાતા સબંધ માનવું એ ખરેખર તો વિકૃત માનસિકતા છે, પ્રેમ એ પતિપત્ની વચ્ચેના મૌન વિચારોની પરિભાષા છે જે વર્ષોથી એકબીજા સાથે સુખમાં,દુઃખ માં બાળકોની જવાબદારી ઓમા એક્સુત્ર બનીને જીવ્યા છે.ઘણીવાર ખુદ સંતાન પોતાના સ્વાર્થ માટે માબાપ ને એવું કહીને છુટા રહેવા મજબૂર કરે છે કે ‘ મમ્મી,તારી અને ડેડી ની ઉમર થઈ ગઈ હવે તમે બન્ને સાથે રહો કે અલગ રહો એથી શું ફર્ક પડવાનો છે?ડેડી તો એની મેળે એના મિત્રો સાથે ત્યાં એન્જોય કરી લેશે.તને તો ખબર છે કે અમે બન્ને નોકરી કરીયે છીએ એટલે મારા બાળકો ને સાચવવા તારે આવું પડશે‘ ..જ્યારે સંતાનો આવું કરે છે ત્યારે કહેવાનું મન થાય છે કે ક્યાં સુધી તમે તમારી જવાબદારીઓ માટે માબાપ ના જીવનની આહુતિઓ આપશો,એને એનું જીવન જીવવા માટે મુક્ત કરીને જે સવલતો તમને એણે આપી હતી એને સુદ સમેત પાછા વળાવી દયો ત્યારે તો તમે એના ઋણ માંથી મુક્ત થશો.જો તમને એવું લાગતું હોઈ કે મમ્મીપપ્પા ઘરડા થઇ ગયા છે તો જરૂર થી એને કુલું મનાલી કે સિમલા ની પેકેજ ટુર ની ઓફર કરજો.સાચું તો એ છે કે ઉમર શરીર ને લાગે છે માણસના શરીરની અંદર વહેતા નિર્મળ પ્રેમ તો શાશ્વત છે એતો અથાગ વહેતા દરિયા ના પાણી જેવો નમકીન હોય છે........‘નમક ભોજનમાં વધારે પડી જાય તો સ્વાદ બગડી જાય છે ભૂલાઇ જાય તો સ્વાદ આવતો નથી,પ્રમાણસર પડે તોજ ભોજન સ્વાદિષ્ટ બને છે...‘

વર્ષ 1943ની વાત છે. એક યુવાન છોકરો પોતાના સપનાઓ પૂરા કરવા માટે લાહોરથી મુંબઈ પહોંચ્યો. ખિસ્સામાં માત્ર 30 રૂપિયા હતા અને રહેવા માટે કોઈ ઠેકાણું નહોતું. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઓળખ બનાવવાનું સપનું હતું, પરંતુ સામે સૌથી મોટો પડકાર એ હતો કે, મુંબઈ જેવા શહેરમાં ગુજરાન કેવી રીતે ચલાવવું.
શરૂઆતમાં તેને ચાલીમાં રહેવું પડ્યું. થોડા દિવસો પસાર થયા, તો પૈસા ખૂટવા લાગ્યા. ફિલ્મોમાં કામ મળવાની કોઈ આશા નજરે પડતી નહોતી. આખરે પેટ ભરવા માટે તેને નોકરી કરવી પડી. મિલિટરી સેન્સર ઓફિસમાં ક્લાર્કની નોકરી મળી, જ્યાં તે બ્રિટિશ સરકાર માટે મિલિટરી સેન્સરનું કામ કરતો હતો. તેને મહિનાના 65 રૂપિયા પગાર મળતો હતો.
પરંતુ જે છોકરા પાસે મુંબઈ પહોંચવા માટે માત્ર 30 રૂપિયા હતા, તેણે હાર માની નહીં. થોડાં વર્ષો પછી એ જ વ્યક્તિ હિન્દી સિનેમાનો એવો સ્ટાર બન્યો, જેને લોકો 'એવરગ્રીન સ્ટાર' કહેવા લાગ્યા.
અમે વાત કરી રહ્યા છીએ દેવ આનંદની અને તેમની 103મી બર્થ એનિવર્સરી પર જાણીએ તેમની જિંદગી સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો...



# દેવ આનંદની ઝલક મેળવવા યુવતીઓ છત પરથી કૂદી પડતી!

## સુરૈયા સાથે લગ્ન ન થતાં પહેલીવાર રડ્યા, એક્ટ્રેસ કલ્પના કાર્તિક સાથે લંચ બ્રેકમાં ચોરીછૂપે લગ્ન કર્યા

(એજન્સી) મુંબઈ | તા.26

દેવ આનંદનો જન્મ 26 સપ્ટેમ્બર 1923ના રોજ બ્રિટિશ ભારતના પંજાબના ગુરદાસપુર જિલ્લામાં ધર્મદેવ પિશોરીમલ આનંદ તરીકે થયો હતો. તેમના પિતા પિશોરી લાલ આનંદ ગુરદાસપુરમાં વકીલ હતા અને સ્વતંત્રતા આંદોલન સાથે પણ જોડાયેલા હતા.

દેવ આનંદ ચાર ભાઈઓમાં ત્રીજા હતા. તેમના ભાઈ ચેતન આનંદ અને વિજય આનંદ પણ ફિલ્મ જગત સાથે જોડાયેલા રહ્યા, જ્યારે તેમની બહેન શીલ કાંતા કપૂર ફિલ્મ ડિરેક્ટર શેખર કપૂરના માતા હતાં.

તેમણે પ્રાથમિક અભ્યાસ ડેલહાઉઝીની સેક્રેડ હાર્ટ સ્કૂલમાંથી કર્યો અને ત્યારબાદ લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં બી.એ. કર્યું.

દેવ આનંદ આગળ ભણવા માંગતા હતા અને ઉચ્ચ શિક્ષણ માટે લંડન જવાનું સપનું જોતા હતા, જ્યારે તેમના પિતા ઈચ્છતા હતા કે તેઓ કોઈ બેંકમાં નોકરી કરી લે, પરંતુ પરિવારની આર્થિક સ્થિતિ એવી નહોતી કે તેમનો આગળનો ભણતરનો ખર્ચ ઉઠાવી શકાય. પિતાએ સ્પષ્ટ કહી દીધું કે, હવે તેમના અભ્યાસ માટે પૈસા નથી. આ પછી દેવ આનંદે નક્કી કર્યું કે જો જીવનમાં સંઘર્ષ કરવો જ છે, તો શા માટે પોતાના બાળપણના સપના એટલે કે એક્ટિંગ માટે સંઘર્ષ ન કરવામાં આવે. આ સપનું પૂરું કરવા માટે જૂન 1943માં તેઓ લાહોરથી ટ્રેન પકડીને મુંબઈ જવા નીકળી પડ્યા.

શરૂઆતમાં કામ ન મળ્યું અને પૈસા ખૂટી ગયા, ત્યારે તેમણે ચર્ચગેટ સ્થિત મિલિટરી સેન્સર ઓફિસમાં 65 રૂપિયા માસિક પગાર પર નોકરી કરી. બાદમાં એક અકાઉન્ટિંગ ફર્મમાં 85 રૂપિયાના પગારે ક્લાર્ક તરીકે પણ કામ કર્યું. અભિનેતા બનવાની ઈચ્છા તેમને અશોક કુમારની ફિલ્મોથી થઈ.

મિલિટરી સેન્સર ઓફિસમાં લગભગ એક વર્ષ સુધી નોકરી કર્યા બાદ દેવ આનંદ પોતાના મોટા ભાઈ ચેતન આનંદ પાસે જતા રહ્યા. ચેતન તે સમયે ભારતીય જન નાટ્ય સંઘ એટલે કે ઈપ્ટા સાથે જોડાયેલા હતા. તેમણે નાના ભાઈને પણ પોતાની સાથે જોડી લીધો. અહીંથી દેવ આનંદને થિયેટરમાં કામ કરવાની અને અભિનય શીખવાની તક મળી. ત્યારબાદ નસીબે પણ સાથ આપ્યો. વર્ષ 1946માં તેમને પ્રભાત ટૉકીઝની ફિલ્મ 'હમ એક હૈં'માં કામ કરવાની તક મળી.

### શર્ટની અદલાબદલીથી શરૂ થઈ દેવ આનંદ અને ગુરુ દત્તની મિત્રતા

ફિલ્મ 'હમ એક હૈં'માં દેવ આનંદ હીરો તરીકે કામ કરી રહ્યા હતા, જ્યારે ગુરુ દત્ત ત્યાં સહાયક ડિરેક્ટર અને કોરિયોગ્રાફર તરીકે કામ કરી રહ્યા હતા.

સ્ટુડિયોના તમામ લોકોનાં કપડાં એક જ ધોબી પાસે જતા હતા. એક દિવસ ધોબીથી એવી ભૂલ થઈ કે દેવ આનંદની સફેદ શર્ટ ગુરુ દત્તનાં કપડાં સાથે ચાલી ગઈ. ગુરુ દત્તે તે શર્ટ પહેરી લીધી અને સ્ટુડિયો પહોંચી ગયા.

જ્યારે દેવ આનંદે પોતાની શર્ટ ગુરુ દત્તના શરીર પર જોઈ, ત્યારે બંનેનો સામનો થયો. પરંતુ શર્ટને લઈને કોઈ નારાજગી થઈ નહીં. બંને આ વિચિત્ર સંયોગ પર ખૂબ હસ્યા. આ નાનકડી ઘટના આગળ જતાં તેમની ગાઢ મિત્રતાની શરૂઆત બની.

બંનેએ બાદમાં પણ સાથે કામ કર્યું. દેવ આનંદે ગુરુ દત્તને ફિલ્મ 'બાઝી'ના ડિરેક્શનનો મોકો આપ્યો. 1951માં રિલીઝ થયેલી આ ફિલ્મ ગુરુ દત્તની ડિરેક્ટર તરીકેની કારકિર્દીની મહત્વપૂર્ણ શરૂઆત બની અને દેવ આનંદ સાથેની તેમની મિત્રતા પણ સિનેમાના પડદા પર જોવા મળી.

ફિલ્મ 'જિદ્દી'એ દેવ આનંદની કારકિર્દીની દિશા બદલી નાખી. અશોક કુમારે તેમને આ ફિલ્મમાં કામ કરવાની તક આપી. ફિલ્મ સફળ રહી અને દેવ આનંદને ઓળખ મળી.

ત્યારબાદ તેમણે માત્ર એક્ટર બનીને જ ન અટકતા પોતે ફિલ્મો બનાવવાનો નિર્ણય કર્યો. 1949માં મોટા ભાઈ ચેતન આનંદ સાથે નવકેતન ફિલ્મ્સની શરૂઆત કરી. આ બેનર હેઠળ બનેલી 'બાઝી' 1951માં રિલીઝ થઈ. આ ફિલ્મ સફળ રહી અને દેવ આનંદની સ્ટાર ઈમેજ વધુ મજબૂત બની.

1950ના દાયકામાં દેવ આનંદની ઘણી ફિલ્મો સફળ રહી. 'જાલ', 'ટેક્સી ડ્રાઈવર', 'સીઆઈડી', 'પેઈંગ ગેસ્ટ' અને 'કાલા પાની' જેવી ફિલ્મોએ તેમને મોટા સ્ટાર્સની હરોળમાં લાવી દીધા.

તેમની ઝડપી બોલવાની અદા, સંવાદ રજૂ કરવાની શૈલી અને કેમેરા સામેનો ખાસ અંદાજ દર્શકોને ખૂબ પસંદ આવ્યો. તેઓ જે રીતે વાત કરતી વખતે માથું હલાવતા હતા, તે પણ તેમની ઓળખ બની ગયું. 1960નો દાયકો દેવ આનંદના રોમેન્ટિક હીરોવાળા યુગ માટે ખાસ રહ્યું. 'હમ દોનો', 'તેરે ઘર કે સામને', 'જ્વેલ થીફ' અને 'ગાઈડ' જેવી ફિલ્મોએ તેમના સ્ટારડમને વધુ મજબૂત બનાવ્યું.

# જેણે મારી આંતરડી બાળી, માતા એને પાઠ ભણાવે

## ગોવિંદા સાથે વિવાદ વચ્ચે સુનીતા મહાકાળી માતાના શરણે, જીવનમાંથી રાક્ષસોને દૂર કરવાની પ્રાર્થના કરી...



(એજન્સી) મુંબઈ | તા.26

ગોવિંદાની પત્ની સુનીતા આહુજાએ કોલકાતાના દક્ષિણેશ્વર કાળી મંદિરમાં પોતાના અંગત જીવનની મુશ્કેલીઓનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, તેમના જીવનમાં પણ કેટલાક રાક્ષસો છે અને મા કાળી પાસે તેમની પાસેથી મુક્તિ અપાવવાની પ્રાર્થના કરી.

ખરેખર, દક્ષિણેશ્વર કાળી મંદિરમાં પૂજા-અર્ચના કર્યા બાદ સુનીતા આહુજાએ કહ્યું કે, 'હું આજે દક્ષિણેશ્વર કાળી માતા રાણીનાં દર્શન કરવા આવી છું. તમે બધા જાણો છો કે, મહાકાળી રાક્ષસોનો નાશ કરે છે. મારા જીવનમાં પણ કેટલાક રાક્ષસો છે, માતાને કહેવા આવી છું કે તેમનો પણ નાશ કરે.'

સુનીતાએ કથિત રીતે મીડિયામાં ચાલી રહેલી ચર્ચાઓ પર નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું, 'મીડિયામાં આવવાની લાલચમાં તેઓ પબ્લિસિટી કરી રહ્યા છે અને હું ઈચ્છું છું, હાથ જોડીને મીડિયાને પણ વિનંતી કરું છું કે તમે લોકો આ બધાને સપોર્ટ ન કરો. જો તમારા ઘરની દીકરી હોય કે તમારી વહુ હોય અને તેણે આ બધું સહન કરવું પડે, તો તમે લોકો શું કરતા?'

તેમણે આગળ કહ્યું કે, 'મારી સાથે જે થઈ રહ્યું છે તે સારું નથી થઈ રહ્યું, આ ઘર કોઈ કારણ વિના તૂટી રહ્યું છે અને હું ઈચ્છું છું કે તમે બધી મહિલાઓ મારા માટે અવાજ ઉઠાવો, બધા જેન-ઝી પેઢીના બાળકો મારા માટે અવાજ ઉઠાવે અને મીડિયાને વિનંતી કરું છું કે કૃપા કરીને આ બાબતને વધુ આગળ ન વધારો. તમારે પણ યોગ્ય રીતે મને સહયોગ આપવો જોઈએ. હું માતા પાસે આ જ માગવા આવી છું કે જે મારા ઘરનો વિનાશ કરી રહી છે, માતા તેને જુએ. તેઓ રાક્ષસોનો નાશ કરનારી માતા રાણી છે, અને હું ઈચ્છું છું કે મારા જીવનમાંથી આ સંકટ દૂર થઈ જાય. જય મા કાળી, જય મા કાળી.'

નોંધનીય છે કે, ગોવિંદા લગભગ 7 વર્ષ બાદ ફિલ્મ 'રૂપા'થી બોલિવૂડમાં કમબેક કરી રહ્યો છે. આ ફિલ્મમાં તેની કૉ-એક્ટ્રેસ કોમલ રાની સ્વર્ણકાર છે. છેલ્લા કેટલાક સમયથી ગોવિંદાનું નામ કોમલ રાની સાથે જોડવામાં આવી રહ્યું છે અને બંને અનેક પ્રસંગોએ (જેમ કે એરપોર્ટ પર અને મુંબઈમાં લાલબાગચા રાજાનાં દર્શન કરતી વખતે) સાથે જોવા મળ્યા છે, જેના કારણે તેમના અફેરની ચર્ચાઓને વેગ મળ્યો છે.

બીજી તરફ, આ અફવાઓ પર પ્રતિક્રિયા આપતાં ગુરુવારે ગોવિંદાએ કહ્યું કે, તેમનું અંગત જીવન કોઈ અન્ય વ્યક્તિ માટે ચિંતા કે ચર્ચાનો વિષય ન હોવું જોઈએ.

ANIને આપેલા ઈન્ટરવ્યૂમાં ગોવિંદાએ કહ્યું કે, 'આ કોઈ અન્ય વ્યક્તિ માટે ચર્ચાનો વિષય નથી, ભલે કોઈ અફેર હોય. હું માત્ર કામ કરી રહ્યો છું અને એક વ્યાવસાયિક સંબંધ જાળવી રહ્યો છું.'



# અઢી લાખનો ડ્રેસ અને એક લાખના સેન્ડલ

## 'ડોન્ટ બી શાય'ના સ્ક્રીનિંગમાં આલિયા ભટ્ટનો ક્યુટ અંદાજ; 'લવ એન્ડ વૉર'માંથી એક્ટ્રેસનો રેટ્રો લુક રિવીલ

(એજન્સી) મુંબઈ | તા.26

આલિયા ભટ્ટ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલી ફિલ્મ 'ડોન્ટ બી શાય'નું મુંબઈમાં ગુરુવારે ખાસ સ્ક્રીનિંગ યોજાયું. આ ઈવેન્ટમાં આલિયા ભટ્ટ પતિ રણબીર કપૂર અને સાસુ નીતૂ કપૂર સાથે પહોંચી હતી. આ ઈવેન્ટમાં સૌથી વધુ આલિયા ભટ્ટના ડ્રેસે સૌનું ધ્યાન ખેંચ્યું.

'ડોન્ટ બી શાય'ના સ્ક્રીનિંગ ઈવેન્ટમાં આલિયા ભટ્ટે ડિઝાઈનર આશિષ ગુપ્તાનો ખાસ ફૉલ 2026 રેડી ટુ વેર કલેક્શનનું સિક્વન ટોપ અને સ્કર્ટ પહેર્યું હતું. સિલ્વર કલરના સિક્વન પર યેલો, પિંક, બ્લુ અને રેડ કલરના ફ્લાવર્સ બનેલા હતા. ટોપના ગોળ ગળાં અને શોર્ટ સ્લીવ્સ પર સિલ્વરની મોટી સિક્વન બોર્ડર આપવામાં આવી છે. આશિષ ગુપ્તાના આ કલેક્શનની કિંમત 1,50,000 થી 2,50,000થી વધુની છે. સોશિયલ મીડિયા પર આલિયાના ડ્રેસની કિંમત અઢી લાખ સુધીની અંદાજવામાં આવી રહી છે.

આલિયાએ આ સિલ્વર સિક્વન ડ્રેસમાં ડ્રામા એડ કરવા માટે તેણે એક્વાઝુરા બ્રાન્ડની ચમકતા ક્રિસ્ટલ અને બૉ ડિઝાઈન ધરાવતી ડાર્ક ગ્રીન કલરની પમ્પ્સ (હાઈ હીલ્સ) પહેરી હતી. આ વેરી બૉ ટાઇ ક્રિસ્ટલ પમ્પ્સની કિંમત અંદાજે 1,05,000થી વધુ આંકવામાં આવી રહી છે. આલિયાએ ડ્રેસ સાથે મેચિંગ સિલ્વર ઈયરરિંગ પહેરી હતી. સાથે જ મિનિમલ મેકઅપ સાથે તેણે વાળને વચ્ચે પાર્ટિશન કરીને ખુલ્લા રાખ્યા હતા. ઈવેન્ટમાં રણબીર કપૂર આઈસ બ્લુ શર્ટ અને વ્હાઈટ પેન્ટમાં જોવા મળ્યો હતો. જ્યારે નીતૂ કપૂરે પણ સ્ટાઈલિશ આઉટફિટ પહેર્યો હતો. સ્ક્રીનિંગમાં કપૂર પરિવાર ઉપરાંત આલિયાના પિતા મહેશ ભટ્ટ, માતા સોની રાઝદાન અને બહેન શાહીન ભટ્ટ પણ સ્ક્રીનિંગમાં સામેલ થયાં હતાં. બંને પરિવારોએ સાથે તસવીરો પણ ક્લિક કરાવી હતી.



# અનુષ્કાએ રૂ.240ના છોલે-ભટુરે મંગાવ્યા ને રેસ્ટોરન્ટનો દેવાદાર માલિક કરોડપતિ બની ગયો

મુંબઈના ચેંબુરમાં નાની રેસ્ટોરન્ટ ચલાવતા બે ભાઈઓની જિંદગી રાતોરાત બદલાઈ ગઈ છે. એક સમય એવો હતો કે તેઓ લાખોના દેવા હેઠળ દબાયેલા હતા અને પોતાની દુકાન બંધ કરવાના આરે હતા, પરંતુ બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા અને ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીના એક ફોન કોલ અને સોશિયલ મીડિયા પોસ્ટથી તેમનો ધંધો 200 ગણો વધી ગયો અને આજે તેઓ કરોડોની કમાણી કરી રહ્યા છે.

ચેંબુરમાં 'દિલ્હી સે' નામની રેસ્ટોરન્ટ ચલાવતા જસપાલ સિંહ ખાલસા અને તેમના ભાઈ મહિન્દર સિંહ ખાલસા ચાર વર્ષ પહેલાં આશરે 18 લાખ રૂપિયાના ભારે દેવા હેઠળ ડૂબેલા હતા. કોરોના અને મંદીના કારણે તેમનો ધંધો નફાને બદલે ભારે ખોટમાં જઈ રહ્યો હતો અને તેઓ રેસ્ટોરન્ટ બંધ કરવાનો વિચાર કરી રહ્યા હતા. પરંતુ સપ્ટેમ્બર 2022માં સ્ટેન્ડ-અપ કોમેડિયન અભિષેક ઉપમન્યુ તેમના રેસ્ટોરન્ટમાં આવ્યા અને તેમણે ઈન્સ્ટાગ્રામ પર અહીંના છોલે-બટૂરેની પ્રશંસા કરતી પોસ્ટ શેર કરી, જેણે આખી બાજી પલટી નાખી.

સપ્ટેમ્બર 2022માં કોમેડિયન અભિષેક ઉપમન્યુ ચેંબુરના કેમ્પ વિસ્તારમાં આવેલા 'દિલ્હી સે' રેસ્ટોરન્ટમાં આવ્યો હતો અને ત્યાંના છોલે-બટૂરે ખાઈને ઈન્સ્ટાગ્રામ પર રિવ્યૂ આપ્યો હતો. જોકે, શરૂઆતમાં બંને ભાઈઓ જાણતા નહોતા કે અભિષેક કોણ છે, પરંતુ તેના એક-બે દિવસ બાદ જ ગ્રાહકોની સંખ્યા અચાનક વધવા લાગી હતી.



# કોર્પોરેટ નોકરી કરવી હતી ને બોલિવૂડનો 'શેરશાહ' બની ગયો!

## મનીષ મલ્હોત્રાને મળ્યો ને સિદ્ધાર્થનું નસીબ પલટાયું, 'વિલન' બનીને ચોકલેટી બોયની ઈમેજ તોડી

(એજન્સી) મુંબઈ | તા.26

દિલ્હીના મિડલ ક્લાસ, આર્મી-મર્ચન્ટ નેવી બેકગ્રાઉન્ડ ધરાવતા પરિવારમાંથી આવેલા સિદ્ધાર્થ મલ્હોત્રાએ ક્યારેય ખૂલીને કહ્યું નહોતું કે તેને એક્ટર બનવું છે. સ્કૂલ-કૉલેજમાં એમબીએ અને કૉર્પોરેટ નોકરી કરવાની યોજના હતી, પરંતુ અંદર છુપાયેલો એક્ટર મોડેલિંગના રસ્તે સામે આવ્યો. 21 વર્ષની ઉંમરે મુંબઈ પહોંચ્યો, ત્યારે ફિલ્મ સાઈન થઈ હોવા છતાં પ્રોજેક્ટ બંધ થઈ ગયો.

ઘર શોધવા, ઑડિશન આપવા અને પૈસાની તંગી જેવી અનેક મુશ્કેલીઓ આવી. ત્યાર બાદ મનીષ મલ્હોત્રા મારફતે કરણ જોહર સુધી પહોંચ્યો, 'માય નેમ ઈઝ ખાન'માં આસિસ્ટન્ટ ડિરેક્ટર બન્યો અને 'સ્ટુડન્ટ ઑફ ધ યર'થી લૉન્ચ થયો. બાદમાં ફ્લૉપ ફિલ્મોના સમયગાળામાંથી પસાર થયા પછી 'શેરશાહ'એ તેની કારકિર્દીને નવી ઓળખ આપી. આજની સક્સેસ સ્ટોરીમાં સિદ્ધાર્થ મલ્હોત્રાની કારકિર્દી અને અંગત જીવન સાથે જોડાયેલી ખાસ વાતો

સિદ્ધાર્થ મલ્હોત્રાનો જન્મ 16 જાન્યુઆરી 1985ના રોજ દિલ્હીમાં થયો હતો. તેના પિતા સુનીલ મલ્હોત્રા મર્ચન્ટ નેવીમાં હતા, જ્યારે માતા રિમ્મા મલ્હોત્રા ગૃહિણી છે. મોટા ભાઈ હર્ષદ બેન્કિંગ ક્ષેત્રમાં કામ કરે છે. સિદ્ધાર્થનો ઉછેર એવા પરિવારમાં થયો હતો, જ્યાં શિસ્ત અને સ્થિર કારકિર્દીને મહત્વ આપવામાં આવતું હતું.

સિદ્ધાર્થે દિલ્હીની ડોન બોસ્કો સ્કૂલ અને નેવલ પબ્લિક સ્કૂલમાંથી અભ્યાસ કર્યો. ત્યારબાદ દિલ્હી યુનિવર્સિટીની શહીદ ભગત સિંહ કૉલેજમાંથી કોમર્સમાં ગ્રેજ્યુએશન કર્યું. તેના જણાવ્યા મુજબ, કૉલેજના દિવસોમાં તેનો પ્લાન સાવ અલગ હતો. તે એમબીએ કરવા માગતો હતો અને સારા માર્ક મેળવીને કોઈ સારી એમબીએ કૉલેજમાં પ્રવેશ લેવાનું વિચારતો હતો. ફિલ્મોમાં જવાનું સપનું ત્યારે એટલું સ્પષ્ટ નહોતું કે પરિવાર કે મિત્રો સાથે તેના વિશે વાત કરી શકે.

સિદ્ધાર્થ જણાવે છે કે, બાળપણમાં તે અરીસા સામે ઍક્શન પોઝ કરતો હતો અને રમતી વખતે પોતાની જાતને ઍક્શન સીનમાંથી પરત ફરેલા પાત્ર તરીકે કલ્પતો હતો. એટલે કે એક્ટર તો તેની અંદર હતો જ, પરંતુ તેને કારકિર્દી બનાવવાનો નિર્ણય ઘણો મોડો થયો.

કૉલેજ દરમિયાન સિદ્ધાર્થે મોડેલિંગ શરૂ કર્યું. શરૂઆતમાં તે તેના માટે કમાણીનું સાધન હતું, પરંતુ ધીમે-ધીમે આ જ તેની કારકિર્દી બની ગઈ. 18 વર્ષની ઉંમરે મોડેલિંગ શરૂ કર્યા બાદ તેણે ઘણી મોટી બ્રાન્ડ્સ અને ફેશન શોમાં કામ કર્યું. તે આંતરરાષ્ટ્રીય ફેશન સર્કિટમાં પણ ગયો અને રોબર્ટો કવાલી જેવા ડિઝાઈનર્સ માટે રેમ્પ વૉક કર્યું.

થોડાં વર્ષો સુધી મોડેલિંગ કર્યા પછી તેને સમજાયું કે તેને કેમેરા સામે અભિનય કરવો છે. સિદ્ધાર્થે કહ્યું કે, મોડેલિંગ અને એક્ટિંગ બે અલગ વસ્તુઓ છે અને માત્ર સારો મોડેલ હોવું એ સારા એક્ટર હોવાની ગેરંટી નથી. મોડેલિંગ દરમિયાન તેને સ્ટિલ કેમેરાથી મૂવિંગ કેમેરા સુધી જવાની તક મળી. જાહેરાતો પછી તેણે ફિલ્મો માટે ઑડિશન આપવાનું શરૂ કર્યું.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

# એશિયન ગેમ્સ નિશાનેબાજી રજત ચંદ્રક જીત

● ભારતીય મહિલા શૂટર્સનો શાનદાર દેખાવ



(એજન્સી) ચેન્નાઈ | તા. 26

આઈચી-નાગોયા ખાતે ચાલી રહેલી મહાખેલ સ્પર્ધામાં ભારતની મહિલા નિશાનેબાજી ટીમે શાનદાર પ્રદર્શન કરતા દેશ માટે વધુ એક મહત્વપૂર્ણ રજત ચંદ્રક જીતી લીધો છે. શનિવારે રમાયેલી મહિલાઓની પચાસ મીટર રાઈફલ થ્રી પોઝિશન્સ ટીમ સ્પર્ધામાં તિલત્તમા સેન, વિદર્સા કે. વિનોદ અને આશી ચોકસેની ત્રિપુટીએ પોતાની ઉત્કૃષ્ટ કુશળતાના બળે કુલ ૧૭૬૩ અંક મેળવીને પોડિયમ પર બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ગૌરવવંતી સિદ્ધિથી સમગ્ર દેશના રમત જગતમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને ખેલાડીઓ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

મળતી માહિતી મુજબ, આ સ્પર્ધામાં ચીનની ટીમ ૧૭૭૩ અંક સાથે પ્રથમ ક્રમે રહી હતી અને તેણે અગાઉના પોતાના રેકોર્ડની બરાબરી કરીને સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો. ચીની ટીમ સામે સખત ટક્કર આપતા ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ ખૂબ જ સંયમ અને ચોકસાઈ દાખવી હતી. ક્વોલિફિકેશન રાઉન્ડમાં ભારતીય શૂટર્સે અદ્ભુત એકાગ્રતા બતાવીને કુલ અંકના મામલે મજબૂત સ્થિતિ બનાવી રાખી હતી, જેના પરિણામે દેશને આ પ્રતિષ્ઠિત ટીમ રજત ચંદ્રક પ્રાપ્ત થયો છે.

મીડિયા અહેવાલ અનુસાર, વ્યક્તિગત ક્વોલિફિકેશન રાઉન્ડમાં તિલત્તમા સેને ૫૯૦ અંક મેળવીને ત્રીજું સ્થાન મેળવ્યું હતું, જ્યારે વિદર્સા કે. વિનોદે ૫૮૮ અંક સાથે છઠ્ઠું સ્થાન હાંસલ કર્યું હતું અને આશી ચોકસે ૫૮૫ અંક મેળવીને પંદરમા સ્થાને રહી હતી. આ ત્રણેય ખેલાડીઓના શાનદાર સંયુક્ત સ્કોરને કારણે ભારત ટીમ સ્પર્ધામાં રજત ચંદ્રક જીતવામાં સફળ રહ્યું હતું. જોકે, બાદમાં રમાયેલી વ્યક્તિગત ફાઈનલ સ્પર્ધામાં તિલત્તમા અને વિદર્સા ઉત્સાહજનક શરૂઆત કરવા છતાં મેડલની રેસમાંથી બહાર થઈ ગયા હતા, પરંતુ ટીમ ઈવેન્ટમાં મળેલી આ સફળતાએ દેશનું ગૌરવ વધારી દીધું છે.

# ભારતીય મહિલા કબડ્ડી ટીમ સુવર્ણ ચંદ્રક જીતી

(એજન્સી) ચેન્નાઈ | તા. 26

મહાખેલ સ્પર્ધાના મંચ પર ભારતની દીકરીઓએ ફરી એકવાર દેશનું નામ રોશન કર્યું છે. આઈચી-નાગોયા ખાતે રમાયેલી અત્યંત રોમાંચક અને રસાકસીભરી સ્પર્ધામાં ભારતીય મહિલા ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનના જોરે કમાલ કરી બતાવી છે. શનિવારે રમાયેલા આ મહા મુકાબલામાં ભારતીય ટીમે પોતાના પરંપરાગત પ્રતિસ્પર્ધીને માત આપીને વિજયી પરચમ વ્યો છે અને પોડિયમ પર સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ાનદાર જીતથી સમગ્ર દેશમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે અને રમતપ્રેમીઓ દ્વારા વિજેતા ખેલાડીઓ પર અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.



વર્ષ ૨૦૧૦માં આ રમતનો સમાવેશ થયા બાદથી જ ભારતીય મહિલા ટીમનું વર્ચસ્વ આ સ્પર્ધામાં અકબંધ રહ્યું છે. અગાઉની આવૃત્તિઓમાં પણ ભારતે શાનદાર દેખાવ કર્યો હતો, જોકે ગત વખતે વિરોધી ટીમ સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આ વખતે પુષ્પા રાણાના નેતૃત્વ હેઠળ મેદાનમાં ઉતરેલી ભારતીય ટીમે શરૂઆતથી જ પોતાની રમતનું સ્તર ઊંચું રાખ્યું હતું. પૂલ તબક્કાની મેચોમાં પણ ભારતે શાનદાર વિજયો મેળવીને ફાઈનલ સુધીની સફર તય કરી હતી, જેના કારણે ખેલાડીઓનો આત્મવિશ્વાસ સાતમા આસમાને હતો. ફાઈનલ મુકાબલો શરૂ થતાં જ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. ભારતીય રેડર્સ પૂજા, સંજુ દેવી અને નિકિતાએ શરૂઆતથી જ આક્રમક રમત દાખવીને ટીમ માટે મહત્વપૂર્ણ પોઈન્ટ્સ મેળવ્યા હતા. પ્રથમાર્ધના અંત સુધીમાં ભારતે ૨૨-૧૬ ની મજબૂત સરસાઈ મેળવી લીધી હતી. જોકે, બીજાર્ધમાં વિરોધી ટીમ દ્વારા જોરદાર પુનરાગમન કરવામાં આવ્યું હતું અને અંતિમ પળોમાં ગેસનો માહોલ તણાવપૂર્ણ બની ગયો હતો. મેચ પૂરી થવામાં જ્યારે થોડી જ મિનિટો બાકી હતી ત્યારે વિરોધી ખેલાડીઓએ સ્કોરનું અંતર ઘટાડીને માત્ર એક પોઈન્ટ સુધી લાવી દીધું હતું. પરંતુ દબાણની આ ક્ષણોમાં પણ ભારતીય ખેલાડીઓએ સંયમ ગુમાવ્યો ન હતો અને અંતિમ સેકન્ડોમાં શાનદાર ટેકલ કરીને ૩૭-૩૪ થી મેચ પોતાના નામે કરી લીધી હતી. આ ભવ્ય વિજય સાથે જ ભારતે આ મહાસ્પર્ધામાં પોતાનો ત્રીજો સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો છે. આ અગાઉ મહિલા ક્રિકેટ ટીમ અને નિશાનેબાજીમાં પણ દેશે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ ઐતિહાસિક સફળતા બાદ હવે પુરૂષ કબડ્ડી ટીમ પાસેથી પણ આવા જ શાનદાર પ્રદર્શનની આશા રાખવામાં આવી રહી છે. રમતગમત નિષ્ણાતોના મતે, ભારતીય ખેલાડીઓની આ મહેનત અને સમર્પણ આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બનશે તથા દેશના રમત જગતમાં એક નવો અધ્યાય જોડશે.

# એશિયન ગેમ્સ બેડમિન્ટન વિજય પી વી સિંધુ રાઉન્ડ સોળ



(એજન્સી) ચેન્નાઈ | તા. 26

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડીએ અહીં ચાલી રહેલી મહાખેલ સ્પર્ધામાં પોતાના શાનદાર પ્રદર્શનનું પુનરાવર્તન કરતા મહિલાઓની એકદરીય સ્પર્ધાના આગામી તબક્કામાં શાનદાર પ્રવેશ કર્યો છે. સ્થાનિક સમય અનુસાર શનિવારે રમાયેલી રોમાંચક મુકાબલામાં તેમણે વિરોધી ખેલાડીને સીધા સેટોમાં હાસ્યસ્પદ રીતે પરાજય આપીને આગેકૂચ કરી છે. આ જીત સાથે જ રમતપ્રેમીઓમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને દેશ માટે વધુ એક ની આશા પ્રબળ બની છે.

પ્રતિષ્ઠિત સ્પર્ધાના મંચ પર ભારતીય ખેલાડીએ શરૂઆતથી જ પોતાની રમતનું સ્તર ઉચ્ચું રાખ્યું હતું. જોકે, પ્રથમ ગેમમાં વિરોધી ખેલાડી તરફથી સખત સ્પર્ધા જોવા મળી હતી અને સ્કોરરોમાં રસાકસી રહી હતી. વિશ્વ ક્રમાંકમાં આગળ રહેલી વિરોધી ખેલાડીએ શરૂઆતમાં લીડ મેળવી લીધી હતી, પરંતુ અનુભવી ભારતીય ખેલાડીએ દબાણ હેઠળ પણ ઉત્તમ સંયમ જાળવીને પુનરાગમન કર્યું હતું. પ્રથમ ગેમમાં કાંટાની ટક્કર જોવા મળી હતી, જે અંતે ૨૧-૧૯થી ભારતીય ખેલાડીના પક્ષમાં રહી હતી.

પ્રથમ ગેમની કઠિન લડાઈ બાદ બીજી ગેમમાં ભારતીય સ્ટારે વધુ આક્રમક અંદાજ અપનાવ્યો હતો. શરૂઆતથી જ પોતાની પકડ મજબૂત બનાવતા તેમણે વિરોધી ખેલાડીને કોઈ તક આપી ન હતી. રમતની ગતિ અને શક્તિશાળી રમત સામે વિરોધી ખેલાડી લાચાર નજરે પડી હતી. બીજી ગેમ ૨૧-૧૪ના આસાનીથી જીતીને તેમણે મેચ પોતાના નામે કરી લીધી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ મુકાબલો માત્ર રમત પૂરતો મર્યાદિત નહોતો પરંતુ ખેલાડીની માનસિક મજબૂતીનું ઉત્તમ ઉદાહરણ પણ બન્યો હતો.

## આગામી પડકાર અને તૈયારીઓ

આ શાનદાર વિજય બાદ હવે ખેલાડીનું ધ્યાન આગામી મુકાબલા પર કેન્દ્રિત થયું છે. મીડિયા અહેવાલ અનુસાર, આજે જ રમાનારી આગામી મોટી મેચમાં તેમનો સામનો જાપાનની પ્રતિસ્પર્ધી સાથે થશે. અગાઉની મોટી સ્પર્ધાઓમાં પણ તેમનું પ્રદર્શન નોંધપાત્ર રહ્યું છે, જેમાં વર્ષ ૨૦૧૮ના જકાર્તા જંગમાં મેળવેલા રજત પદકનો પણ સમાવેશ થાય છે. આ વર્ષે પણ તેઓ દેશ માટે સર્વોચ્ચ સન્માન મેળવવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે, જેને લઈને રમત જગતમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ પહેલાં શુભમન ગિલ ઈજાગ્રસ્ત

(એજન્સી) તિરુવનંતપુરમ | તા. 26

વેસ્ટઈન્ડિઝ સામે શરૂ થઈ રહેલી 3 મેચોની વનડે શ્રેણીની પ્રથમ મેચના બરાબર 48 કલાક પહેલાં ભારતીય ટીમમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં પ્રેક્ટિસ સેશન દરમિયાન ભારતીય કપ્તાન શુભમન ગિલ ઝડપી બોલર મોહમ્મદ સિરાજના એક ઉછળતા બોલ પર ઈજાગ્રસ્ત થયા હતા. સિરાજનો ઝડપી બોલ સીધો ગિલની જમણી કોણી પર વાગતાં તેઓ દર્દથી કણસી ઊઠ્યા હતા અને તેમને તાત્કાલિક નેટ્સ છોડીને મેદાનની બહાર જવું પડ્યું હતું.



મેદાન પર ઈજા થયા બાદ તુરંત જ ટીમ ફિઝિયોને મેદાન પર બોલાવવામાં આવ્યા હતા. શુભમન ગિલને લગભગ 20 મિનિટ સુધી મેડિકલ ટીમની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા અને તેમની જમણી કોણી પર પાટો બાંધવામાં આવ્યો હતો. આ દરમિયાન સિનિયર ખેલાડી રોહિત શર્માએ ડગઆઉટમાં પહોંચીને ગિલની ઈજાની સ્થિતિ વિશે પૂછપરછ કરી હતી. જોકે, રાહતની વાત એ રહી કે દુખાવો ઓછો થતાં સેશન પૂરું થતાં પહેલાં ગિલે થ્રો-ડાઉન બોલનો સામનો કરવા માટે ફરીથી નેટ્સમાં વાપસી કરી હતી.

રોહિત અને વિરાટની આક્રમક બેટિંગ પ્રેક્ટિસ

કેપ્ટન ગિલ ઈજાગ્રસ્ત થયા તે પહેલાં અનુભવી જોડી રોહિત શર્મા અને વિરાટ કોહલીએ લગભગ 20 મિનિટ સુધી સાથે મળીને નેટ્સમાં આકરી પ્રેક્ટિસ કરી હતી. બંને દિગ્ગજ ખેલાડીઓ પૂરી લયમાં જોવા મળ્યા હતા અને સ્થાનિક નેટ બોલર્સ તેમજ ભારતીય બોલરો સામે શાનદાર અને આક્રમક શોટ્સ ફટકાર્યા હતા. ટીમ મેનેજમેન્ટે ખેલાડીઓની તૈયારી અને ડ્રેસિંગ રૂમના ઉત્સાહજનક વાતાવરણની પ્રશંસા કરી છે, અને આગામી મેચ માટે ટીમ સંપૂર્ણપણે તૈયાર હોવાનું જણાય છે.

# એશિયન ગેમ્સમાં ભારતીય પુરૂષ કબડ્ડી ટીમનો વિજય



(એજન્સી) ચેન્નાઈ | તા. 26

મહાખેલ સ્પર્ધાના મંચ પર ભારત અને ઈરાન વચ્ચે અગાઉ રમાયેલી ફાઈનલ મેચ અત્યંત રોમાંચક અને વિવાદાસ્પદ રહી હતી. સ્થાનિક સમય અનુસાર અગાઉ યોજાયેલા આ મુકાબલામાં ભારતીય પુરૂષ ટીમે શાનદાર પ્રદર્શન કરતા કઠિન સ્પર્ધામાં વિજય મેળવ્યો હતો અને સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો. આ મેચ માત્ર રમત પૂરતી સીમિત ન હતી પરંતુ તેમાં આવેલા રોમાંચક વળાવાઓએ રમતપ્રેમીઓનું ભરપૂર મનોરંજન કર્યું હતું અને વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બની હતી.

અગાઉની આ આવૃત્તિમાં ભારતીય પુરૂષ ટીમ કોઈપણ ભોગે પોતાનો ગુમાવેલો ગૌરવ પાછો મેળવવા માટે મેદાનમાં ઉતરી હતી. અગાઉના વર્ષોમાં થયેલા પરાજય બાદ ભારતીય ખેલાડીઓનો આત્મવિશ્વાસ ઉચ્ચ સ્તરે હતો. બંને દેશો વચ્ચેનો આ મુકાબલો હંમેશાં ભારે સંઘર્ષપૂર્ણ રહ્યો છે કારણ કે વિશ્વભરમાં આ રમતની સર્વોપરિતા માટે આ બંને ટીમો સૌથી મજબૂત માનવામાં આવે છે. મેચની શરૂઆતથી જ બંને પક્ષો તરફથી આક્રમક રમત જોવા મળી હતી અને એક-એક પોઈન્ટ માટે ભારે રસાકસી ચાલી રહી હતી.

મેચના અંતિમ ચરણમાં જ્યારે માત્ર થોડી જ પળો બાકી હતી ત્યારે સ્કોર સરખો થઈ ગયો હતો અને મેચમાં ભારે હોબાળો મચી ગયો હતો. ભારતીય રેડર દ્વારા કરવામાં આવેલા એક દાવ અને લોબીના નિયમોને લઈને રેફરીના નિર્ણયો પર બંને ટીમો વચ્ચે અસમંજસ સર્જાઈ હતી. આ વિવાદ એટલો વધી ગયો હતો કે મેચને અસ્થાયી રૂપે અટકાવવી પડી હતી અને લગભગ એક કલાક સુધી ચાલેલી ચર્ચા તથા વિવાદ બાદ સ્થિતિ સ્પષ્ટ થઈ શકી હતી.

# બિલિ જીન કિંગ કપ ફાઈનલ ચેક રીપબ્લિક પ્રવેશ, ચેક રીપબ્લિક ટીમની શાનદાર ટેનિસ જીત

(એજન્સી) શેનઝેન | તા. 26



વિશ્વના ખેલાડીઓથી સજ્જ ચેક રીપબ્લિકની મહિલા ટેનિસ ટીમે શુક્રવારે શેનઝેન ખાતે રમાયેલા રોમાંચક સેમિફાઈનલ મુકાબલામાં સ્પેનની ટીમને પરાજય આપીને વર્ષ ૨૦૧૮ પછી પ્રથમ વખત પ્રતિષ્ઠિત બિલિ જીન કિંગ કપની ફાઈનલમાં શાનદાર પ્રવેશ કર્યો છે, જ્યાં ટીમે શાનદાર પ્રદર્શન કરતા તમામ વિરોધીઓને પાછળ છોડી દીધા છે.


મળતી માહિતી મુજબ, આ મહત્વપૂર્ણ સ્પર્ધામાં ચેક રીપબ્લિકની ટીમ સૌથી મજબૂત દાવેદાર તરીકે મેદાનમાં ઉતરી હતી. સિંગલ્સ અને ડબલ્સ બંને કેટેગરીમાં ટોચના દસ ખેલાડીઓ ધરાવતી આ ટીમે શરૂઆતથી જ પોતાની સર્વોપરિતા સાબિત કરી હતી. લાંબા સમય બાદ ટીમમાં પરત ફરેલા અનુભવી ખેલાડીઓએ અને યુવા પ્રતિભાઓએ મળીને વિરોધી ટીમને કોઈ તક આપી ન હતી અને શાનદાર રમતનું પ્રદર્શન કરીને મહાસંગ્રામમાં આગેકૂચ કરી હતી.

મીડિયા અહેવાલ અનુસાર, સેમિફાઈનલના પ્રથમ મુકાબલામાં આ વર્ષની વિમ્બલ્ડન ઉપવિજેતા અને વિશ્વની આઠમા ક્રમની ખેલાડી કેરોલિના મુચોવાએ સ્પેનની જેસિકા બોઉઝાસ માનેઈરો સામે શરૂઆતમાં મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ ૭-૫, ૬-૪થી વિજય મેળવીને ટીમને સરસાઈ અપાવી હતી. ત્યારબાદ, વિમ્બલ્ડન ચેમ્પિયન લિન્ડા નોસ્કોવાએ ક્રિસ્ટીના બુક્સા સામે ૭-૬, ૬-૨થી શાનદાર વિજય મેળવીને ચેક રીપબ્લિકની ફાઈનલની ટિકિટ ક્કી કરી દીધી હતી. મેચ બાદ વિજેતા ખેલાડીઓએ પોતાની ખુશી વ્યક્ત કરતા આગામી મુકાબલા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો.

આ ભવ્ય વિજય બાદ હવે ચેક રીપબ્લિકની ટીમ રવિવારે રમાનારી ટાઈટલ મુકાબલાની ફાઈનલ માટે સંપૂર્ણપણે તૈયાર છે, જ્યાં તેમનો મુકાબલો યુક્રેન અથવા ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈટાલી સામે થશે. ટીમ પોતાનું બારમું ખિતાબ જીતવા માટે મેદાનમાં ઉતરી રહી છે. રમતગમત નિષ્ણાતોના મતે, ચેક ટીમનું વર્તમાન ફોર્મ જોતા ખિતાબ જીતવાની શક્યતાઓ ખૂબ જ પ્રબળ છે અને ખેલાડીઓનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી ગયો છે.

# ટોક્યોમાં ઝાંગે રચ્યો નવો ઈતિહાસ, ચીનના સ્વિમરે જીત્યા સાત ગોલ્ડ

## એશિયન ગેમ્સમાં ઝાંગનું અદ્ભુત પ્રદર્શન



(એજન્સી) નવી દિલ્હી | તા. 26

આ પ્રતિષ્ઠિત સ્પર્ધાના પંચોતેર વર્ષના સમૃદ્ધ ઈતિહાસમાં અગાઉ ક્યારેય કોઈ પણ ખેલાડીએ એક જ આવૃત્તિમાં આટલી મોટી સંખ્યામાં સુવર્ણ ચંદ્રકો જીત્યા ન હતા. યુવા ખેલાડીએ પોતાની અદ્ભુત ક્ષમતા અને કઠિન પરિશ્રમના બળે આ અશક્ય લાગતી સિદ્ધિને હકીકતમાં ફેરવીને વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કર્યું છે. રમત જગતમાં આ ઐતિહાસિક સફળતાને લઈને ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે અને ખેલાડીની આ સિદ્ધિ પર સૌ કોઈ ગર્વ અનુભવી રહ્યા છે. આ મહાસ્પર્ધામાં ઝાંગે કુલ આઠ અલગ-અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જેમાંથી સાત ઈવેન્ટ્સમાં તેણે સીધા પોડિયમ પર ટોચનું સ્થાન મેળવીને સોવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો. અગાઉ આ રેકોર્ડ અન્ય દિગ્ગજ ખેલાડીઓના નામે હતો, પરંતુ આ યુવા પ્રતિભાએ પોતાના શાનદાર પ્રદર્શનથી તમામ પુરાણા રેકોર્ડ પાછળ છોડી દીધા છે અને સ્વિમિંગ જગતમાં એક નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે.

વિગતવાર માહિતી મુજબ, ટોક્યો એક્વેટિક્સ સેન્ટરમાં રમાયેલી ચારસો મીટર ફ્રીસ્ટાઈલ રેસમાં ઝાંગે અન્નય સાહસ અને ગતિ દાખવતા નવો ગેમ્સ રેકોર્ડ બનાવ્યો હતો. તેણે પોતાના પ્રતિસ્પર્ધીઓને પાછળ છોડીને ત્રણ મિનિટ એકતાળીસ સેકન્ડમાં આ રેસ પૂરી કરી હતી. આ ઉપરાંત, તેણે બેસો મીટર, આઠસો મીટર અને પંદર સો મીટર ફ્રીસ્ટાઈલ તેમજ વિવિધ રિલે સ્પર્ધાઓમાં પણ પોતાની સર્વોપરિતા સાબિત કરી હતી. રેસ પૂરી થયા બાદ તેણે અનોખી રીતે પોતાની જીતની ઉજવણી કરી હતી, જેને જોઈને સ્ટેડિયમમાં હાજર તમામ દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

**હોકી** // હરમનપ્રીત સિંહ ભારત હોકી વિજય, અભિષેક ગોલ એશિયન ગેમ્સ હોકી

# એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમનો શાનદાર વિજય

(એજન્સી) ગીફુ | તા. 26

એશિયન ગેમ્સ ૨૦૨૬ અંતર્ગત ગીફુ પ્રીફેક્ચરલ ગ્રીન સ્ટેડિયમ ખાતે રમાયેલા પુરુષ હોકીના રોમાંચક પૂલ એ મુકાબલામાં ભારતીય હોકી ટીમે યજમાન જાપાનને ૨-૦થી હરાવીને સેમિફાઈનલમાં શાનદાર પ્રવેશ કર્યો છે. આ વિજય સાથે જ ભારતીય ટીમનું આ સ્પર્ધામાં વિજયી અભિયાન યથાવત રહ્યું છે અને સતત ચોથી જીત નોંધાવી છે.



મળતી માહિતી મુજબ, ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરૂષ હોકી ટીમે શરૂઆતથી જ મેચ પર પોતાની પકડ મજબૂત બનાવી હતી. યજમાન જાપાન સામેની આ મહત્વપૂર્ણ મેચમાં ભારતીય ખેલાડીઓએ ઉત્કૃષ્ટ ટેનિક અને આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું. અગાઉની મેચોમાં પણ શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય ટીમે હેડ-ટુ-હેડ રેકોર્ડમાં પોતાની સર્વોપરિતા સાબિત કરતા જાપાનને કોઈ મોકો આપ્યો ન હતો.

મીડિયા અહેવાલ અનુસાર, મેચના પ્રથમ ક્વાર્ટરમાં જ ભારતીય સ્ટાર ખેલાડી અભિષેકે ૧૫મી મિનિટે શાનદાર ફિલ્ડ ગોલ કરીને ભારતને ૧-૦ની સરસાઈ અપાવી હતી. આ પ્રારંભિક સરસાઈ બાદ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. મેચના અંતિમ ચરણમાં, ૪૦મી મિનિટે ભારતીય ટીમના કેપ્ટન અને સ્ટાર ડ્રેગ ફ્લિકર હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને સ્કોર ૨-૦ કર્યો હતો. જાપાનના ખેલાડીઓએ વળતો હુમલો કરવાનો પૂરો પ્રયાસ કર્યો, પરંતુ ભારતીય રક્ષણાત્મક દીવાલને ભેદી શક્યા ન હતા.

યજમાન જાપાનને પરાજય આપીને સેમિફાઈનલનું ટિકિટ મેળવ્યા બાદ, હવે ભારતીય ટીમનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચ્યો છે. આ અગાઉ ભારતે ઈન્ડોનેશિયા, શ્રીલંકા અને દક્ષિણ કોરિયા સામે પણ ધમાકેદાર વિજયો નોંધાવ્યા હતા. વર્તમાન ચેમ્પિયન ટીમ પોતાના ખિતાબને સુરક્ષિત રાખવા માટે પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતરી રહી છે, જેને લઈને દેશભરના રમતપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**એશિયન ગેમ્સમાં 44 વર્ષના દુષ્કાળનો અંત**

# સાવન બરવાલે મેન્સ મેરેથોનમાં સિલ્વર મેડલ જીતી રચ્યો ઈતિહાસ

(એજન્સી) નાગોયા | તા. 26

જાપાનના નાગોયા ખાતે યોજાયેલી એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતના સ્ટાર રનર સાવન બરવાલેએ પુરુષ મેરેથોન સ્પર્ધામાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. ૨ કલાક ૧૧ મિનિટ અને ૩૭ સેકન્ડના પોતાના પર્સનલ બેસ્ટ સમય સાથે તેમણે પૂરા ૪૪ વર્ષ બાદ ભારતને આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં પદક અપાવ્યો છે. આ રેસમાં જાપાનના ઈચિટાકા યામશિતાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો, જ્યારે ચીનના પેઈયુ ફેંગને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. સાવને આ રેસના મોટાભાગના સમય સુધી પોતાની અગ્રેસર સરસાઈ જાળવી રાખી હતી.



નાગોયામાં ભારતના સાવન બરવાલે એ કરી બતાવ્યું જેની રાહ આખો દેશ છેલ્લા ૪૪ વર્ષથી જોઈ રહ્યો હતો. સાવને શનિવારે વહેલી સવારે આ શાનદાર સમય નોંધાવ્યો, જે ભારત માટે ૧૯૮૨ પછી પહેલીવાર એશિયન ગેમ્સની મેરેથોનમાં પોડિયમ ફિનિશ સાબિત થઈ છે. આ સાથે જ આ સમય હવે નવો રાષ્ટ્રીય રેકોર્ડ પણ બની ગયો છે. જાપાનના વિજેતા ઈચિટાકા યામશિતાએ ૨:૧૦:૪૯ના સમય સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો, જ્યારે સાવન તેમનાથી માત્ર ૪૮ સેકન્ડ પાછળ રહ્યા હતા. ચીનના પેઈયુ ફેંગે ૨:૧૨:૧૩ના સમય સાથે ત્રીજું સ્થાન મેળવ્યું હતું.

સાવને આ રેસની શરૂઆતથી જ અત્યંત આક્રમક અને દમદાર પ્રદર્શન બતાવ્યું હતું. શરૂઆતના ૫ કિમી પર તેઓ ૧૫:૨૮ના સમય સાથે બીજા સ્થાને હતા, પરંતુ ૧૦ કિમી સુધી પહોંચતા-પહોંચતા તેમણે શાનદાર રફ્તાર પકડીને લીડ મેળવી લીધી હતી. આ પછી ૧૫ કિમી અને ૨૦ કિમી પર પણ તેમનો સમય શ્રેષ્ઠ રહ્યો અને તેઓ સતત આગળ ચાલી રહ્યા હતા. હાફવે એટલે કે ૨૧.૧ કિમી પર તેમણે ૧:૦૫:૫૪નો સમય કાઢ્યો હતો અને તે સમયે પણ તેઓ સૌથી આગળ રહીને રેસનું નેતૃત્વ કરી રહ્યા હતા.

### UNમાં ભારતે પાકિસ્તાનને લગાવી લપડાક

# ‘દિવસે સુરક્ષાના દાવા અને રાતે આતંકવાદ ફેલાવે છે...’

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) માં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના ભાષણ પર ભારતે અત્યંત આકરો પલટવાર કર્યો છે. ભારતીય પ્રતિનિધિ પેટલ ગેહલોતે પાકિસ્તાનને આડે હાથે લેતા ત્યાંની સરકારને ‘સેનાનું, સેના દ્વારા અને સેના માટેનું શાસન’ ગણાવી છે. આ સાથે જ આતંકવાદ, માનવાધિકારોના હનન અને અલ્પસંખ્યકોની દયનીય સ્થિતિને લઈને પાકિસ્તાનની આખી પોલ ખોલી નાખી છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનના ફર્સ્ટ સેક્રેટરી પેટલ ગેહલોતે ભારતના જવાબ આપવાના અધિકારનો ઉપયોગ કરતા જણાવ્યું કે, દુનિયાએ તાજેતરમાં જ 9/11ના આતંકવાદી હુમલાની ૨૫મી વરસી જોઈ છે. તેમણે કડક શબ્દોમાં પ્રહાર કરતા જણાવ્યું કે, ‘આ ભીષણ હુમલાનો માસ્ટરમાઈન્ડ ઓસામા બિન લાદેન પાકિસ્તાની સેનાની મુખ્ય






એકેડમીની બિલકુલ નજીક આશ્રય લઈને રહેતો હતો અને આજે પાકિસ્તાનના પ્રતિનિધિઓએ તે જ સંસ્થા સામે પોતાનું સમર્થન અને ગૌરવ વ્યક્ત કર્યું છે.’

ભારતીય રાજતે પાકિસ્તાનની રાજનીતિ પર કટાક્ષ કરતા કહ્યું કે, ત્યાંના વડાપ્રધાન કે કઠપૂતળી નેતાઓ આવતા-જતા રહે છે, પરંતુ અસલી નિર્ણયો કોણ લે છે, તેનાથી આખી દુનિયા વાકેફ છે. આ શાસન ‘સેનાનું, સેના દ્વારા અને સેના માટે’ છે. પાકિસ્તાનમાં સામાન્ય જનતા અને વિપક્ષી પક્ષો વર્તમાન ગઠબંધન સરકારને ‘ફોર્મ 47 સરકાર’ કહે છે, કારણ કે ફેબ્રુઆરી ૨૦૨૪ના ચૂંટણી પરિણામોમાં કથિત રીતે ધાંધલ-ધમાલ કરીને જીત છીનવી લેવામાં આવી હતી.

ધાર્મિક અસહિષ્ણુતા અને અલ્પસંખ્યકોના અધિકારો પર બોલતા પેટલ ગેહલોતે કહ્યું કે, જે દેશો પોતાના કઠોર ‘ઈશનિંદા કાયદા’ માટે જાણીતા છે, તેઓ આજે આ મંચ પર માનવાધિકારોનો ઉપદેશ આપી રહ્યા છે. દુનિયા સારી રીતે જાણે છે કે પાકિસ્તાનમાં ધાર્મિક અલ્પસંખ્યકો સાથે કેવું અમાનવીય વર્તન કરવામાં આવે છે.

ભાષણ દરમિયાન જમ્મુ-કાશ્મીરનો મુદ્દો ઉઠાવવા પર ભારતે જવાબ આપ્યો કે, જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અને અવિભાજ્ય અંગ છે અને હંમેશા રહેશે. આની સાથે જ ભારતે પાકિસ્તાનને પોતાના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીરમાં ડોકિયું કરવાની સલાહ આપી અને રાવલકોટના લોકો દ્વારા વેઠવા પડતી ક્રૂર હિંસા તથા પાયાના અધિકારોથી વંચિત રાખવાના મુદ્દાને ઉજાગર કર્યો.

### કોંગો સૈન્યના બે મોટા અધિકારી સહિત 14ના મોત

# હવામાં અધવચ્ચે ટેક્નિકલ ખામી સર્જાતા પ્લેન ક્રેશ



(એજન્સી) કોંગો । તા. 26

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DR Congo) માં શનિવારે સવારે એક અત્યંત દુઃખદ વિમાન અકસ્માત સર્જાયો હતો. હવામાં અધવચ્ચે ટેક્નિકલ ખામી સર્જાતા થયેલા આ વિમાન ક્રેશમાં સૈન્યના બે ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ ૧૪ લોકોના કરુણ મોત નીપજ્યા છે. કોંગોની સેનાએ આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. આ ભયાનક દુર્ઘટનામાં સૈન્ય અદાલતના વડા લેફ્ટનન્ટ જનરલ મુતોમ્બો કાટાલાઈ તિયેંદે અને સશસ્ત્ર દળોના ઓડિટર જનરલ લેફ્ટનન્ટ જનરલ બાકુમી લિકુલિયા સહિત ડેલિગેશનના અન્ય સભ્યો અને કેબિન ક્રૂ મેમ્બર્સ પણ માર્યા ગયા છે.

કોંગોની સેનાના પ્રવક્તા મેજર જનરલ એફોમી એકેંગે જણાવ્યું હતું કે, આ વિમાન દક્ષિણ-પશ્ચિમ કોંગોના કિકવિટ શહેરથી રાજધાની કિંશાશા તરફ પાછું ફરી રહ્યું હતું તે દરમિયાન તેમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટેકનિકલ સમસ્યા બાદ વિમાન ‘કેંગે’ વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈને તૂટી પડ્યું હતું અને વિમાનમાં સવાર તમામ ૧૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

કોંગોની નાગરિક ઉડ્ડયન ઓથોરિટી અને સેનાએ આ દુર્ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે. અકસ્માત પાછળ કઈ ચોક્કસ ટેકનિકલ ખામી જવાબદાર હતી તે તપાસ અહેવાલ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આ અકસ્માત એવા સમયે થયો છે જ્યારે કોંગોની સેના દેશના પૂર્વીય ભાગમાં ‘M23’ જેવા બળવાખોર જૂથો સામે યુદ્ધ લડી રહી છે. આવા અત્યંત સંવેદનશીલ અને મુશ્કેલ સમયે સેનાના બે ટોચના લેફ્ટનન્ટ જનરલોનું મોત થવું એ કોંગોની સેના માટે ખૂબ જ મોટો અને ક્યારેય ન ભરી શકાય તેવો આંચકો માનવામાં આવે છે.

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DR Congo) માં શનિવારે સવારે એક દુઃખદ વિમાન અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં સૈન્યના બે ઉચ્ચ અધિકારીઓ સહિત કુલ 14 લોકોના મોત નીપજ્યા છે. કોંગોની સેનાએ આ ઘટનાની સત્તાવાર પુષ્ટિ કરી છે. મૃતકોમાં સૈન્ય અદાલતના વડા લેફ્ટનન્ટ જનરલ મુતોમ્બો કાટાલાઈ તિયેંદે અને સશસ્ત્ર દળોના ઓડિટર જનરલ લેફ્ટનન્ટ જનરલ બાકુમી લિકુલિયાનો સમાવેશ થાય છે. આ સિવાય ડેલિગેશનના અન્ય સભ્યો અને પ્લેનના કેબિન ક્રૂ મેમ્બર્સ પણ આ દુર્ઘટનામાં માર્યા ગયા છે.

કોંગોની નાગરિક ઉડ્ડયન ઓથોરિટી અને સેનાએ આ દુર્ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દીધી છે. અકસ્માત પાછળ કઈ ચોક્કસ ટેકનિકલ ખામી જવાબદાર હતી તે તપાસ અહેવાલ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. આ અકસ્માત એવા સમયે થયો છે જ્યારે કોંગોની સેના દેશના પૂર્વીય ભાગમાં ’M23’ જેવા બળવાખોર જૂથો સામે યુદ્ધ લડી રહી છે. આવા સંવેદનશીલ સમયે સેનાના બે ટોચના લેફ્ટનન્ટ જનરલોનું મોત થવું એ કોંગોની સેના માટે ખૂબ મોટો આંચકો માનવામાં આવે છે.

#### ટેકનિકલ ખામી સર્જાતા થયો અકસ્માત

કોંગોની સેનાના પ્રવક્તા મેજર જનરલ એફોમી એકેંગે જણાવ્યું હતું કે, આ વિમાન દક્ષિણ-પશ્ચિમ કોંગોના કિકવિટ શહેરથી રાજધાની કિંશાશા તરફ પાછું ફરી રહ્યું હતું. તે દરમિયાન વિમાનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાઈ હતી. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટેકનિકલ સમસ્યા બાદ વિમાન ’કેંગે’ વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈને તૂટી પડ્યું હતું. વિમાનમાં સવાર તમામ 14 લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.

## ન્યૂઝ બ્રીફ

### બે વર્ષ પહેલાં નોકરીમાંથી કાઢી મૂકાયેલી મહિલાએ રૂ. 900 કરોડનો દાવો માંડયો



લંડન | લંડનમાંથી એક અત્યંત અજીબોગરીબ અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ઓસ્ટ્રિયન કંપનીએ શેનન બર્ન્સ નામની મહિલા કર્મચારીને એક ઓફિશિયલ ટૂર દરમિયાન દારૂના નશામાં હોટલના રૂમને બદલે સોના બાથમાં સૂઈ જવા બદલ નોકરીમાંથી બરતરફ કરી દીધી હતી. આ ઘટનાના બે-અઢી વર્ષ વીતી ગયા બાદ, તે મહિલાએ હવે ADHD (માનસિક ડિસઓર્ડર) ના કારણે કંપની દ્વારા ભેદભાવ રાખવામાં આવ્યો હોવાનો આરોપ લગાવીને અદાલતમાં ૯૬૪ કરોડ રૂપિયા (૯૬.૪ અબજ રૂપિયા) ના માતબર વળતરનો દાવો ઠોકી દીધો છે. જો આ વળતર માન્ય રહેશે તો તે કોર્ટના ઈતિહાસમાં સૌથી મોટી રકમનો નવો રેકોર્ડ બનશે. ઓસ્ટ્રિયન કંપની ‘ગિટપોડે’ માં એન્જિનિયરિંગ વિભાગના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે ફરજ બજાવતી શેનન બર્ન્સને વર્ષ ૨૦૨૩માં ટીમ બનાવવા માટે બીજા શહેરમાં મોકલવામાં આવી હતી. આ દરમિયાન તેણે હોટલમાં સ્ટે કર્યો હતો, જ્યાં રાત્રે હોટેલ રૂમની ચાવી ખોવાઈ જતાં તે શરાબ પીને બાથરૂમના સોનામાં જ સૂઈ ગઈ હતી. કંપનીએ આ બાબતને ગંભીર ગણીને અને રેપ્યુટેશનનો હવાલો આપીને તેને તાત્કાલિક નોકરીમાંથી કાઢી મૂકી હતી.

### ડ્રોન વૉરફેરના ગંભીર આરોપ છતાં ભારતે કેમ જવા દીધા?



નવી દિલ્હી | રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા UAPA અંતર્ગત અત્યંત ગંભીર તપાસ ચાલી રહી હોવા છતાં, દિલ્હીની એક કોર્ટે અમેરિકી નાગરિક મેથ્યુ વૅનડાઈક અને 6 યુક્રેની નાગરિકોને 1 મહિના માટે પોતાના વતન જવાની મંજૂરી આપી દીધી છે. કોર્ટના આદેશ અનુસાર, જરૂર પડ્યે આ તમામ વિદેશી નાગરિકોએ વિડિયો કૉન્ફરન્સિંગના માધ્યમથી NIAની તપાસમાં ફરજિયાતપણે હાજર રહેવું પડશે. સાથે જ તેઓએ પોતાનું સચોટ સરનામું, ફોન નંબર અને ઈમેઈલ આઈડી જેવી સંપર્ક વિગતો પણ તપાસ એજન્સીને સોંપવાની રહેશે. આ કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વૅનડાઈક શુક્રવારે સાંજે અમેરિકા જવા માટે રવાના થઈ ગયો છે. NIA દ્વારા કરવામાં આવેલા ગંભીર આરોપ મુજબ વૅનડાઈક અને અન્ય 6 યુક્રેની નાગરિકોએ મ્યાનમારના સ્થાનિક સશસ્ત્ર જૂથોના સભ્યોને આશરે 3 મહિના સુધી ડ્રોન વૉરફેર, ડ્રોન ઓપરેશન અને તેની એસેમ્બ્લીની વિશેષ તાલીમ પૂરી પાડી હતી. આ અગાઉ ઈમિગ્રેશન કાયદા હેઠળ દરેક આરોપી પર દંડ ફટકારીને તેમને તે કેસમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. જો કે, UAPA અંતર્ગત મુખ્ય કેસની તપાસ હજુ પણ ચાલુ છે.

### તાઈવાન મુદ્દે ચીને ‘લક્ષ્મણ રેખા’ બતાવી પણ અમેરિકાએ પીછેહઠ ન કરી

# જિનપિંગને જતા-જતા ટ્રમ્પે આપી ચેતવણી, ચીન-અમેરિકા વચ્ચે 3 દિવસમાં કોઈ ડીલ નહીં

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 26

વિશ્વની બે સૌથી મોટી મહાસત્તાઓના પ્રમુખો વચ્ચેની અત્યંત ચર્ચાસ્પદ મુલાકાત પૂર્ણ થઈ છે. ચીનના પ્રમુખ શી જિનપિંગની ત્રણ દિવસીય અમેરિકા યાત્રા પૂરી થયા બાદ તેઓ શુક્રવારે વૉશિંગ્ટનથી બેઈજિંગ જવા રવાના થઈ ગયા છે. આ યાત્રા દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચે વેપાર, ઈરાન, યુક્રેન, તાઈવાન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા અત્યંત સંવેદનશીલ વિષયો પર લાંબી ચર્ચા થઈ હતી. જોકે, આ ભવ્ય બેઠક બાદ કોઈ ઐતિહાસિક નવી ડીલ થઈ નથી. જિનપિંગના રવાના થતાં જ ટ્રમ્પે પોતાના ‘ટ્રુથ સોશિયલ’ એકાઉન્ટ પર બંને નેતાઓની તસવીર શેર કરીને “America is back” લખ્યું હતું, પરંતુ બંધ બારણે ટ્રમ્પે ચીનને ઈરાનના મામલે અત્યંત કડક ચેતવણી આપી દીધી હતી. આ સમગ્ર બેઠકમાં સૌથી ગંભીર મુદ્દો પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ અને ઈરાનની ભૂમિકા રહ્યો હતો. ન્યૂઝ એજન્સી રોઈટર્સના અહેવાલ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પે શી જિનપિંગને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે ચીન દ્વારા ઈરાનને કોઈપણ પ્રકારની સૈન્ય કે આર્થિક મદદ પૂરી પાડવામાં ન આવે. ચીનમાં અમેરિકી રાજદૂત ડેવિડ પરડ્યુના જણાવ્યા મુજબ, ટ્રમ્પે સાફ કરી દીધું હતું કે ઈરાનને પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પણ રીતે સહાય આપવી અમેરિકાને બિલકુલ સ્વીકાર્ય રહેશે નહીં. જવાબમાં ચીને અમેરિકાને ખાતરી આપી હતી કે તે ઈરાનને આવી કોઈ મદદ કરશે નહીં. બીજીબાજુ, હોરમુઝ સ્ટ્રેટ ચીન માટે જીવન-મરણ સમાન છે કારણ કે તે મોટા પાયે ત્યાંથી ક્રૂડ ઓઈલની આયાત કરે છે. શી જિનપિંગે અમેરિકા અને ઈરાન બંનેને વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવા આહવાન કર્યું હતું.



આ મુલાકાતનું સૌથી નક્કર પરિણામ વેપાર મોરચે જોવા મળ્યું, જ્યાં બંને દેશોએ અગાઉથી ચાલી રહેલા ટ્રેડ સીઝફાયરને આગળ વધારવા પર સહમતિ દર્શાવી હતી, જોકે આ કોઈ નવો વ્યાપક વ્યાપારિક કરાર નહોતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર શી જિનપિંગે આગ્રહ રાખ્યો હતો કે માનવજાતના હિત માટે AI નો વિકાસ માણસોના નિયંત્રણમાં રહેવો જોઈએ. ટ્રમ્પે એઆઈને ‘સુપર ઈન્ટેલિજન્સ’ ગણાવવાના પ્રસ્તાવથી જિનપિંગ સહમત થયા હતા, પરંતુ કટોકટીના સમયે સંપર્ક જાળવવાના માળખા સિવાય કોઈ મોટી વ્યવસ્થાની જાહેરાત થઈ શકી નથી.

મુલાકાતના બીજા દિવસે ટ્રમ્પે જિનપિંગને મિત્ર ગણાવી વ્હાઈટ હાઉસ ફેરવ્યું હતું અને ઐતિહાસિક દસ્તાવેજો બતાવ્યા હતા. તેમ છતાં, ચીને ટ્રમ્પ સમક્ષ તાઈવાનનો મુદ્દો ઉઠાવતા સ્પષ્ટ કરી દીધું હતું કે તાઈવાન લાલ રેખા સમાન છે, જેને અમેરિકાએ પાર કરવી જોઈએ નહીં. પરંતુ ટ્રમ્પે તાઈવાન મુદ્દે અમેરિકા તેના વલણમાં પીછેહઠ કરશે તેવા કોઈ સંકેત આપ્યા નહોતા. આમ, કોઈપણ મોટા નિર્ણાયક નિર્ણયો વિના જિનપિંગની આ સ્ટેટ વિઝિટ પૂરી થઈ હતી.

ઈરાન સંકટ ચીન માટે જીવન-મરણ સમાન છે કારણ કે બેઈજિંગ મોટા પાયે પશ્ચિમ એશિયામાંથી ક્રૂડ ઓઈલની આયાત કરે છે. જો હોર્મુઝ સ્ટ્રેટમાં તેલની અવરજવર ખોરવાય, તો તેની સીધી માર ચીનની અર્થવ્યવસ્થા પર પડી શકે છે. ચીનની સત્તાવાર સમાચાર એજન્સી શિન્હુઆના જણાવ્યા અનુસાર, શી જિનપિંગે અમેરિકા અને ઈરાન બંનેને વાટાઘાટોના ટેબલ પર પાછા ફરવા અને જૂનમાં બનેલા સમજૂતીના માળખાના આધારે વિવાદ ઉકેલવા આહવાન કર્યું હતું. વિશ્વભરમાં AI સુરક્ષાને લઈને ચિંતા છે ત્યારે આ સમિટમાંથી ઘણી અપેક્ષાઓ હતી. શી જિનપિંગે આગ્રહ રાખ્યો હતો કે માનવજાતના હિત માટે AI નો વિકાસ માણસોના નિયંત્રણમાં રહેવો જોઈએ.

## ભોટેકોશી પૂરને એક મહિનો પૂર્ણ: 1451 લોકોના મૃત્યુની પુષ્ટિ જ્યારે ૫૨૮૫ લોકો હજુ પણ લાપતા

(એજન્સી) કાઠમંડુ । તા. 26

નેપાળમાં આવેલા વિનાશક પૂરના બરાબર એક મહિનો પૂરો થઈ ચૂક્યો છે. આ ભયાનક આપત્તિમાં પાંચ હજારથી વધુ લોકો ગુમ થયા છે અને અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૪૫૧ લોકોના મૃત્યુની સત્તાવાર પુષ્ટિ થઈ ચૂકી છે. કાઠમંડુની ત્રિભુવન યુનિવર્સિટી ટીચિંગ હોસ્પિટલની જે દીવાલ પર ગુમ થયેલા લોકોના સ્વજનોએ તેમના નામ અને સંપર્ક નંબરો લખ્યા હતા, સમય જતાં તે સ્યાહી હવે ધીમે ધીમે ઝાંખી પડવા લાગી છે, જે આ દુર્ઘટનાની પીડાદાયક યાદ અપાવે છે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટીના તાજેતરના આંકડા મુજબ, ઓગસ્ટ ૨૬ના રોજ આવેલા ભોટેકોશી પૂર બાદ કુલ ૫,૨૮૫ લોકો હજુ પણ ગુમ અથવા અતાપતા છે. અત્યાર સુધીમાં ૧,૪૫૧ શબો બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે ૧૩,૭૯૫ લોકોને સુરક્ષિત બચાવી લેવાયા છે. હાલમાં ૧,૧૧૩ લોકો ૨૧ અલગ-અલગ હોલ્ડિંગ સેન્ટરોમાં આશરો લઈ રહ્યા છે, જેમાં નુવાકોટ, રાસુવા અને ધાડીંગના વિસ્થાપિતો સામેલ છે. રાહત અને બચાવ કામગીરી અંતર્ગત ૨,૦૬૦ લોકોના ડીએનએ સેમ્પલ પણ એકત્રિત કરવામાં આવ્યા છે.

આ પૂરના પ્રકોપથી તિબેટની સરહદે આવેલા ઊંચા ઢાળવાળા વિસ્તારોની વસાહતો સંપૂર્ણપણે ધોવાઈ ગઈ છે. ગ્લેશિયર ફાટવાના કારણે આવેલા અચાનક પૂરથી તિમુરે અને સ્યાફ્રુ બેસી જેવા મુખ્ય વિસ્તારો નકશામાંથી સાફ થઈ ગયા છે. આ વ્યાપક તારાજી બાદ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પુનઃનિર્માણ માટે અંદાજે ૫ અબજ યુએસ ડોલરની જરૂર પડશે, જેને પૂર્ણ થતાં ઓછામાં ઓછો એક દશકો લાગી શકે છે.

## અમેરિકાના નવા બોમ્બર B-21 રેડર વિમાને પ્રથમ ઉડાન ભરી, શત્રુઓને નજર જ નહીં આવે

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 26

યુએસ એરફોર્સના અત્યંત ગુપ્ત અને અદ્યતન નેક્સ્ટ જનરેશન સ્ટીલ્થ બોમ્બર ‘B-21 રાઈડર’ (B-21 Raider) ની તાજેતરની ટેસ્ટ ફ્લાઈટ્સની અત્યંત સ્પષ્ટ અને હાઈ-રિઝોલ્યુશન તસવીરો સામે આવી છે. નોર્થ્રોપ ગ્રુમન દ્વારા વિકસાવવામાં આવી રહેલું આ અદ્યતન વિમાન કેલિફોર્નિયાના પામડેલ સ્થિત એરફોર્સ પ્લાન્ટ 42માં તૈયાર થઈ રહ્યું છે. મોજાવે રણના આકાશમાં ચાલી રહેલા પરીક્ષણ દરમિયાન લેવાયેલી આ તસવીરોમાં વિમાનના એક્ઝોસ્ટ નોઝલ સહિતના સૂક્ષ્મ ભાગો ખૂબ જ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આ ખુલ્લો અને નિર્જન વિસ્તાર હવાઈ



પરીક્ષણો માટે અત્યંત સુરક્ષિત અને અનુકૂળ માનવામાં આવે છે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ વિમાનમાં સંભવતઃ લૂનબર્ગ લેન્સ પણ લગાવવામાં આવ્યા હોઈ શકે છે. લૂનબર્ગ લેન્સ એક એવું ખાસ ઉપકરણ છે જે રડાર સિગ્નલોને કૃત્રિમ રીતે વધારવા અથવા નિયંત્રિત કરવામાં મદદ કરે છે. સ્ટીલ્થ વિમાનો મૂળભૂત રીતે રડારની નજરમાંથી અદ્રશ્ય રહેવા માટે જ બનેલા હોય છે, પરંતુ ટેસ્ટિંગ દરમિયાન સુરક્ષા, એર ટ્રાફિક કંટ્રોલ અને મોનિટરિંગની સરળતા ખાતર તેને જાણીજોઈને રડાર પર દર્શાવવા આવા લેન્સ ફીટ કરવામાં આવતા હોય છે.

B-21 રાઈડરને અમેરિકાના જૂના B-2 સ્પિરિટ બોમ્બરનું ઉત્તરાધિકારી માનવામાં આવે છે. જૂના વિમાનની સરખામણીમાં આ નવું બોમ્બર ઉડાન ભરતી વખતે અત્યંત ઓછો અવાજ કરે છે. વિમાન નિરીક્ષકો અને રક્ષા નિષ્ણાતોએ તેની પ્રશંસા કરી છે, કારણ કે તેની ઉડાન અત્યંત સ્મૂથ અને શાંત જણાઈ છે. આ બોમ્બર પરમાણુ અને પરંપરાગત એમ બંને પ્રકારના હથિયારો લઈ જવા માટે સક્ષમ છે, જે યુએસ એરફોર્સની તાકાતમાં મોટો વધારો કરશે.

**એઆઈ** | કેમ્બ્રિજમાં MITની રિસર્ચ ટીમે વિકસાવી અદ્યતન AI સિસ્ટમ, ૧૬,૦૦૦ કાઉન્સેલિંગ ચેટ્સનું કરાયું વિશ્લેષણ

# AI વ્યક્તિના મેસેજથી સુસાઈડના જોખમનો અંદાજ લગાવી શકશે

(એજન્સી) કેમ્બ્રિજ । તા. 26

વ્યક્તિ પોતાના મેસેજમાં શું લખે છે અને કેવા શબ્દોનો પ્રયોગ કરે છે, તેના આધારે તેનામાં આત્મહત્યાના જોખમનો અંદાજ લગાવી શકે તેવી એક અત્યાધુનિક એઆઈ (AI) સિસ્ટમ કેમ્બ્રિજમાં MIT (મેસાચુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી) ની રિસર્ચ ટીમે વિકસાવી છે. આ નવી સિસ્ટમનો મુખ્ય હેતુ માનસિક સંકટમાંથી પસાર થઈ રહેલા લોકોને વહેલી તકે ઓળખવામાં કાઉન્સેલર્સ અને માનસિક આરોગ્ય નિષ્ણાતોને મદદ કરવાનો છે, જેથી સમયસર યોગ્ય પગલાં ભરી શકાય.

આ પ્રોજેક્ટ અંતર્ગત MITના સંશોધકોએ ‘ક્રાસિસ ટેક્સ્ટ લાઈન’ સાથે મળીને આશરે ૧૬,૦૦૦ ડિ-



આઈડેન્ટિફાઈડ (જેની ઓળખ છુપાવેલી હોય તેવી) કાઉન્સેલિંગ ચેટ્સનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું હતું. મેસેજોને જોખમના સ્તર પ્રમાણે અલગ-અલગ જૂથોમાં વહેંચીને સંશોધકોએ એ શોધવાનો પ્રયાસ કર્યો હતો કે કયા ચોક્કસ શબ્દો, વાક્યો અને વિષયો આત્મહત્યાના વધતા જોખમ સાથે સીધી રીતે જોડાયેલા છે.

વિવિધ ચેટ્સની સવિસ્તર સમીક્ષા બાદ ૪૯ રિસ્ક ફેક્ટર્સ સાથે જોડાયેલા આશરે ૬૦ જેટલા મહત્વના શબ્દો અને વાક્યો ધરાવતી એક વિશેષ યાદી તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ આ સંકેતો અને ડેટાના આધારે મશીન-લર્નિંગ મોડલને જોખમનો અંદાજ લગાવવાની ખાસ તાલીમ (ટ્રેનિંગ) આપવામાં આવી. આ સિસ્ટમની સૌથી મોટી વિશેષતા એ છે કે તે માત્ર અંદાજ જ નથી લગાવતી, પરંતુ કયા ચોક્કસ શબ્દો કે રિસ્ક ફેક્ટર્સને કારણે આ જોખમનો અંદાજ લગાવવામાં આવ્યો છે તે કારણો પણ સ્પષ્ટપણે દર્શાવી શકે છે.

## 36 વર્ષમાં પહેલીવાર કોઈ પ્રમુખનું એપ્રૂવલ રેટિંગ તળિયે

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 26

અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી આગામી ‘મિડટર્મ’ ચૂંટણીઓ પૂર્વે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે અત્યંત ચિંતાજનક અહેવાલ સામે આવ્યા છે. પ્રતિષ્ઠિત અખબાર ‘વોલ સ્ટ્રીટ જર્નલ’ના તાજેતરના પોલિંગ સર્વે મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પની પોપ્યુલરિટી એટલે કે એપ્રૂવલ રેટિંગ ઘટીને માંડ ૩૭ ટકા પર આવી ગઈ છે. સાલ ૧૯૯૦ પછી એટલે કે છેલ્લા ૩૬ વર્ષમાં મધ્યસત્ર ચૂંટણીઓ પહેલાં કોઈપણ અમેરિકન પ્રમુખની આ સૌથી ઓછી રેટિંગ નોંધાઈ છે. નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની જીતના દાવા કરી રહેલા ટ્રમ્પ માટે આ આંકડા મોટો રાજકીય આંચકો માનવામાં આવી રહ્યા છે. ટ્રમ્પ પ્રશાસન સામે હાલમાં અનેક આંતરિક અને આંતરરાષ્ટ્રીય પડકારો ઊભા થયા છે, જેના કારણે સામાન્ય જનતામાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ ઘટાડા પાછળ મુખ્યત્વે બે કારણો જવાબદાર છે; પ્રથમ, મોંઘવારીમાં સતત વધારો અને ઈંધણ-તેલની વધતી કિંમતોથી સામાન્ય અમેરિકનો પર વધતો આર્થિક બોજ. બીજું, મધ્ય પૂર્વમાં ખાસ કરીને ઈરાન સાથે વધી રહેલો લશ્કરી તણાવ અને યુદ્ધની આશંકાઓ. તાજેતરમાં જ ટ્રમ્પે ઈરાન તરફથી આવેલા સીઝફાયર પ્રસ્તાવને ફગાવી દીધો છે અને સંકેત આપ્યા છે કે ચૂંટણી પૂરી થતાં જ ઈરાન સામે સખત કાર્યવાહી કરવામાં આવી શકે છે. એપ્રૂવલ રેટિંગમાં મોટો કડાકો બોલાયા બાદ, ‘પોલિટિકો’ના અહેવાલ મુજબ ટ્રમ્પ હવે રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા રાજ્યોમાં આક્રમક પ્રચાર શરૂ કરવા જઈ રહ્યા છે. ટ્રમ્પ આગામી દિવસોમાં આયોવા, ફ્લોરિડા, ટેક્સાસ, અલાસ્કા અને ઓક્લાહોમા જેવા રાજ્યોની મુલાકાત લઈને પોતાની પક્ષના ઉમેદવારો માટે સમર્થન માંગશે.

## INDIA ગઠબંધનના નેતાઓ ફરી મળશે : આગામી બેઠક 30 સપ્ટેમ્બરે દિલ્હીમાં યોજાશે

# રાજસ્થાનથી દિલ્હી સુધી ગુંજશે વિરોધનો અવાજ

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

INDIA ગઠબંધન અંગે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. SIR (સ્પેશિયલ ઈન્ટિગ્રેટેડ રોલ) અને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના મુદ્દે સરકારને ઘેરવા માટે INDIA ગઠબંધન 30 સપ્ટેમ્બરે દિલ્હીમાં બેઠક કરશે. આ બેઠકમાં SIR પ્રક્રિયા અને ચૂંટણી પંચને લગતા ખુલાસાઓ સહિતના અનેક વિષયો પર ચર્ચા કરવામાં આવશે. એવું જાણવા મળ્યું છે કે INDIA ગઠબંધનમાં સામેલ તમામ પક્ષો આ બાબતે એકબીજાના સંપર્કમાં છે. નોંધનીય છે કે કોંગ્રેસ પક્ષ પણ 29 સપ્ટેમ્બરે યોજાનારી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક દરમિયાન SIR મુદ્દે પોતાની આગામી રણનીતિ ઘડશે. આ પ્રસ્તાવિત બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વિપક્ષી પક્ષોએ ચૂંટણી પંચ અંગે તેમનો તાલમેલ વધાર્યો છે, અને તે પણ એવા સમયે જ્યારે પંચની અંદર જ SIR પ્રક્રિયાના અમુક પાસાઓ અંગે આંતરિક મતભેદોના અહેવાલો સામે આવ્યા છે.વિપક્ષી પક્ષો એક થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પક્ષો આ મુદ્દે સંપર્કમાં છે અને સંયુક્ત કાર્યવાહી અંગે ચર્ચા કરી રહ્યા છે. CPI(M), CPI અને CPI(ML)-




લિબરેશને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની અને SIR પ્રક્રિયાને તાત્કાલિક અટકાવવાની માંગ કરી છે, જ્યારે કોંગ્રેસે પણ કુમારની ટીકા તેજ કરી છે. કોંગ્રેસ વર્કિંગ કમિટી આ બાબતે પોતાની રણનીતિ પર ચર્ચા કરવા માટે 29 સપ્ટેમ્બરે બેઠક કરશે. આ ઘટનાક્રમે પશ્ચિમ બંગાળના કટ્ટર રાજકીય હરીફો - મમતા બેનર્જીની TMC અને CPI(M) - ને ચૂંટણી પંચના મુદ્દે એક સામાન્ય મંચ પર લાવી દીધા છે.સંસદમાં નોટિસ રજૂ થઈ શકે છેPI(M)ના જનરલ સેક્રેટરી એમ.એ. બેબીએ INDIA ગઠબંધન અને અન્ય વિપક્ષી નેતાઓને પત્ર લખીને આ ઘટનાક્રમ અંગે બેઠકનો પ્રસ્તાવ મૂક્યો હતો અને ત્યારબાદ બેનર્જી સાથે વાત કરી હતી; તેઓ સંમત થયા હતા કે વર્તમાન પરિસ્થિતિને જોતા સામૂહિક કાર્યવાહીની જરૂર છે. વિપક્ષી પક્ષો CEC કુમારને હટાવવાની માંગ કરતી નવી નોટિસ તૈયાર કરી રહ્યા છે; કાનૂની ચકાસણી બાદ તેને સંસદના બંને ગૃહોમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. વિપક્ષ દ્વારા કરવામાં આવતો આ પ્રકારનો આ ત્રીજો પ્રયાસ હશે. SIR અંગે ચૂંટણી પંચનું વલણ શું છે?SIRના મુદ્દે ચૂંટણી પંચે જણાવ્યું છે કે ભિન્ન મંતવ્યો અને ટિપ્પણીઓ એ સંસ્થાકીય વિચાર-વિમર્શનો એક સામાન્ય ભાગ છે. પંચે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેના આદેશો સંપૂર્ણ કાનૂની માન્યતા ધરાવે છે અને તે સ્થાપિત કાનૂની પ્રક્રિયાઓને અનુસરે છે. અગાઉ, ૨૩ રાજકીય પક્ષો અને એક અપક્ષ સાંસદે સંયુક્ત રીતે ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ SIR પ્રક્રિયા અને ચૂંટણી સંબંધિત અન્ય બાબતો અંગે રજૂઆત કરી હતી, જે આ મુદ્દે વિપક્ષો વચ્ચેના વ્યાપક તાલમેલને દર્શાવે છે.

## ઝારખંડમાં 'વાઘ ભમરી'નો આતંક, 25 દિવસમાં 5ના મોત

(એજન્સી) ઝારખંડ । તા. 26

ઝારખંડના ગિરિડીહ વિસ્તારમાં 'ટાઈગર ભમરી'નો આતંક છવાયો છે. છેલ્લા 25 દિવસમાં 5 લોકોના મોત થયા છે, જ્યારે 200થી વધુ લોકો ઘાયલ થયા છે. 60થી વધુ ગંભીર દર્દીઓ હોસ્પિટલમાં છે. આ ભમરી 'એશિયન જાયન્ટ હોર્નેટ' તરીકે ઓળખાય છે, જે 1.5 થી 2 ઈંચ લાંબી હોય છે અને અત્યંત ઝેરી ડંખ મારે છે. વન વિભાગ નિષ્ણાતોની મદદથી આ સમસ્યા હલ કરવા પ્રયાસ કરી રહ્યું છે.

### 200થી વધુ લોકોને ડંખ માર્યા



### ઝેરી ડંખના કારણે 5 લોકોના મોત

છેલ્લા 25 દિવસમાં જ ભમરીના ઝેરી ડંખના કારણે 5 લોકોના મોત થયા છે, જ્યારે અલગ-અલગ વિસ્તારોમાં 200 થી વધુ લોકો આ હુમલાનો શિકાર બન્યા છે. 60 થી વધુ લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા છે.

### 'એશિયન જાયન્ટ હોર્નેટ' (વાઘ ભમરી) તરીકે ઓળખ

આ જંગલી ભમરીની ઓળખ 'એશિયન જાયન્ટ હોર્નેટ' (Asian Giant Hornet - વાઘ ભમરી) તરીકે કરવામાં આવી છે. શારીરિક બનાવટ: આ ભમરી લગભગ 1.5 થી 2 ઈંચ લાંબી હોય છે અને તેના શરીર પર વાઘ જેવી પીળી અને કાળી પટ્ટીઓ (લકીરો) હોય છે.ખતરનાક સ્વભાવ: સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ ભમરી શરીર પર ચોંટી જાય પછી જલ્દી છોડતી નથી અને સતત ડંખ મારતી રહે છે. વન વિભાગના રેન્જર અનિલ કુમારના જણાવ્યા અનુસાર, આ પ્રજાતિ અન્ય કોઈ વિસ્તારમાંથી અહીં સ્થળાંતરિત થઈ હોવાની શક્યતા છે.

## ઉત્તર પ્રદેશના લોકપ્રિય મુખ્યમંત્રી

# યોગી આદિત્યનાથે શનિવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની મહત્વપૂર્ણ મુલાકાત લીધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શનિવારે દિલ્હી પહોંચ્યા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે 7 લોક કલ્યાણ માર્ગ સ્થિત વડાપ્રધાનના નિવાસસ્થાને ગયા. રાજધાનીની આ મુલાકાત દરમિયાન, યોગી આદિત્યનાથ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના નેતા નીતિન નવીનને પણ મળવાના છે. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભાજપ 2027ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે પોતાની સંગઠનાત્મક તૈયારીઓને વેગ આપી રહ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની દિલ્હી મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે તેમાં અનેક મહત્વપૂર્ણ બેઠકોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન મોદી



સાથેની મુલાકાત બાદ, તેઓ અમિત શાહ અને ભાજપના નેતા નીતિન નવીન સાથે ચર્ચા કરવાના છે. જોકે, આ બેઠકોમાં ચર્ચા થનારા ચોક્કસ મુદ્દાઓ અંગેની સત્તાવાર વિગતો હજુ જાહેર કરવામાં આવી નથી. યોગીની આ મુલાકાત ગ્રેટર નોઈડામાં 'ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ શો 2026'માં અમિત શાહ સાથેની તેમની સહભાગિતાના એક દિવસ બાદ થઈ રહી છે; અમિત શાહે 25 સપ્ટેમ્બરે આ ટ્રેડ શોની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું.

## Quick Read

### દિલ્હીમાં ભંગારમાંથી 'અસ્થિપિંજર' મળી આવ્યું

નવી દિલ્હી | શનિવારે મધ્ય દિલ્હીમાં સફાઈ અભિયાન દરમિયાન ભંગારમાંથી અસ્થિપિંજર જેવી વસ્તુ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. અહેવાલો અનુસાર, એક ભંગારના વેપારીએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. તેણે જણાવ્યું હતું કે તેણે લગભગ એક મહિના પહેલા એક શાળા પાસેથી આ ભંગાર ખરીદ્યો હતો. વેપારીએ કહ્યું કે જે બોક્સમાં તે વસ્તુ હતી, તે ભંગારના તે જ જથ્થા સાથે આવી હતી. પોલીસને આશંકા છે કે તે શાળામાં શૈક્ષણિક હેતુઓ માટે વપરાતો કોઈ જૈવિક નમૂનો હોઈ શકે છે.

### નાગાલેન્ડમાં લઠ્ઠાકાંડ: બે દિવસમાં 19 લોકોના મોત

નાગાલેન્ડ | નાગાલેન્ડમાં શંકાસ્પદ ઝેરી દારૂ પીવાથી છેલ્લા બે દિવસમાં 19 લોકોના મોત થયા છે. મોકોકચુંગમાં 8 અને તુએસાંગમાં 11 લોકોના મોતથી શોક વ્યાપી ગયો છે. રાજ્યમાં 1990થી દારૂબંધી હોવા છતાં ગેરકાયદેસર દારૂની તપાસ માટે SIT રચાઈ છે. પોલીસે 19ની ધરપકડ કરી 3000 બોટલો જપ્ત કરી છે. પ્રશાસને લોકોને અજાણ્યા દારૂનું સેવન ન કરવા ચેતવ્યા છે. નાગાલેન્ડ રાજ્યમાં છેલ્લા બે દિવસ દરમિયાન શંકાસ્પદ ઝેરી દારૂ પીવાથી ઓછામાં ઓછા 19 લોકોનાં મોત નીપજ્યાં હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

### ખાટુ શ્યામજીમાં દેરાણી-જેઠાણીનો જંગ અપહરણનો હાઈવોલ્ટેજ ડ્રામા

રાજસ્થાન | રાજસ્થાનના પ્રખ્યાત તીર્થધામ ખાટુશ્યામજીની નગરપાલિકા ચૂંટણી રાજકીય સ્પર્ધાની સાથે સાથે કૌટુંબિક ડ્રામા, દેરાણી-જેઠાણીની લડાઈ, અપહરણના આક્ષેપો અને છેલ્લી ઘડીએ સર્જાયેલા કાયદાકીય લડાઈના જંગમાં ફેરવાઈ હતી. આ ચેરમેન પદની ચૂંટણીએ રાજકીય વફાદારી અને પારિવારિક સંબંધો બંનેની પરીક્ષા લીધી હતી. 20 સભ્યો ધરાવતી ખાટુશ્યામજી નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસ પાસે 8-8 કાઉન્સિલરો હતા. ચેરમેનની ચૂંટણી પહેલાં બહુમતી સાબિત કરવા બંને પક્ષોએ પોતાના આંકડા મજબૂત કરવાની કવાયત શરૂ કરી હતી. પરંતુ આ બધાની વચ્ચે આખરે કોંગ્રેસ પાર્ટી તેમાં સત્તા હાંસિલ કરીને મેદાન મારી ગઈ છે. ભાજપ અને કોંગ્રેસના 8-8 કાઉન્સિલરો સિવાય બોર્ડમાં 3 અપક્ષ અને 1 રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી(RLP)ના કાઉન્સિલર હતા. બહુમતી મેળવવા માટે કોઈપણ ઉમેદવારને 11 મતોની જરૂર હતી. કોંગ્રેસે RLPના એકમાત્ર કાઉન્સિલરનું સમર્થન મેળવી લીધું હતું, જેથી તેનો આંકડો 9 પર પહોંચ્યો હતો. બીજી તરફ, ભાજપે કોંગ્રેસના ઉમેદવાર વિનિતા પુનિયા સામે પ્રેમ દેવીને મેદાનમાં ઉતાર્યા હતા.

### ઓફર લેટર આપી નોકરી ન આપનાર 22 કંપનીઓ બૅન

ગુવાહાટી | ઓફર લેટર આપ્યા બાદ વિદ્યાર્થીઓને નોકરી આપવાથી પીછેહઠ કરનારી કંપનીઓ સામે દેશની અગ્રણી ભારતીય ટેક્નોલોજી સંસ્થાઓ દ્વારા સખત પગલાં લેવામાં આવ્યાં છે, જે અંતર્ગત આવી 22 કંપનીઓને આગામી બે કેમ્પસ પ્લેસમેન્ટ સિઝન માટે પ્રતિબંધિત કરવામાં આવી છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય આ મહિનાની શરૂઆતમાં આઈઆઈટી ગુવાહાટી ખાતે યોજાયેલી AIPCની બેઠકમાં લેવામાં આવ્યો હતો. તેવી કુલ 22 કંપનીઓને આગામી બે વર્ષ માટે બૅન કરી દેવામાં આવી છે. હવે આ કંપનીઓને આગામી બે કેમ્પસ પ્લેસમેન્ટ સિઝનમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં.

## નાગપુર-મુંબઈ દુરંતો એક્સપ્રેસ પર પથ્થરમારો

નાગપુર | નાગપુર-મુંબઈ દુરંતો એક્સપ્રેસ પર પથ્થરમારાની ઘટના સામે આવી છે. ગઈકાલે રાત્રે, જ્યારે ટ્રેન બોરખેડી અને સિંદી વચ્ચે મુસાફરી કરી રહી હતી, ત્યારે એક પથ્થર બારી સાથે અથડાયો હતો. એવી આશંકા છે કે કોઈએ ટ્રેન પર પથ્થર ફેંક્યો હતો.પથ્થરમારાને કારણે કોચની બારીનો કાચ તૂટી ગયો હતો અને એક મુસાફરને સામાન્ય ઈજા થઈ હતી.ઘટના બાદ, તપાસ માટે ટ્રેનને લગભગ અડધા કલાક સુધી વર્ધા સ્ટેશન પર રોકવામાં આવી હતી. તપાસ પછી, ટ્રેને મુંબઈ તરફની પોતાની મુસાફરી ફરી શરૂ કરી. દરમિયાન, પોલીસ તપાસ કરી રહી છે કે વાસ્તવમાં પથ્થર કોણે ફેંક્યા હતા.ટ્રેન નંબર 12290 પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેના પરિણામે કોચ A-1, B-2 અને B-5 ની બારીઓના કાચ તૂટી ગયા હતા. આ ઘટના 25 સપ્ટેમ્બર, 2026ની રાત્રે લગભગ 8:27 વાગ્યે બની હતી. ટ્રેન નંબર 12290 બોરખેડી સ્ટેશન પસાર કર્યા પછી પથ્થરમારાના અહેવાલો મળ્યા હતા, જેનાથી કોચ A-1, B-2 અને B-5 ની બારીઓને નુકસાન થયું હતું. કોઈ મુસાફરને ઈજા થઈ ન હતી કે અન્ય કોઈ નુકસાન થયું ન હતું.

## પાઈલટ્સ સંગઠનની તપાસને લઈને મોટી માગ

### કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિન્જરાપુ રામ મોહન નાયડુને લખ્યો પત્ર

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલટ્સએ અમદાવાદમાં થયેલા એર ઈન્ડિયા AI-171 ક્રેશની ફાઈનલ ઈન્વેસ્ટિગેશન રિપોર્ટના ડ્રાફ્ટની સમીક્ષા માટે બનનારી સ્વતંત્ર કમિટીમાં પોતાનું પ્રતિનિધિત્વ માંગ્યું છે. 25 સપ્ટેમ્બરે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિન્જરાપુ રામ મોહન નાયડુને લખેલા પત્રમાં FIPએ આ માગ કરી છે. FIPએ કહ્યું કે તેમને માહિતી મળી છે કે સરકાર અથવા મંત્રાલય એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા ડ્રાફ્ટ રિપોર્ટની સ્વતંત્ર સમીક્ષા અંગે વિચાર કરી રહ્યું છે.



### FIPની શું માગ છે?

FIPએ કહ્યું કે જો આવી કોઈ વ્યવસ્થા બનાવવામાં આવી રહી હોય તો રિપોર્ટના તારણોની તપાસ કરનારી કમિટીમાં તેમને ઔપચારિક રીતે સામેલ કરવામાં આવે. એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-171 બોઈંગ 787 ડ્રીમલાઈનર હતી, જે 12 જૂન 2025ના રોજ અમદાવાદથી ઉડાન ભર્યા બાદ થોડા જ સમયમાં અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં કુલ 260 લોકોનાં મોત થયા હતા. AAIB એક વર્ષથી વધુ સમયથી આ ઘટનાની તપાસ કરી રહ્યું છે. આ મામલો એવા સમયે સામે આવ્યો છે જ્યારે કેન્દ્ર સરકારે જુલાઈમાં સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે AAIB લગભગ 6 અઠવાડિયામાં પોતાની તપાસ પૂર્ણ કરવાની આશા રાખે છે અને ઓક્ટોબર સુધીમાં ડ્રાફ્ટ ફાઈનલ રિપોર્ટ તૈયાર થવાની શક્યતા છે.

### ડ્રાફ્ટ રિપોર્ટ તરત જાહેર કેમ નહીં થાય?

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન તપાસની પ્રક્રિયાને કારણે ડ્રાફ્ટ રિપોર્ટ તરત જાહેર કરી શકાય નહીં. સરકારના હલફનામા મુજબ ICAOના નિયમો અને Aircraft (Investigation of Accidents and Incidents) Rules, 2025 હેઠળ ડ્રાફ્ટ રિપોર્ટ તપાસમાં સામેલ દેશો સાથે ટિપ્પણીઓ માટે શેર કરવાનો હોય છે. અમેરિકાની નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ (NTSB) તે દેશનું પ્રતિનિધિત્વ કરે છે જ્યાં આ વિમાનની ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ થયું હતું. તેથી NTSBને ડ્રાફ્ટ રિપોર્ટ પર મહત્વપૂર્ણ અને પુરાવા આધારિત ટિપ્પણીઓ કરવાનો અધિકાર છે. કેન્દ્ર મુજબ આ આંતરરાષ્ટ્રીય કન્સલ્ટેશન પ્રક્રિયામાં મળતા જવાબોની જટિલતા પ્રમાણે 30થી 60 દિવસનો સમય લાગી શકે છે.

## મુંબઈના લાલબાગમાં ગણેશ પંડાલ નજીક ઢળી પડ્યા બાદ વ્યક્તિનું મૃત્યુ

(એજન્સી) મુંબઈ । તા. 26

મુંબઈના લાલબાગ વિસ્તારમાં આવેલા 'લાલબાગચા રાજા' પંડાલ નજીક એક વ્યક્તિ ઢળી પડ્યા બાદ તેમનું મૃત્યુ થયું હતું. અહેવાલો અનુસાર, ગુરુવારે રાત્રે આ વ્યક્તિ અચાનક ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.ગુરુવારે રાત્રે મુંબઈના પ્રખ્યાત 'લાલબાગચા રાજા' ગણેશ પંડાલ નજીક એક વ્યક્તિ અચાનક ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. તેમના મૃત્યુનું કારણ હાલ તપાસ હેઠળ છે. તાજેતરમાં, તબીબી કારણોસર (મેડિકલ ઈમરજન્સી) અન્ય એક વ્યક્તિનું પણ મૃત્યુ થયું હતું. ઉલ્લેખનીય છે કે આજે સમગ્ર મહારાષ્ટ્રમાં ગણેશ મૂર્તિઓના વિસર્જનની શરૂઆત થઈ ગઈ છે અને આ કાર્યક્રમ માટેની તમામ



તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે મધ્ય મુંબઈમાં 'લાલબાગચા રાજા' ગણેશ પંડાલ નજીક ઢળી પડ્યા બાદ ૬૮ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. તેમણે જણાવ્યું કે આ ઘટના ગુરુવારે રાત્રે બની હતી. લાલબાગ વિસ્તારમાં આ બીજું મૃત્યુ છે; આ વિસ્તારમાં ૧૨ દિવસીય ગણેશ ઉત્સવ દરમિયાન ભારે ભીડ ઉમટી પડે છે. કાલાચૌકી પોલીસ સ્ટેશનની માહિતીને ટાંકીને, નાગરિક સંસ્થાના એક અધિકારીએ જણાવ્યું હતું કે સ્થાનિક રહેવાસી વિજય અનેકર 'લાલબાગચા રાજા' પંડાલ નજીક આવેલા હનુમાન મંદિર પાસે બેઠા હતા ત્યારે ઢળી પડ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે અનેકરને પરેલની ગ્લોબલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને 'બ્રૉટ ડેડ' (હોસ્પિટલ લાવતા પહેલા મૃત) જાહેર કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે મૃત્યુનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી.

## બોમ્બથી ઉડાવી દઈશું...

# કલ્કિ ધામના મુખ્ય પૂજારી આચાર્ય પ્રમોદ કૃષ્ણમને જાનથી મારી નાખવાની ધમકી

"છેલ્લા કેટલાક દિવસોથી મને વિવિધ નંબરો પરથી ધમકીના ફોન": પૂજારી



(એજન્સી) ઉત્તર પ્રદેશ । તા. 26

ઉત્તર પ્રદેશના સંભલ સ્થિત શ્રી કલ્કિ ધામના મુખ્ય પૂજારી આચાર્ય પ્રમોદ કૃષ્ણમને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેમણે જણાવ્યું હતું કે તેમને વિદેશી નંબર પરથી ધમકીભર્યો ફોન આવ્યો હતો. તેમણે કુલબીર સિંહ સિદ્ધુ નામના વ્યક્તિ પર ધમકી આપવાનો આરોપ મૂક્યો છે અને દાવો કર્યો છે કે ફોન કરનાર વ્યક્તિ જલંધર બોમ્બ વિસ્ફોટ કેસ સાથે સંકળાયેલી છે. અહેવાલો અનુસાર, કુલબીર સિંહ સિદ્ધુએ ૨૪ સપ્ટેમ્બરની રાત્રે બે ઓડિયો કોલ દ્વારા આ ધમકી આપી હતી. આચાર્ય પ્રમોદ કૃષ્ણમે સંભલના પોલીસ અધિક્ષક (SP) પાસે ફરિયાદ નોંધાવી છે અને પ્રેસ કોન્ફરન્સ દ્વારા આ બાબતની જાણકારી જનતાને પણ આપી છે. અહેવાલો મુજબ, સંભલના અંચોડા કંબોહ ગામમાં નિર્માણાધીન કલ્કિ મંદિરના વડા આચાર્ય પ્રમોદ કૃષ્ણમને ઉડાવી દેવાની ધમકી આપનાર શંકાસ્પદ વ્યક્તિ આતંકવાદી સંગઠન 'બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ' સાથે જોડાયેલી છે; આ સંગઠન ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિતના અનેક રાજ્યોમાં સક્રિય છે. આ બાબતે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમે કહ્યું, 'હું કોઈ [વ્યક્તિગત] પગલાં નહીં લઉં. હું માત્ર મારી ફરજ બજાવી રહ્યો છું. આ એક સંવેદનશીલ બાબત છે, તેથી જ હું તે તમારી સમક્ષ રજૂ કરી રહ્યો છું. મારું સમગ્ર જીવન શ્રી કલ્કિ ધામના નિર્માણ માટે સમર્પિત છે. હું મારું કામ કરી રહ્યો છું, પરંતુ દેશને આ વાત જણાવવી એ મારી ફરજ હતી.'

## માલ પરિવહન સુરક્ષા વધારવા માટે NFR એ IIT ગુવાહાટી સાથે ભાગીદારી કરી

### 'પ્રોજેક્ટ દ્રષ્ટિ' AI-આધારિત વેગન ડોર અને સીલ નિરીક્ષણ પ્રણાલી માટે વિકસાવવામાં આવ્યો છે

(એજન્સી) માલીગાંવ । તા. 26

નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ NFR નેટવર્કમાં માલવાહક ટ્રેન વેગનની સલામતી અને કાર્યક્ષમતા સુધારવાના હેતુથી આધુનિક AI-આધારિત તકનીકી ઉકેલ 'પ્રોજેક્ટ દ્રષ્ટિ' શરૂ કરવા માટે IIT ગુવાહાટી સાથે સહયોગ કર્યો છે. આ સિસ્ટમનું ઔપચારિક ઉદ્ઘાટન 25 સપ્ટેમ્બર, 2026 ના રોજ માલીગાંવમાં NFR મુખ્યાલય ખાતે આયોજિત એક કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને માલવાહક વેગન દરવાજા, તાળાઓ અને સીલનું નિરીક્ષણ મજબૂત કરવા માટે 'પ્રોજેક્ટ દ્રષ્ટિ' વિકસાવવામાં આવી રહી છે. આ સિસ્ટમ હાઈ-સ્પીડ કેમેરા, બુદ્ધિશાળી લાઈટિંગ, સુરક્ષિત નેટવર્કિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ને એકીકૃત કરે છે જેથી વેગન તાળાઓ અને સીલનું વધુ સારી દેખરેખ સુનિશ્ચિત કરી શકાય, જેનાથી પરિવહન દરમિયાન કોઈપણ ચેડા અથવા ચોરીની સમયસર તપાસ થઈ શકે. IIT ગુવાહાટીના પ્રતિનિધિઓ અને વરિષ્ઠ રેલ્વે



અધિકારીઓ આ કાર્યક્રમમાં હાજર હતા. સભાને સંબોધતા, NFR ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે રાષ્ટ્રની પુરવઠા શૃંખલા જાળવવા, આવશ્યક ચીજવસ્તુઓના પરિવહન અને ઉદ્યોગો અને કૃષિને ટેકો આપવા માટે માલ પરિવહનની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે ભાર મૂક્યો કે NFR માટે માલ પરિવહન ખાસ કરીને મહત્વપૂર્ણ છે, કારણ કે ભૌગોલિક અને પર્યાવરણીય પડકારો માર્ગ પરિવહનને મુશ્કેલ બનાવે છે, જે અસરકારક રીતે રેલ્વેને પ્રાદેશિક અર્થતંત્ર માટે જીવનરેખા બનાવે છે. તેમણે માલવાહક વેગનના દરવાજા યોગ્ય રીતે બંધ અને સુરક્ષિત રીતે સીલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવાના મહત્વ પર પણ ભાર મૂક્યો જેથી કાર્ગોનું રક્ષણ થાય. અગાઉ, આ પ્રક્રિયા મેન્યુઅલી હાથ ધરવામાં આવતી હતી, જે તેને પડકારજનક અને સમય માંગી લેતી હતી, ખાસ કરીને રાત્રે અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓમાં. પ્રોજેક્ટ દ્રષ્ટિ ઝડપી, વિશ્વસનીય અને કાર્યક્ષમ ટેકનોલોજી પર આધારિત નિરીક્ષણ દ્વારા આ પડકારોનો સામનો કરે છે.

## બેંક હડતાળ વચ્ચે ગ્રાહકો માટે રાહત, સહકારી બેંકો 28-30 સપ્ટેમ્બરે પણ ખુલ્લી રહેશે!

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

28થી 30 સપ્ટેમ્બર 2026 દરમિયાન યોજાનારી 3 દિવસની બેંક હડતાળ વચ્ચે સહકારી બેંકોના ગ્રાહકો માટે રાહતના સમાચાર છે. સહકારી બેંકો આ હડતાળમાં સામેલ નહીં થાય અને સામાન્ય રીતે કામકાજ ચાલુ રાખશે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ એટલે કે UFBUએ 28થી 30 સપ્ટેમ્બર સુધી દેશવ્યાપી બેંક હડતાળનું આહ્વાન કર્યું છે. હડતાળનો મુખ્ય મુદ્દો બેંકોમાં 5 દિવસનું કાર્ય સપ્તાહ લાગુ કરવાની માંગ છે.જોકે, સહકારી બેંકિંગ ક્ષેત્રની મુખ્ય સંસ્થાઓએ સ્પષ્ટ કર્યું છે કે સહકારી બેંકો આ હડતાળમાં સામેલ નથી. આવી સ્થિતિમાં તેમની શાખાઓમાં સામાન્ય બેંકિંગ સેવાઓ ચાલુ રહેવાની આશા છે. સહકારી બેંકોના ગ્રાહકોને શાખા સ્તરે મળતી સામાન્ય સેવાઓ ચાલુ રહેવાની આશા છે. તેમાં પૈસા જમા કરાવવા, ઉપાડવા, રકમ મોકલવા અને અન્ય બેંકિંગ વ્યવહારોનો સમાવેશ થાય છે.

નોર્થ ઈસ્ટર્ન હેન્ડીક્રાફ્ટ્સ એન્ડ હેન્ડલૂમ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (NEHHDC)
ગારચુક, ગુવાહાટી, આસામ

સંદર્ભ ક્રમાંક: NEHHDC PURVI/NIO/AHMEDABAD/313/7549 તારીખ: 26-09-2026

**અમદાવાદ ખાતે "PURVI" શોરૂમ માટે વ્યાવસાયિક જગ્યા ભાડે લેવા અંગેની ઓફર માટેની સૂચના (NIO)**

NEHHDC, ગુજરાતના અમદાવાદ ખાતે તેના 'PURVI' હેન્ડલૂમ અને હસ્તકલા (Handicrafts) શોરૂમની સ્થાપના માટે ઉપયોગમાં લેવા માટે તૈયાર એવી વ્યાવસાયિક જગ્યા ભાડે લેવા માટે યોગ્ય વ્યાવસાયિક મિલકતોના માલિકો પાસેથી ઓફર (પ્રસ્તાવ) આમંત્રિત કરે છે.
પ્રાધાન્યક્ષમ સ્થળો: સિંધુ ભવન રોડ-બોડકદેવ, વસ્ત્રાપુર-IIM રોડ, C.G. રોડ-નવરંગપુરા, પ્રહલાદ નગર, સેટેલાઈટ-આનંદ નગર રોડ, S.G. હાઈવે-થલતેજ/ઈસ્કોન વિસ્તાર, અથવા અન્ય યોગ્ય વ્યાવસાયિક સ્થળો.
વિસ્તાર: આશરે 3,500 ચોરસ ફૂટ સળંગ કાર્પેટ વિસ્તાર; ગ્રાઉન્ડ ફ્લોરને પ્રાધાન્ય આપવામાં આવશે.
સબમિશન: સેન્ટ્રલ પબ્લિક પ્રોક્યોરમેન્ટ પોર્ટલ (CPP Portal) દ્વારા ઓનલાઈન - eprocure.gov.in/eprocure/app પર.

ટેન્ડર સમયરેખા
બિડ સબમિશન શરૂ: 26-09-2026, સવારે 10:00 વાગ્યે
બિડ સબમિશન સમાપ્તિ: 21-10-2026, સવારે 10:00 વાગ્યે
બિડ ખોલવાની તારીખ: 22-10-2026, બપોરે 03:00 વાગ્યે
ટેન્ડર ID: 2026_NEHHD_292386_1
વિગતવાર NIO: www.nehhdc.com અને CPP પોર્ટલ પર ઉપલબ્ધ છે. ઓફરની માન્યતા: 180 દિવસ. પ્રશ્નો/સાઈટ મુલાકાત માટે: DGM (ટેકનિકલ), dgmtechnical@nehhdc.com. NEHHDC કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ઓફરો સ્વીકારવાનો કે નકારવાનો અને કોઈપણ તબક્કે આ સૂચનામાં ફેરફાર કરવાનો કે તેને રદ કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

સહી/- મેનેજિંગ ડિરેક્ટર
નોર્થ ઈસ્ટર્ન હેન્ડીક્રાફ્ટ્સ એન્ડ હેન્ડલૂમ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ

# સિટી એક્સપ્રેસ

SUNDAY 27 SEPTEMBER-2026

AHMEDABAD






### ભારતની પ્રથમ LNG ટ્રેન, કવચ, સ્વચાલિત સિગ્નલિંગ, WAG-12 લોકો શેડ અને સાબરમતી-સરખેજના ડબલિંગથી રેલવે સુરક્ષા, ક્ષમતા અને પર્યાવરણ સંરક્ષણને મળશે નવું પરિમાણ

# માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ સાબરમતી ખાતે ₹1,542 કરોડથી વધુની વિવિધ રેલ પરિયોજનાઓનું લોકાર્પણ, શિલાન્યાસ અને શુભારંભ કરશે

અમદાવાદ | માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ દ્વારા 27 સપ્ટેમ્બર 2026ના રોજ સાબરમતી ખાતે 1,542 કરોડથી વધુની વિવિધ મહત્વપૂર્ણ રેલ પરિયોજનાઓનું લોકાર્પણ, શિલાન્યાસ અને શુભારંભ કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, માનનીય સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, માનનીય સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, માનનીય મેયર શ્રી હિતેશભાઈ બારોટ, અમદાવાદ તથા ગાંધીનગર વિસ્તારના માનનીય ધારાસભ્યો સહિત અન્ય ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમમાં WAG-12 સાબરમતી લોકોમોટિવ મેન્ટેનન્સ શેડનું લોકાર્પણ, સાબરમતી-સાણંદ-ભાંડુ મોટીદાઉ તથા સાબરમતી-કલોલ-જખવાડા રેલખંડ પર સ્વચાલિત સિગ્નલિંગ પ્રણાલીનું લોકાર્પણ, સાબરમતી-સરખેજ રેલ લાઈનનું 'ડબલિંગ, અમદાવાદ-પાલનપુર તથા અમદાવાદ-સામાખિયાળી રેલખંડ પર કવચ પ્રણાલીનો શિલાન્યાસ તેમજ WAG-12 ઈલેક્ટ્રિક લોકોમોટિવ અને ભારતની પ્રથમ LNG સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવીને રવાના કરવાનો સમાવેશ થાય છે.

## માનક કવચ પ્રણાલીથી રેલવે સુરક્ષાને મળશે વધુ મજબૂતી

અમદાવાદ મંડળમાં આશરે 411 કરોડના ખર્ચે કુલ 404 કિલોમીટર રેલખંડને સ્વદેશી માનક કવચ (Standard Kavach) પ્રણાલીથી સજ્જ કરવામાં આવી રહ્યો છે. તેમાં અમદાવાદ-પાલનપુર સેક્શનના 157 કિલોમીટર તથા અમદાવાદ-સામાખિયાળી સેક્શનના 247 કિલોમીટર રેલખંડનો સમાવેશ થાય છે.અમદાવાદ-સામાખિયાળી મુખ્ય લાઈન સેક્શનમાં કવચ પ્રણાલીના કમિશનિંગ સાથે બ્લોક સેક્શનમાં આધુનિક સ્વચાલિત ટ્રેન સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ થઈ ગઈ છે. આ પ્રણાલી ટ્રેનો વચ્ચે સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા તેમજ માનવીય ભૂલોના કારણે થતા અકસ્માતોના જોખમને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### કવચના મુખ્ય લાભો

- આમને-સામને થતી ટક્કરના જોખમને ઘટાડવામાં સહાયરૂપ.
- પાછળથી થતી ટક્કરની સંભાવનામાં ઘટાડો.
- નિર્ધારિત ગતિમર્યાદા કરતાં વધુ ઝડપ થાય ત્યારે સુરક્ષા પ્રદાન કરે છે.
- ટ્રેન સંચાલનની સુરક્ષા અને વિશ્વસનીયતામાં વધારો.
- આધુનિક સ્વદેશી ટેક્નોલોજી દ્વારા સુરક્ષિત રેલ સંચાલનને પ્રોત્સાહન.



**સ્વચાલિત બ્લોક સિગ્નલિંગથી રેલ સંચાલનને મળશે નવી ગતિ:** અમદાવાદ મંડળના સાબરમતી-કલોલ-ભાંડુ મોટીદાઉ તથા સાબરમતી-સાણંદ-જખવાડા સેક્શનમાં કુલ 122.57 કિલોમીટર રેલખંડ પર આશરે 118.83 કરોડના ખર્ચે સ્વચાલિત બ્લોક સિગ્નલિંગ (ABS) પ્રણાલીનો પ્રાવધાન કરવામાં આવ્યો છે.આ આધુનિક પ્રણાલી ટ્રેનો વચ્ચે સુરક્ષિત અંતર જાળવવામાં મદદરૂપ થશે તેમજ એક જ રેલમાર્ગ પર વધુ ટ્રેનોનું સુરક્ષિત અને વ્યવસ્થિત સંચાલન શક્ય બનાવશે. આથી સેક્શનની લાઈન ક્ષમતામાં વધારો થશે, સંચાલન વધુ સુચારુ બનશે તથા ટ્રેનોની સમયપાલનમાં સુધારો થશે.

## ભારતીય રેલવેની પ્રથમ LNG ટ્રેન: સ્વચ્છ ઊર્જાની દિશામાં નવીન પહેલ

ભારતીય રેલવેએ સ્વચ્છ, પર્યાવરણને અનુકૂળ તથા કિફાયતી રેલ સંચાલનની દિશામાં મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરતાં પ્રથમ વખત ટ્રેનની ડ્રાઈવિંગ પાવર કાર (DPC) માં LNG આધારિત ફ્યુઅલ સિસ્ટમ સફળતાપૂર્વક અપનાવી છે.સાબરમતી ખાતે આવેલા ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડેપોમાં 1400 HP ક્ષમતા ધરાવતી 02 ટ્રેનોની DPCને ડીઝલ+LNG ડ્યુઅલ ફ્યુઅલ સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવી છે. તેમાં ડીઝલના સ્થાને આશરે 40 ટકા સુધી LNGનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બંને DPC પર 2,000 કિલોમીટરથી વધુનું સફળ ફિલ્ડ ટ્રાયલ પૂર્ણ કરવામાં આવ્યું છે.LNGના ઉપયોગથી ઈંધણના ખર્ચમાં ઘટાડા સાથે CO, NOx તથા પાર્ટિક્યુલેટ મેટર જેવા પ્રદૂષક ઉત્સર્જનને ઘટાડવામાં પણ મદદ મળશે. પરીક્ષણના આંકડા અનુસાર, એક DPCથી આશરે 11.9 લાખ પ્રતિવર્ષ તથા 8-કોચ રેકથી આશરે 23.9 લાખ પ્રતિ વર્ષની બચત શક્ય છે.આ પહેલ ઊર્જા કાર્યક્ષમતા, ઓછા કાર્બન ઉત્સર્જન અને પર્યાવરણને અનુકૂળ રેલ પરિવહનની દિશામાં ભારતીય રેલવેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.


**સાબરમતીમાં ₹700 કરોડનો અત્યાધુનિક WAG-12 જાળવણી શેડ, ઉચ્ચ ક્ષમતાવાળી માલવહન ને મળશે નવો આધાર**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ આવેલા સાબરમતી લોકોમોટિવ શેડને 300 અત્યાધુનિક WAG-12 HHP ઈલેક્ટ્રિક લોકોમોટિવના હોમિંગ તથા જાળવણી માટે આશરે 700 કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યો છે. WAG-12 લોકોમોટિવ આશરે 12,000 HP ક્ષમતા ધરાવતા ઉચ્ચ ક્ષમતાવાળા ઈલેક્ટ્રિક લોકોમોટિવ છે, જે ભારે અને લાંબી માલગાડીઓના સંચાલન માટે મહત્વપૂર્ણ છે.300 WAG-12 લોકોમોટિવની જાળવણી માટે M/s Madhepura Electric Locomotive Private Limited (MELPL) તથા લોકોમોટિવ શેડ, સાબરમતી વચ્ચે મેન્ટેનન્સ સર્વિસ એગ્રીમેન્ટ (MSA) કરવામાં આવ્યું છે. હાલમાં 154 WAG-12 લોકોમોટિવનું હોમ કરવામાં આવ્યું છે તથા વર્ષ 2027-28 સુધીમાં કુલ 300 લોકોમોટિવ પ્રાપ્ત કરવાની યોજના છે.

## માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ 27 સપ્ટેમ્બરે દેશની પ્રથમ LNG સંચાલિત ટ્રેનનો પ્રારંભ કરશે



ભારતીય રેલવેએ કિફાયતી રેલ સંચાલનની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ભારત સરકારના માનનીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ 27 સપ્ટેમ્બર 2026ના રોજ સાબરમતી સ્ટેશનથી દેશની પ્રથમ LNG સંચાલિત ટ્રેનનો પ્રારંભ કરશે.આ પહેલ ભારતીય રેલવેમાં ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોતોના ઉપયોગને પ્રોત્સાહન આપવા તેમજ પરંપરાગત ડીઝલ ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.ભારતીય રેલવેમાં પ્રથમ વખત ટ્રેનના ડ્રાઈવિંગ પાવર કાર (DPC) માં લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) આધારિત ઈંધણ પ્રણાલીને સફળતાપૂર્વક અપનાવવામાં આવી છે. આ ટેક્નોલોજી દ્વારા એક જ એન્જિનમાં LNG અને ડીઝલ બંને ઈંધણનો ઉપયોગ કરી શકાય છે.1400 HPની બે DPCને LNG ઈંધણમાં રૂપાંતરિત કરવામાં આવી: આ પ્રોજેક્ટ અંતર્ગત 1400 HP ક્ષમતા ધરાવતી બે ડ્રાઈવિંગ પાવર કાર (DPC)ને LNG ડ્યુઅલ-ફ્યુઅલ પ્રણાલીમાં રૂપાંતરિત કરવામાં આવી છે.બંને રૂપાંતરિત DPC પર 2,000 કિલોમીટરથી વધુનું સફળ ફિલ્ડ ટ્રાયલ પૂર્ણ કરવામાં આવ્યું છે. ટ્રાયલ દરમિયાન ટેકનોલોજીની કામગીરી તથા વિશ્વસનીયતાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.ઈંધણ ખર્ચમાં થશે બચત : LNG ડ્યુઅલ-ફ્યુઅલ પ્રણાલીના ઉપયોગથી ડીઝલના વપરાશમાં ઘટાડો થવાની સાથે આયાત ખર્ચમાં પણ ઘટાડો થવાની સંભાવના છે. ડીઝલની સરખામણીમાં LNGની કિંમત ઓછી હોવાને કારણે ડીઝલના સ્થાને LNGના આંશિક ઉપયોગથી સંચાલન ખર્ચમાં પણ બચત થશે. પરીક્ષણ દરમિયાન પ્રાપ્ત થયેલા આંકડાઓના આધારે આશરે 25 લાખ પ્રતિ DPC પ્રતિ વર્ષની બચત થવાનો અંદાજ છે.આ રીતે LNG આધારિત ઈંધણ પ્રણાલી ટેકનોલોજીકલ લાભની સાથે રેલવેના સંચાલન ખર્ચમાં ઘટાડો કરવામાં પણ સહાયક બનશે.ડીઝલ અને LNGથી સંચાલનમાં સુવિધા: ડ્યુઅલ-ફ્યુઅલ પ્રણાલીની મુખ્ય વિશેષતા એ છે કે ઈંધણની ઉપલબ્ધતા અનુસાર એન્જિન ડીઝલ અને LNG વચ્ચે સરળતાથી સ્વિચ કરી શકે છે. આથી ઈંધણની ઉપલબ્ધતામાં કોઈ પ્રકારની સમસ્યા ઊભી થાય તો પણ ટ્રેનનું સંચાલન પ્રભાવિત થતું નથી અને સંચાલન માટે બે વિકલ્પ ઉપલબ્ધ રહે છે. એક વખત LNG ભર્યા બાદ ટ્રેન વધુ કિલોમીટર સુધી સંચાલિત થઈ શકે છે.એન્જિનની શક્તિ અને કામગીરીમાં કોઈ કમી નથી : LNG ડ્યુઅલ-ફ્યુઅલ પ્રણાલીને એવી રીતે ડિઝાઈન કરવામાં આવી છે કે પરંપરાગત ડીઝલ એન્જિનની શક્તિ, વિશ્વસનીયતા તથા સંચાલન ક્ષમતા જળવાઈ રહે. આ ટેકનોલોજી દ્વારા ઈંધણની બચત સાથે ટ્રેનની કામગીરી તથા સંચાલનની વિશ્વસનીયતા પણ જાળવી રાખવામાં આવી છે.





## વાડજથી નારણપુરા જવા એરોમા કોલેજ તરફનો કટ ખોલી દેવાયો

અમદાવાદ | અમદાવાદના વાડજ જંક્શન પર ઓવરબ્રિજ ખુલ્લો મુકાયા બાદ વાડજથી નારણપુરા જવા માટેનો બ્રિજન છેડે આવેલો કટ કાયમી બંધ કરી દેવાયો હતો. છેલ્લા બે દિવસથી વાહનચાલકોને નારણપુરા જવા ઉસ્માનપુરા થઈને ફરીને જવું પડતું હતું અને લાંબો ટ્રાફિક થતો હતો. મોડીરાતે પોલીસ અને AMCની ટીમે સંકલન કરીને એરોમા કોલેજ પાસેની કટ ખોલી દીધી છે, જેથી વાહનચાલકો હવે એરોમા કોલેજ થઈને નારણપુરા જઈ શકશે. 24 સપ્ટેમ્બરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વાડજ ઓવરબ્રિજનું લોકાર્પણ કરીને લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. બ્રિજ ખુલ્લો કરતા વાડજ તરફ નારણપુરા જવાની કટ હતી જે બંધ કરવી પડી હતી, જેથી નારણપુરા જતા વાહન ચાલકોએ ઉસ્માનપુરા સિગ્નલ પર ઊભા રહીને ફરીને જવું પડતું હતું.

ટ્રાફિક પોલીસ દ્વારા બે દિવસ સર્વે કરવામાં આવ્યો, ત્યારે ટ્રાફિક ઓછો થાય અને લોકોને સુવિધા મળી રહે તે માટે નારણપુરા જવા નવો વૈકલ્પિક રસ્તો શોધી લેવામાં આવ્યો હતો. એક કટ બંધ કરી તેનાથી 200 મીટર આગળ એરોમા કોલેજ પાસે આવેલી રોડ પરની કટ ખોલવા નિર્ણય કરવામાં આવ્યો હતો. પોલીસ અને AMCના અધિકારીઓ તાત્કાલિક બેઠક કરીને કટ ખોલવા કામગીરી સોંપવામાં આવી હતી. વાડજ બ્રિજ ખોલ્યાના 48 કલાકમાં જ રાતોરાત નવી કટ ખોલીને વાહનચાલકો માટે રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે.

## સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપીને 20 વર્ષની કેદ

અમદાવાદ | અમદાવાદના વટવા પોલીસ મથકે BNS અને પોક્સો એક્ટની કલમ અંતર્ગત 27 વર્ષીય આરોપી કમલેશ ભુરીયા સામે ગુનો નોંધાયો હતો. જેનો કેસ અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતમાં ચાલી જતા જજ એ.બી.ભટ્ટ, સરકારી વકીલ કે.જી.જૈનની દલીલો 14 સાહેદ અને 21 દસ્તાવેજી પુરાવા તપાસીને આરોપીને 20 વર્ષ સખત કેદની સજા ફટકારી છે.

કેસને વિગતે જોતા 2 જૂન, 2024 ના રોજ ફરિયાદી અને તેમની પત્ની મજૂરી કામે ગયા હતા. તેમની 17 વર્ષની સગીર દીકરી વટવા ગામ કડીયાનાકા પાસેથી ગુમ થઈ ગઈ હતી. અમદાવાદ અને વતનમાં શોધખોળ કર્યા બાદ ભાળ ન મળતાં, પિતાએ 7 જૂન, 2024 ના રોજ વટવા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

ભોગ બનનાર અને આરોપી મળી આવતાં તપાસમાં જાણવા મળ્યું કે, આરોપી ભોગ બનનારને લગ્ન કરવાની અને ફરવાની લાલચ આપીને બારેજા, બાવળા તથા પોતાની ફોઈના ઘરે દાહોદ લઈ ગયો હતો. ત્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું.

કોર્ટે નોંધ્યું હતું કે ભોગ બનનાર સગીર વયની હોવાથી કાયદા મુજબ તેની સંમતિ કાયદેસર ગણાતી નથી. વળી, આરોપી પરિણિત હોવાથી તે લગ્ન કરી શકે તેમ ન હતો, છતાં તેણે સગીરાને ફોસલાવીને અપહરણ કર્યું હતું. ભોગ બનનારની જુબાની, ડૉક્ટર સમક્ષ આપેલી મેડિકલ હિસ્ટ્રી અને Crpc ની કલમ 164 મુજબનું મેજિસ્ટ્રેટ સમક્ષનું નિવેદન એકસમાન અને સુસંગત માલૂમ પડ્યા હતા. કોર્ટે સગીરાને 4 લાખ રૂપિયા વળતર ચૂકવવા પણ આદેશ કર્યો છે.

## સ્વતંત્રતા અભિવ્યક્તિ-ગરીબ કલ્યાણ પાર્ટી સામે અમદાવાદ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ

અમદાવાદ | સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટીના 519 કરોડ અને ગરીબ કલ્યાણ પાર્ટીના 206 કરોડથી વધુના બોગસ ડોનેશન કૌભાંડનો પર્દાફાશ થયો છે. જેમાં ઈન્કમટેક્સ વિભાગે તપાસ કરતા ડોનેશન આપનાર લોકોને 8થી 9 ટકા કમિશન કાપી રોકડ પરત કરવામાં આવતી હતી. આઈટી વિભાગે અમદાવાદ સીઆઈડી ક્રાઈમમાં નરોડા ખાતે આવેલી રાજકીય પાર્ટી સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી સહિત તેના હોદ્દેદારો, ટેક્સ કન્સલ્ટન્ટ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સામે રૂ. 519 કરોડના બોગસ ડોનેશન અને રૂ. 155 કરોડથી વધુની ટેક્સ ચોરી બદલ ફરિયાદ નોધાવી છે.

તો નાના ચિલોડા ખાતે આવેલી રાજકીય પાર્ટી ગરીબ કલ્યાણ પાર્ટીના બેંક ખાતાઓ દ્વારા રૂ. 206 કરોડથી વધુનું બોગસ ડોનેશન દર્શાવીને 62 કરોડથી વધુની ટેક્સ ચોરી કરાવવાનું સામે આવતા સી. આઈ.ડી. ક્રાઈમ ખાતે પાર્ટીના પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી અને 3 સીએ સહિત 9 સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ઈન્કમટેક્સ વિભાગની તપાસમાં બહાર આવ્યું છે કે આ રાજકીય પક્ષનો હેતુ કોઈ ચૂંટણી લડવાનો કે રાજકીય પ્રવૃત્તિ કરવાનો નહોતો, પરંતુ માત્ર કમિશન કમાવવાનો હતો. દેશના મોટા કરદાતાઓ પાસેથી ચેક કે RTGS મારફતે દાન મેળવી તેમને આવકવેરા કાયદાની કલમ હેઠળ 100 ટકા ટેક્સ કપાત મેળવવા માટે બોગસ રસીદો અપાતી હતી. ત્યારબાદ આ નાણાં 'જય ટ્રેડિંગ કંપની' નામની બોગસ શેલ કંપનીઓમાં ટ્રાન્સફર કરી, 8થી 9 ટકા જેટલું કમિશન કાપીને બાકીના નાણાં કરદાતાઓને રોકડા પરત કરી દેવાતા હતા. CA મયુરસિંહ રાઠોડ દ્વારા હિસાબોની કોઈ પણ ચકાસણી કર્યા વિના ખોટા કન્ટ્રીબ્યુશન રિપોર્ટ તૈયાર કરી, ડિજિટલ સાઈન કરીને ખોટો ઓડિટ ટ્રેલ ઉભો કરી ઈન્કમટેક્સ પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભારતના ચૂંટણી પંચ સમક્ષ પણ દાન અંગેનો ખોટો અહેવાલ રજૂ કરાયો હતો. આ સમગ્ર કૌભાંડ દ્વારા કરદાતાઓને ટેક્સ મુક્તિ અપાવીને આશરે રૂ. 155 કરોડની કરચોરી કરીને સરકારી તિજોરીને નુકસાન પહોચાડ્યું હતું. આટલું જ નહી જમા થયેલા રૂપિયા અન્ય કૌભાંડ સાથે પણ લિંક હોવાની શક્યતા છે. આ અંગે ઈન્કમટેક્ષ વિભાગના આસિસ્ટન્ટ ડાયરેકટર મુકતેન્દ્રકુમારે સ્વતંત્રતા અભિવ્યક્તિ પાર્ટી, પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેન્દ્ર તિવારી, ટેક્સ કન્સલટન્ટ પાટણના મેહુલકુમાર ખત્રી અને સીએ મયુરસિંહ ચંદનસિંહ રાઠોડ સામે અમદાવાદ સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

ઈન્કમટેક્ષ વિભાગના આસિસ્ટન્ટ ડાયરેક્ટર યતીશ કાલેને ઈન્કમટેક્ષના ડેટા પર માહિતી મળી હતી કે ગરીબ કલ્યાણ પાર્ટી દ્વારા ખોટા ડોનેશન મેળવવામાં આવે છે. તેના આધારે તપાસ કરતા ગરીબ કલ્યાણ પાર્ટીનો હેતુ કોઈ રાજકીય પ્રવૃત્તિ કરવાનો કે ચૂંટણી લડવાનો હતો જ નહીં, પરંતુ માત્ર કમિશન કમાવવાનો હતો. દેશના મોટા કરદાતાઓ પાસેથી ચેક કે RTGS મારફતે દાન મેળવી તેમને આવકવેરા કાયદાની કલમ હેઠળ 100 ટકા ટેક્સ મુક્તિ મેળવવા માટે બોગસ રસીદો આપવામાં આવતી હતી.`

## 'સરકાર ઓલિમ્પિક લાવવાની વાતો કરે છે, ત્યારે નિર્ણાયકો ક્યાંથી આવશે' : 3 શાળા દીઠ એક વ્યાયામ શિક્ષકની માંગ, શિક્ષણમંત્રી સાથે બેઠકમાં રાજ્ય શાળા સંચાલક મહામંડળે 6 પડતર પ્રશ્ન રજૂ કર્યાં

અમદાવાદ | રાજ્ય શાળા સંચાલક મહામંડળની શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા સાથે બેઠક મળી હતી. શાળાઓના પડતર પ્રશ્નોને લઈને મળેલી બેઠકમાં અધિક શિક્ષણ સચિવ, કમિશનર ઓફ સ્કુલ, શિક્ષણ વિભાગ અને બોર્ડના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. ગ્રાન્ટેડ શાળાઓનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે મહામંડળ દ્વારા પડતર પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે માંગ કરી છે. નિભાવ ગ્રાન્ટ વધારવા, ફીના સ્લેબમાં વધારો કરવા, ક્લાર્ક પટ્ટાવાળાની ભરતી કરવા, સરાસરી હાજરીના નિયમમાં ફેરફાર કરવા, ગ્રંથપાલ અને જ્ઞાન સહાયકની તાત્કાલિક ભરતી કરવા રજૂઆત કરવામાં આવી છે.

તેમજ આગામી 2030માં કોમનવેલ્થ ગુજરાતમાં યોજાવાની છે. પરંતુ કોમનવેલ્થ ગેમ્સમાં ગુજરાતનું ગૌરવ વધારી શકે તેવા ખેલાડીઓને તૈયાર કરવા માટે વ્યાયામ શિક્ષકો જ ન હોવાનો મુદ્દે બેઠકમાં ઉઠ્યો હતો. ગુજરાતની શાળાઓમાં આંગળીના ટેરવે ગણાય એટલા જ વ્યાયામ શિક્ષકો હોવાની રાજ્ય શાળા સંચાલક મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. કોમનવેલ્થ કે ઓલમ્પિક જેવી રમત માટે ખેલાડીઓ તૈયાર કરવા હોય તો ત્રણ શાળા દીઠ એક વ્યાયામ શિક્ષક આપવા માટે શિક્ષણ મંત્રી પાસે માંગ કરવામાં આવી છે.

રાજ્ય શાળા સંચાલક મહામંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે, 6 જેટલા પડતર પ્રશ્નો ચર્ચામાં લેવામાં આવ્યા હતા. નિભાવ ગ્રાન્ટ વધારવા અને ફી વિકલ્પવાળી શાળાઓમાં ફી વધારવા માટે ચર્ચા કરવામાં આવી હતી. 2017થી ફી વધી નથી જેથી 9 વર્ષની મોંઘવારીના ધ્યાને લઈને નિભાવ ગ્રાન્ટ 3 હજાર છે જેના બદલે વર્ગદીઠ 6 હજાર રૂપિયા શાળાઓને આપવા જોઈએ તેની રજૂઆત કરવામાં આવી છે. માસિક શિક્ષણ ફી છે તે પણ ડબલ કરવા માટેની રજૂઆત કરવામાં આવી છે. ક્લાર્ક અને પટ્ટાવાળાની ભરતી અને સંદર્ભે પણ ચર્ચા કરવામાં આવી છે. પ્રથમ સત્ર પૂરું થયું તે બાદ પણ ઘણી શાળાઓમાં જ્ઞાન સહાયક ન આવવાથી ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં જગ્યાઓ ખાલી પડી છે તેને ભરવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે. રાજ્યભરમાં 3900 જેટલી જગ્યાઓ ગ્રંથ પાલની ખાલી પડી છે. જેથી તેની પણ ભરતી વહેલીતકે કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં પ્રયોગ શાળાના શિક્ષકોની ચર્ચા કરવામાં આવી છે. પ્રયોગ શાળાના શિક્ષકોની વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ગણતરી કરવામાં આવતી હતી.

જેથી અમે વિદ્યાર્થીઓની સંખ્યાના બદલે પ્રયોગ શાળાના શિક્ષકોની રેગ્યુલર કેડરમાં ગણી ભરતી કરવા માટે રજૂઆત કરવામાં આવી છે. અગાઉ નિયમ એવો હતો કે શહેરમાં એક વર્ગમાં 36 વિદ્યાર્થીઓ હોય તો 80 ટકા હાજરી ગણવામાં આવતી હતી. જેથી જો 28 વિદ્યાર્થી હોય તો તે વર્ગ ચાલુ રહેતો હતો તેમજ ગ્રાન્ટ મળતી હતી. હવે એક બાળક ઘટે તો પણ વર્ગ બંધ કરવામાં આવી રહ્યા છે.

## ચાંદખેડામાં પતિની પત્ની સામે કાળાજાદૂની ફરિયાદ : લગ્ન બાદ તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવ્યાનો આક્ષેપ

અમદાવાદ | ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકે પોતાની પત્ની તપસ્યા 6 લોકો વિરુદ્ધ વિશ્વાસઘાત તથા કાળાજાદૂની ફરિયાદ નોંધાવી છે. યુવકના વર્ષ 2025માં મહારાષ્ટ્રમાં રહેતી યુવતી સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પત્નીએ કાવતરાના ભાગરૂપે લગ્ન કર્યા હોવાની અને તાંત્રિક વિધિના નામે રૂપિયા પડાવવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ચાંદખેડા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ચાંદખેડામાં રહેતા 26 વર્ષીય અર્જુન રાજપૂતે ફરિયાદ નોંધાવી છે કે, લગ્ન બાદ તપસ્યા અવારનવાર અર્જુન પાસેથી રૂપિયા માગતી હતી અને પૈસા ન આપે તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતી હતી. તપાસ્યા અર્જુનને અપમાનજનક વાતો કહી માનસિક ત્રાસ આપતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. તપસ્યાએ અર્જુનને જણાવ્યું હતું કે, તેના અનેક યુવકો સાથે પ્રેમસંબંધ છે અને અર્જુનને કાળા જાદૂથી થોડા સમય માટે પોતાના જીવનમાં લાવવામાં આવ્યો છે. તપસ્યાએ તેના મોબાઈલમાં તાંત્રિકોના




ફોટોગ્રાફ્સ બતાવ્યા હતા અને તેની મુલાકાત બે તાંત્રિક સાથે કરાવી હતી. ત્યારબાદ તપસ્યાએ તેની માતા સાથે મળીને અર્જુન સાથે વીડિયો કોલ કર્યો હતો, જેમાં તેના પર તાંત્રિક વિધિ કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. શ્રદ્ધા શર્મા નામની મહિલા તાંત્રિકે અર્જુન ઉપર બે વખત વિધિ કરી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે.